RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

## માસિક પત્રિકા

Issue : 11, Year : 66, February, 2020, Pages : 60, Price Rs. 7.00





આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# *Congratulations...*




## Mr. Suraj B. Mehta
**(MBA Financial Analysis)**

**Son of Mrs. Jharna Bhupendra Mehta &**
**Mr. Bhupendra Jayantilal Mehta,**
Presently resident in Borivali, Mumbai
**Graduated in December,2019**
With a distinction in **MBA in Business Administration**
concentration in **Financial Analysis**
**From the University of New Haven,**
**Connecticut, USA**
We are proud of our son completing his graduation
We bless him with all the success in life
**Mrs. Jharna Bhupendra Mehta**
**Mr. Bhupendra Jayantilal Mehta & Family**.

Contact:
**India: +919870355561**
**USA: +1(954)4878183, +1(203)9099552**
**WhatsApp: +919870355568/62**
**Email: suraj.mehta45.sm@gmail.com, bhupendramehta29@gmail.com**

Advt.

# NIRAV BHUPENDRA KHANDHAR

## BIO DATA



**ABOUT ME :** I AM A SPORTSPERSON, PHILOSOPHER AM EMPATHETIC AND ATTENTIVE LISTENER AM INQUISITIVE AND CURIOUS OF THINGS THAT EXCITE ME OCCUPATION (BUSINESS)

DETAILS

| | |
|---|---|
| **DATE/PLACE OF BIRTH** | : 18TH MARCH 1990 IN MUMBAI |
| **TIME OF BIRTH** | : 11:20PM |
| **HEIGHT** | : 5′ 9″ |
| **CASTE** | : STHANAKVASI JAIN DASHA SHRIMALI |
| **NATIVE PLACE** | : CHOTILA |
| **HOBBIES** | : DANCING, PLAYING CRICKET,<br>TABLE TENNIS, MOVIES |

| | |
|---|---|
| **CONTACT DETAILS** | : 402/A TEJAL APARTMENT, SHIMPOLI ROAD,<br>BORIVALI WEST, MUMBAI 400 092. |
| **MOBILE No.** | : +91 8080 45 2424, T:. +9122 -28991831 |
| **E-MAIL** | : niravb.khandhar@gmail.com |
| **OCCUPATION**<br>(BUSINESS) | : **EHARA INDUSTRIES** (MANUFACTURING UNIT)<br>94 AB, KANDIVALI CO-OP. INDUSTRIAL ESTATE,<br>CHARKOP, KANDIVALI (W), MUMBAI 400 067. |
| | **CROWN AUTO TRADERS** (MANUFACTURING UNIT)<br>(MANUFACTURING OF AUTOMOTIVE PARTS<br>VENDOR OF MAHINDRA & MAHINDRA LTD.)<br>C/26, BONANZA IND. ESTATE, ASHOK CHAKRAVARTI ROAD,<br>KANDIVALI (E). MUMBAI 400 101 |
| **EDUCATION** | : D. J. SANGHVI COLLEGE OF ENGINEERING<br>BE IN ELECTRONICS |

## FAMILY DETAILS

| | |
|---|---|
| **PATERNAL GRAND** | : LATE SHRI AMRUTLAL JEEVRAJ KHANDHAR |
| **PARENTS** | LATE SMT. PUSHPABEN AMRUTLAL KHANDHAR |
| **MATERNAL GRAND** | : LATE SHRI KESHAVLAL SOMCHAND SHAH (LAKHTAR) |
| **PARENTS** | LATE SMT. ZAVERIBEN KESHAVLAL SHAH |
| **FATHER** | : LATE SHRI BHUPENDRA AMRUTLAL KHANDHAR |
| **MOTHER** | SMT. MINAXI BHUPENDRA KHANDHAR (HOMEMAKER) |
| **ELDER SISTER** | : SMT. BIJAL HIMANSHU SHAH |
| **BROTHER IN LAW** | : SHRI HIMANSHU PRAVINCHANDRA SHAH |
| **FAIBA** | : PUJYA NAINABAI MAHASATIJI (LIMBI AJRAMAR SAMPRADAI)<br>SHISHYA OF PARAM PUJYA HANSABAI MAHASATIJI |
| **UNCLES** | : LATE SHRI KISHORBHAI AMRUTLAL KHANDHAR<br>SHRI VINITBHAI AMRUTLAL KHANDHAR<br>SHRI ASHWINBHAI AMRUTLAL KHANDHAR |

Advt.

## BIO DATA

# *URMI KIRTIKANT SHAH*



### *PERSONAL DETAILS*


| | | |
|---|---|---|
| DATE OF BIRTH | : | 24th AUGUST, 1989, 10.35 pm |
| STATUS | : | DIVORCEE (5 MONTHS) |
| HIGHT | : | 5'3", 63 kgs |
| BIRTH PLACE | : | GHATKOPAR, MUMBAI |
| NATIVE PLACE | : | WADHWAN CITY, SAURASHTRA |
| RELIGION | : | ZALAWADI VISHA SHRIMALI STHANAKWASI JAIN |
| EDUCATION | : | GRADUATE IN COMMERCE FROM SOMAIYA COLLEGE<br>H.R.M, 1 YR. DIPLOMA COURSE FROM WELLINGKER INS. |
| ADDRESS | : | 1) GHATKOPAR A/8, HITESH APT, GARDEN LANE, SANGHANI - ESTATE (UNDER RE - DEVELOPMENT)<br>2) DOMBIVLI A-10,103/203/204,SHANKHESHWAR NAGAR, SAGAON OPP. SHANI MANDIR, MANPAD ROAD, DOMBIVLI EAST, THANE - 421201 |

### FAMILY DETAILS

| | | | |
|---|---|---|---|
| GRAND PARENTS | : | Late. ARUTLAL PADAMSHI SHAH<br>Late. MOTIBEN AMRUTLAL | |
| PARENTS | : | KIRTIKANT AMRUTLAL SHAH<br>NAYNABEN KIRTIKANT SHAH | (9323070343)<br>(8097238090) |
| BROTHER (ELDER) | : | KALPESH KIRTIKANT SHAH<br>ADITYA ISOLATOR INDUSTRIES PVT. LTD. | (9867491111) |
| SISTER IN LAW | : | MAYA KALPESH SHAH<br>FRENCHISEE OWNER OF SMART KIDS CREATION MONTESSORI | (9987085858) |
| PATERNAL UNCLES | : | 1. Late. NAVEEN BHAI AMRUTLAL SHAH (GHATKOPAR)<br>NEELESH NAVEEN BHAI SHAH<br>2. DINESH BHAI AMRUTLAL SHAH<br>DOMBIVLI | <br>(9322228236)<br>(9221910892) |
| MATERNAL UNCLE | : | DILIPBHAI JAGJIVANDAS SHAH, MULUND (9821056407) | |
| FAIBA AND FUAA | : | 1. JASUMATI BEN NAVINCHANDRA DOSHI (RAJKOT)<br>2. NALINIBEN RAMESHCHANDRA DOSHI (AHEMDABAD )<br>SHOBHANABEN BIPINCHANDRA SHAH (SURENDRA NAGAR) | 09687848200<br>09408687835<br>09879481059 |

**Contact WhatsApp No. : 7977594114**

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ફેબ્રુઆરી–૨૦૨૦
વર્ષ : ૬૬ : : અંક : ૧૧
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન), પહેલે માળે,
ચીરાબજાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.
ટેલિફોન:૨૨૦૧૨૮૭૦, ૨૨૦૦૦૦૯૭
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૪૦૦૩૨૪૯૬
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણ વર્ષના રૂપિયા ૪૦૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
બપોરના ૧૨–૦૦ થી સાંજના ૫–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# વસંતના આગમને...

સુગંધ પૂછે ઝાકળ સાથે ઘડીક રમું હું બ્હાર ?
કળી કહે કે થોભ જરા હું ખોલી નાંખું દ્વાર.

પરોઢની પાંપણમાં સળવળ ફૂલગુલાબી પ્હાની,
હોઠે વ્હેતું પ્રભાતિયું ને હિંચકો નાખે નાની.

બધાં જ પુષ્પો મ્હેકી એને વ્હાલ કરે છે આમ,
આ તો સૂરજનો બાબો છે કિરણ એનું નામ.

તારાઓમાં પીંછી બોળી ચીતર્યું આખ્ખી રાત,
રંગબિરંગી પાંખો પ્હેરી નીકળી પડ્યું પ્રભાત......!!!

**–કૃષ્ણ દવે**




# સત્તાવન સેન્ટ

☐ શાંતિલાલ ડગલી

**એ**ક નાના દેવળ પાસે ડૂસકાં ભરતી એક બાળા ઊભી હતી. ''અંદર હવે જગ્યા નથી,'' એમ કહીને તેને દેવળમાં આવવા દીધી નહોતી.

થોડી વારમાં વડા પાદરી એની પાસેથી પસાર થયા ત્યારે એને ડૂસકાં ભરતી જોઈને કારણ પૂછ્યું, તો તેણે કહ્યું : ''મને દેવળની રવિવારની પાઠશાળામાં જવા દેતા નથી.'' એ લઘરવઘર અને મેલીઘેલી છોકરી પ્રત્યે એમને કરુણા ઊપજી. હાથ પકડીને વડા પાદરી એને અંદર લઈ ગયા અને બીજાં બાળકો સાથે તેને રવિવારની પાઠશાળામાં બેસાડી. છોકરીના આનંદનો પાર ન રહ્યો. એ છોકરી સૌને એટલી વહાલી લાગી કે તેને બીજી છોકરીઓ સાથે રૂમમાં રહેવા-સૂવાની સગવડ કરી આપી. રાતે તેણે સરસ ઊંઘ લીધી. પણ જે બાળકોને ભગવાનને ભજવાની આવી સગવડ નથી મળતી એ બાળકો એને સૂતાં પહેલાં બહુ યાદ આવ્યાં.



એ છોકરીનાં મા-બાપ તો ઝૂંપડપટ્ટીમાં રહેતાં હતાં, એટલે બીજે દિવસે એ એમની પાસે ચાલી ગઈ, પણ દેવળની રવિવારની પાઠશાળામાં હવે એ નિયમિત જતી હતી.

બેએક વરસ પછી એક દિવસ એ છોકરીનું શબ ગરીબો માટેની વસાહતના એક મકાનમાં પડેલું જોવા મળ્યું. એની અંતિમક્રિયામાં મદદરૂપ થવા મા-બાપે એના દોસ્ત બની ગયેલા પેલા વડા પાદરીને બોલાવ્યા. એમણે આવીને છોકરીના શબને સરખી રીતે મૂકવા ઉપાડ્યું. તો ચીંથરેહાલ એક નાનો બટવો એની નીચે પડેલો જોયો. કોઈ ઉકરડામાંથી તેને આ બટવો મળ્યો હશે એવો લાગતો હતો. એ બટવામાં ૫૭ સેન્ટ હતા અને સાથે એક ચબરખી હતી. બાળકના જેવા ગરબડિયા અક્ષરવાળી એ ચબરખીમાં લખ્યું હતું : ''વધુ બાળકો સમાઈ શકે એવી મોટી પાઠશાળા બાંધવામાં કામ આવે એ માટે આ પૈસા છે; દેવળમાં આપી દેવાના છે.''

પાઠશાળા પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને એ છોકરીએ બે વરસમાં આટલી બચત કેવી રીતે કરી હશે તેના વિચારથી વડા પાદરી દ્રવિત થઈ ગયા.

દેવળના વિસ્તારના લોકોના સુખચેન માટે ખેવના રાખતા સુખી શુભેચ્છકોની તેમણે બીજે દિવસે મિટિંગ બોલાવી. પેલો બટવો અને પેલી ચબરખી ટેબલ પર મૂકીને તેમણે વાત શરૂ કરી. એ છોકરીના નિઃસ્વાર્થ પ્રેમ અને ભક્તિભાવ વિશેની આખી કથા કહી અને પાઠશાળા માટે વધુ મોટું મકાન બાંધવા ભંડોળ ભેગું કરવા કમર કસવા અપીલ કરી.

સ્થાનિક છાપાંમાં આ આખી વાત સારી રીતે પ્રસિદ્ધ થઈ. એક ધનિકના વાંચવામાં એ આવી. તેમણે લાખો રૂપિયાની કિંમતની ગણાય એવી જમીન બહુ ઓછી રકમ લઈને આપવા ઑફર કરી. દેવળના સંચાલકોએ એમને જણાવ્યું કે ''આટલી રકમ પણ દેવળ આપી શકે તેમ નથી.'' તો, પેલા ધનિકે કહ્યું : ''આ આખી જમીન દેવળને ૫૭ સેંટમાં જ આપી દેવા તૈયાર છું.''

જમીન તો મળી. હવે મકાન બાંધવા પૈસા જોઈએ ને ! નિઃસ્વાર્થ પ્રેમથી પેલી નાની છોકરી જે દાન આપતી ગઈ હતી તેણે ચમત્કાર સર્જ્યો. દાનનો ધોધ વરસવા માંડ્યો. એ છોકરીના અરધા ડૉલર જેટલા દાનની રકમ વધીને અઢી કરોડ ડૉલર જેટલી થઈ ગઈ. વીસમી સદીના આરંભકાળની આ વાત છે. એટલે એ જમાનામાં તો આ રકમ ઘણીબધી મોટી ગણાય.


અમેરિકાના વિખ્યાત શહેર ફિલાડેલ્ફિયાની આ બધી કથા છે. રવિવારની સવારની પાઠશાળાનું મજાનું મોટું મકાન તો થયું જ. એ ઉપરાંત, ત્રણ હજાર લોકો બેસી શકે એવું મોટું દેવળનું મકાન બન્યું. એક સરસ હૉસ્પિટલ પણ થઈ અને હજારો વિદ્યાર્થીઓ ભણી શકે એવી વિખ્યાત ટેમ્પલ યુનિવર્સિટી પણ ઊભી થઈ.

પાઠશાળાના મકાનના એક ઓરડામાં પેલી નાની છોકરીની તસવીર મૂકવામાં આવી છે. સાથે પેલા કરુણામૂર્તિ વડા પાદરીની પણ.

✱✱✱

*શાહ અશરફ અલી સંત સ્વભાવના હતા. એકવાર તેઓ સહરાનપુરથી લખનઉ ટ્રેનમાં જતા હતા અને તેમની પાસે નિર્ધારિત વજન કરતાં વધારે સામાન હતો. એટલે તેમણે સાથેની વ્યક્તિને કહ્યું, 'જેટલો વધારે સામાન છે તેનો નિયમ મુજબ ચાર્જ ચૂકવી દો.' પાસે જ ગાર્ડ ઊભો હતો અને તે શાહને ઓળખતો હતો. ગાર્ડ કહે : 'ચાર્જ આપવાની કોઈ જરૂર નથી, હું સાથે જ છું.' શાહ કહે : 'તું ક્યાં સુધી સાથે આવીશ ?' ગાર્ડ કહે : 'હું બરેલી સુધી છું અને પછી જે ગાર્ડ આવશે તેને પણ કહી દઈશ, તે લખનઉ સુધી હશે.' શાહ કહે : 'અને પછી ?' ગાર્ડ સમજ્યો નહીં. એટલે શાહ હસતાં હસતાં કહે : 'ભાઈ, જિંદગીની સફર ઘણી લાંબી છે. તે તો ખુદા પાસે પહોંચીને જ સમાપ્ત થશે. તારી થોડી હમદર્દીથી લાલચમાં પડી જાઉં અને ઈમાન ખોઈ બેસું તો તેની સજા તો ભોગવવી જ પડશે. ખુદા પાસે કોણ બચાવશે ?'*

# નથી



☐ મોહમ્મદ માંકડ

કાન્તિ શેરીનું નાકુ વળ્યો. એના પગ ભારે થઈ ગયા હતા. શેરી પરિચિત હતી, છતાં અપરિચિત હતી. ઘણાં વર્ષો પછી પોતાના વતનમાં એ આવ્યો હતો. એક નજર સામા છેડા સુધી કરી લીધી. છોકરાઓ શેરીમાં રમતા હતા, પગ ચાલતા હતા. માથું જાણે ભારે લાગ્યું. અંદર કાંઈક વજન મુકાઈ રહ્યું હોય તેમ લાગવા માંડ્યું. થોડાં ડગલાં ચાલ્યો. એકાએક એની બાજુમાં થઈને એક પથ્થર સમ્‌મ્ દઈને પસાર થયો અને પાણીના ખાબોચિયામાં જઈને પડ્યો. એનાં કપડાં ઉપર પાણીના છાંટા ઊડ્યા.

''મારા રોયા, એમ ઘા કરાય ?''

પાછળથી એક સ્ત્રીનો અવાજ આવ્યો. કાન્તિએ પાછા ફરીને જોયું નહિ, પણ એ અવાજે જેને ઠપકો આપ્યો હતો એ નાગાપૂગા છોકરા સામે જોયું. કાન્તિ સામે એ સહેજ ભયથી જોઈ રહ્યો હતો. કોનો છોકરો હશે ? લાલજી મોચીનો હોઈ શકે. અથવા તો પરસોતમ સુતારનો, દરજીનો-કાન્તિને થયું, શેરીમાં કોઈ નવું રહેવા આવ્યું હોય એવું પણ બને અથવા તો લાલજી મોચીના છોકરાનો પણ આવડો છોકરો હોઈ શકે... પગનું વજન ઉપાડીને એ ચાલવા લાગ્યો.

માંડ-માંડ ઘર આવ્યું. ઘર શેરીની અધવચ્ચે હતું. શેરી ઘણી લાંબી હતી. કાન્તિ નાનો હતો ત્યારે એને એમ લાગતું હતું કે શેરી ઘણી લાંબી હતી. 'ભગવાન કોલ્ડ્રિંક હાઉસ'માંથી બરફ લઈ ને દોડાદોડ એ ઘેર પહોંચતો તોય બા એને ઠપકો આપતી. બરફનો ગાંગડો લાવ્યો છો કે ગાંગડી... ? આજે પણ શેરી એને ઘણી લાંબી લાગી.

ઘર ખોલ્યું, બૅગ નીચે મૂકીને બારણાને હાથથી ધક્કો માર્યો ત્યારે એમ લાગ્યું કે હાથ ભારે થઈ ગયો હતો. હાથનું વજન એને લાગતું હતું. હાથ, પગ, માથું-આખું શરીર ભારે-ભારે થઈ ગયું હતું. સામે ઓસરીની કોરે બા ઊભી હતી. મધુરું-મધુરું હસતી હતી. કાન્તિને થયું બા શરીરમાંથી ભાર લઈ લે તો કેવું સારું ! કાન્તિ ઘેર આવતો ત્યારે બા એનાં દુખણાં લેતી. હાથમાંથી બૅગ લઈ લેતી. બે-ચાર એવા શબ્દો બોલતી કે કાન્તિનો બધો ભાર ઊતરી જતો. કાન્તિ ઓસરીની કોરે પહોંચ્યો. શરીર જાણે ગળી પડતું હતું. એક હાથમાં બૅગ હતી, બીજા હાથમાં બે થેલી હતી. બૅગ અને થેલી ઓસરીની કોરે મૂકીને કાન્તિ બાજુમાં બેસી ગયો. ઠીક વાર સુધી કાન્તિ બેસી રહ્યો.

ઘર ઉગમણા બારનું હતું. ધૂળિયું હતું. મોટું ફળિયું હતું. ડાબા હાથ તરફ રસોડું હતું.



ગારમાટીનું ચણતર, જમણા હાથ તરફની ભીંત પડી ગઈ હતી. આ ઘરમાં કાન્તિનો જન્મ થયો હતો. આ ફળિયામાં એ ભમરડો ફેરવતાં શીખ્યો હતો. ઓસરીમાંથી ગારનાં પોડાં ઉખાડીને છાનામાનાં ખાઈ લેતો, બા રસોડામાં હોય ત્યારે–

અત્યારે પણ બા રસોડામાં ચાલી ગઈ હોય એમ લાગ્યું. બહાર નહોતી. રસોડામાં ગઈ હશે. થોડી વાર પછી પાણી લઈને આવશે. એક ક્ષણ કાન્તિને થયું, બાને રીસ તો નહિ ચડી હોય ને ?

ના, નહિ જ ચડી હોય અને ચડી હશે તો તરત જ ઊતરી જશે. બાને ઘણી વાર રીસ ચડી જતી પણ પછી તરત જ ઊતરી જતી.

એક વાર એ પથ્થરથી નિશાન તાકતો હતો. દસ-અગિયાર વરસનો હશે. બહુ અનાડી હતો. બા વાસણ ધોતી હતી. પથ્થર એની પાસે જઈને પડ્યો. બા ખિજાઈ, ''હમણાં વાગી જાત. આખો દિવસ તોફાન સિવાય બીજું...'' પણ એ પૂરું બોલી રહે તે પહેલાં બીજો પથ્થર છૂટી ચૂક્યો હતો. બાની આંખ પાસે જઈ વાગ્યો. બાના મોમાંથી નાનકડી ચીસ નીકળી ગઈ, આંખ ઉપર એણે હાથ દાબી દીધો. ઓટલા ઉપર પાડોશી કંચનમાસી બેઠાં હતાં. દોડીને એ બા પાસે ગયાં. આંખ પાસેથી લોહી વહેતું હતું. ''હાય, હાય, આંખ ફૂટી ગઈ કે શું ?'' કંચનમાસી બોલી ગયાં. કાન્તિને પાછળથી ખબર પડી કે બાની આંખ ફૂટી ગઈ નહોતી. પણ એ વખતે બાનો લોહીવાળો હાથ, લોહીવાળો ચહેરો, કંચનમાસીના શબ્દો, બધું જોયું ન જોયું, સાંભળ્યું ના સાંભળ્યું, ને દોડીને એ ઘર બહાર ભાગી છૂટ્યો.

હરજીવન મિસ્ત્રીના ખાંચામાં સંતાઈને બેઠો હતો ત્યાંથી અંધારું થયું ત્યારે મોટો એણે પરાણે ઘેર લઈ ગયો - મોટો એટલે એનો મોટો ભાઈ, હિંમત. બાની આંખ ફૂટી ગઈ નહોતી. મોટો એને શોધી-શોધીને થાકી ગયો હતો. ઠેઠ ગઢકા સુધી જઈ આવ્યો હતો. બાને એણે કહ્યું હતું, ''એની મેળે થાકીને ઘેર આવશે. તું નકામી

ચિંતા શા માટે કરે છે?'' પણ બાએ એક જ વાત પકડી રાખી હતી, ''કાન્તિને ઘેર લઈ આવ્યા પછી જ હું ખાઈશ.''

ત્યારથી કાન્તિને ખાતરી થઈ ગઈ હતી : બા ખિજાઈ જતી હતી. એને રીસ ચડી જતી હતી, પણ બહુ જલદીથી એની રીસ ઊતરી જતી હતી.

અને કંચનમાસી તે દિવસે પોટલું આપી ગયાં ને રમાની હાજરીમાં એણે એ ખોલ્યું - અને એમાંથી પૈસા નીકળ્યા; ત્યારે પણ એને લાગ્યું હતું કે, બાને રીસ ચડતી નહોતી. કેવું બની ગયું હતું! દુ:ખના સબાકા જેવો એક વિચાર મગજની આરપાર નીકળી ગયો હતો - કેવું બની ગયું હતું! કોઈ પણ માણસને રીસ ચડી જાય...પણ બાને... રીસ ચડી નહોતી. બાને રીસ ચડતી જ નહોતી અને ચડતી તો તરત જ ઊતરી જતી.

માથા ઉપર એણે હાથ ફેરવ્યો અને મોં સહેજ ફેરવ્યું. ખુલ્લા બારણામાંથી આવીને ત્રણ છોકરા ફળિયામાં ઊભા હતા અને એક છોકરી બારણા વચ્ચે આવીને અટકી ગઈ હતી. છોકરાઓ સામે એણે જોયું, બે છોકરાએ ચડ્ડી પહેરી હતી, એકે પહેરી નહોતી.

ઉઘાડા બારણા સામે કાન્તિ થોડી વાર જોઈ રહ્યો. બારણામાં ઊભેલી છોકરી એક બાજુ લપાઈ ગઈ. સારું થયું, નહિ તો હમણાં કંચનમાસી આવત ત્યારે એને આઘી ખસેડી મૂકત. અત્યાર સુધી કંચનમાસી ન આવ્યાં એ નવાઈ કહેવાય. કાન્તિ અમદાવાદથી ગમે ત્યારે ઘેર આવે, પાડોશીમાંથી સૌ પહેલાં કંચનમાસી જ આવી પહોંચતાં, ''કાં પારવતીબેન, કાન્તિ આવી ગયો ને? તમે નકામી એની ઉપાધિ કર્યા કરો છો!'' અને કાન્તિને એ પૂછતાં, ''શરીર તો સારું છે ને, ભાઈ? તારી બાને કાગળ ટેમસર લખતો હો તો? બિચારાં લોહવાટ કરીને અડધાં થઈ જાય છે.''

કાન્તિએ માથા ઉપર ફરીથી હાથ ફેરવ્યો. કોઈ જાણે કેમ એને લાગ્યું કે એના વાળ ધોળા થઈ ગયા હતા (અરીસામાં જોયેલ પોતાના ચહેરાની સ્મૃતિઓ ઊભરી આવી હશે), ફળિયામાં ઊભેલા છોકરાઓ એના લુખ્ખા ધોળા વાળ સામે જોઈ રહ્યા હતા. 'છોકરાઓ, શું તાકી રહ્યા છો?' એને કહેવાનું મન થઈ ગયું. 'વાળ ધોળા થઈ જાય - હું કાંઈ જુવાન નથી, પિસ્તાળીસ વટાવી ગયો છું.'

ચડ્ડી પહેરીને ઊભા હતા એ બંને છોકરા ખોડા દરજીના હોય એમ એને લાગ્યું. અણસાર ઉપરથી અને ખાસ તો કપડાના ટુકડાઓમાંથી સીવેલી ટૂંકી ચડ્ડીઓ ઉપરથી એમ લાગતું હતું. બંનેની ઉંમરમાં ખાસ ફેર લાગતો નહોતો.

એમ તો મોટાની અને કાન્તિની ઉંમરમાં પણ બહુ ફેર નહોતો અને બંને નાના હતા ત્યારે ખોડા દરજી પાસે જ ચડ્ડીઓ સીવડાવતા હતા. પછી અંદરોઅંદર બંને ઝઘડતા હતા. એકેય ચડ્ડી એકેયને થતી નહોતી. બા કહેતી, ''તમે જલદી મોટા થઈ જાવ છો એમાં દરજીનો બાપડાનો શું વાંક?'' બા પણ ખરી હતી. નવી ચડ્ડીને અને મોટા થવાને શું લાગેવળગે? ઘણી વાર બાને સાચું કહી દેવાનું એને મન થતું હતું : તું કાપડ પૂરું લઈ દેતી નથી ને ઉપરથી અમારો શું કામ વાંક કાઢે છે? પણ બાને એથી કદાચ માઠું લાગે. બા વિધવા હતી. સ્થિતિ નબળી હતી. બાને માઠું લગાડવાની હિંમત એ વખતે ચાલતી નહોતી. બાકી પછી તો...

એમ તો બા મોટાને તેડતી અને એને ચાલવાનું કહેતી ત્યારેય એને કાંઈનું કાંઈ થઈ જતું. બંને ભાઈઓ લગભગ સરખા હતા. બા ક્યારેક એને તેડતી, તો ક્યારેક મોટાને તેડતી. પણ મોટાને તેડતી એ એને ગમતું નહોતું. કંચનમાસી પણ ક્યારેક બાને કહેતાં, 'પારવતીબેન, આ નાનાને તેડો છો ઈ તો જાણે ઠીક, પણ મોટા ઢગાને શું કામ તેડો છો?'' કાન્તિનું મન એ શબ્દોને વર્ષો સુધી ઘૂંટતું રહ્યું હતું - બા મોટાને ફટવતી હતી અને એને અન્યાય કરતી હતી.

પણ એની બાએ ત્યાર પછી નવો જ રસ્તો કાઢયો હતો. એ બેય છોકરાઓને બે હાથમાં તેડતી. થાકી જતી, હાંફી જતી, પણ એકેયને ઓછું આવવા દેતી નહિ.

છતાં કાન્તિને તો ઓછું આવતું જ. એની બા મોટાને ખોટાં લાડ કરાવતી હતી.

ચડ્ડી પહેરેલા બેય છોકરા, આઘાપાછા થઈ ને ઘરબહાર જતા રહ્યા. ત્રીજો ચડ્ડી વગરનો છોકરો હજી કાન્તિ સામે જોઈને ઊભો હતો.

અલ્યા ભઈ, શું જોયા કરે છે? વાળ ધોળા થઈ ગયા છે એ જુએ છે? આમ જો, આ વાળ ધોળા થઈ ગયા છે એટલે જ તું અહીં ફળિયામાં ઊભો રહી શકે છે, નહિ તો મારો એક હાકોટો પડે ત્યાં શેરીનાં છોકરાં એમના ઘરમાં ભરાઈ જતાં. હા, તારાં કોઈ મોટાં ભાઈબહેન હોય તો પૂછી જોજે. ભગતની દુકાનેથી હું પાન ખાઈને આવતો હોઉં ને છોકરાંઓ શેરીમાં બાઝતાં હોય કે રમતાં હોય તો મને જોતાં જ રફ્ફુ થઈ જતાં, પણ એ દિવસો જુદા હતા. અત્યારે હવે આ ધોળા થઈ ગયા.

રમા કહેતી, હવે ચાળીસ થવા આવ્યાં, બેતાળીસ થવા આવ્યાં, પિસ્તાળીસ થવા આવ્યાં, (કાન્તિનાં વર્ષોનો હિસાબ એ બરાબર રાખતી હતી.) અડધી જિંદગી વીતી ગઈ, માથે ધોળા આવી ગયા, જિંદગી કાંઈ માણી નહિ. ડોશી ડાબલો રાખીને બેઠાં છે. પૈસા એમના ગળેથી છૂટતા નથી...

કાન્તિને કહેવાનું થતું કે, બા પાસે પૈસા હોય ક્યાંથી? વિધવા બાઈ, બે છોકરા ઉછેરીને મોટા કર્યા, ભણાવ્યા, પરણાવ્યા, એની પાસે હોય પણ શું? અને ધારો કે એની પાસે પૈસા હોય તોપણ એ આપણા રળેલા તો નથી જ ને? આપણે જિંદગી માણવી હોય તો આપણે કમાવું જોઈએ...

પણ રમા સાથે દલીલ થઈ શકે તેમ નહોતું. રમા પાસે બહુ અટપટો હિસાબ હતો. પરણ્યા પછી બીજા જ વર્ષે કાન્તિ અને રમા ગામડું છોડીને અમદાવાદ ગયાં હતાં. મોટો એ વખતે બા સાથે રહેતો હતો. કાન્તિને એ વખતે મિલમાં નોકરી હતી. કાન્તિ દર મહિને બાને પૈસા મોકલતો હતો. એની એ ફરજ હતી. બેએક વરસ માંડ પૈસા મોકલ્યા હશે પછી મિલની નોકરી છૂટી ગઈ હતી અને બા સાથેથી મન

પણ બછોડાઈ ગયું હતું. ગાય પાસેથી વાછડાને વાળી લે એમ ખૂબીથી રમાએ એને વાળી લીધો હતો. પણ જિંદગીનાં એ બે વરસ કાન્તિએ બાને પૈસા મોકલ્યા એનો હિસાબ રમા પાસે અટપટો હતો. એ કહેતી કે આપણે પૈસા મોકલ્યા એટલે જ ડોશી મૂડી કરી શક્યાં, નહિ તો એમની પાસે શું હતું ?

કાન્તિને પૂછવાનું મન થતું, પણ બે વરસમાં આપણે પૈસા કેટલા મોકલ્યા હશે ?

પણ રમા જુદો જ હિસાબ ગણાવતી હતી, આપણે જે પૈસા મોકલ્યા એમાં ડોશી તાણીતૂસી પૂરું કરતાં હશે અને પોતાની કમાણીનું બધું બચાવતાં હશે. એ કાંઈ ઓછાં કસબી નહોતાં. વડી, પાપડ, ગોદડાં, ગાદલાં, ભરત ગૂંથણ, કેટકેટલું જાણતાં હતાં - કમાણી સારામાં સારી હતી, એટલે તો મોટા ભાઈ એમની સાથે ગદરી ખાતા હતા ને ? બાકી મોટા ભાઈ કે' દી એક પૈસોય રળ્યા છે ?

રમાનાં વેણ ધીમેધીમે એને સાચાં લાગવા માંડ્યાં, મોટા તરફ એને બચપણથી જ કચવાટ હતો. ધીમેધીમે એમાંથી નફરત અને ધિક્કારની લાગણી જન્મી, મોટો છે જ એવો !

અને એક દિવસ એણે બાને કહી દીધું હતું, ''મોટાને તારી સાથે રાખવો હોય તો હવેથી હું એક પૈસો તને નહિ મોકલું. હું કમાયા કરું ને એ વાપર્યા કરે એ નહિ બને.''

એ સાંભળીને બાની આંખમાં ગરમી આવી ગઈ હતી, ''મોટો મારી ભેગો રહે છે કે હું એની ભેગી રહું છું ? બોલતાં જરાક વિચાર કર. મોટાની વહુ ને મોટાંનાં છોકરાં મારી સેવાચાકરી કરે છે. તારે ને તારી બાયડીને કાંઈ કરવું નથી ને ઉપરથી મારું કામ કરે છે તેને કરવાય દેવું નથી ? તું રળે છે ને બે પૈસા મોકલે છે એમાં આટલો રોફ શું મારે છે ? જા, પૈસોય મોકલતો નહિ. તારો પૈસો મારે આજથી હરામ છે.'' બા રડી પડી હતી અને રસોડામાં ચાલી ગઈ હતી.

કાન્તિને થોડા દિવસ તો ચેન પડ્યું નહોતું, પણ પછી રમાએ મલમપટ્ટા કરીને બધું ઠીકઠાક કરી દીધું હતું. એ બનાવ બન્યો પછી કાન્તિનું અમદાવાદથી વતનમાં જવા-આવવાનું ઓછું થઈ ગયું હતું અને પછી તો સાવ બંધ થઈ ગયું હતું.

પછી જોકે, બા સાથે થોડોક વખત મનમેળ પણ થયો હતો. અને ક્યારેક-ક્યારેક એ પૈસા પણ મોકલતો હતો. અને એક-બે વાર મોટા સાથે ઝઘડો પણ થયો હતો. પણ પછી વતનની દિશા લગભગ બંધ થઈ ગઈ હતી.

છેલ્લાં કેટલાંક વર્ષોથી બા વતનમાં એકલી રહેતી હતી. મોટો રાજકોટમાં નોકરી કરતો હતો. બા એની સાથે રહેવા ગઈ હતી, પણ શહેરમાં ફાવ્યું નહિ એટલે પાછી ગામડામાં ચાલી આવી હતી.

મોટો બે-ત્રણ વાર અમદાવાદ આવીને ઝઘડી ગયો હતો : હત્ નમાલા, ઘરડી માનુંય તને દાઝતું નથી ?

રમા કહેતી, મોટા ભાઈને કહી દો કે, બહુ દાઝતું હોય તો માને કાવડમાં લઈને જાત્રા કરાવો ને, અહીં શું કામ બાઝવા દોડ્યા આવો છો ?

પણ કાન્તિ કોઈને કાંઈ કહી શકતો નહિ. કહેવાનું મન તો ઘણું થતું, પણ કોને કહેવું ?

બા ક્યારેક કાગળમાં લખતી કે, ભાઈ, તું બે પૈસા કમાય છે તો તારે કાંઈક સમજવું જોઈએ. મોટો બચરવાળ માણસ છે...બા કંચનમાસી પાસે પત્ર લખાવતી.

રમા પત્ર વાંચીને તરત જ કહેતી, તમારી બા મને વાંઝણી કહે છે. ડોશીના કહેવાનો અરથ તમે સમજ્યા ? તમારે કાંઈ

# સહકાર

ધૂળની રજકણો ભેગી થઈને ઢેફું બન્યું. એને કદ મળ્યું, રૂપ મળ્યું એણે ધૂળને કહ્યું : ''જોયું ? હવે હું નાનું ને નગણ્ય નથી. પવન મને તમારી માફક હવે ગમે ત્યાં ફેંકી નહિ દે.''

ધૂળે ઢેફાંને કહ્યું : ''તો તો બહુ સરસ. પણ જો, ઉપર જો. વાદળાં થયાં છે. વરસાદ પડશે તો તારું આ રૂપ નહિ રહે.''

ઢેફું ચિંતામાં પડી ગયું. ઝાડ પર બેઠેલી ચકલીને એની ચિંતા સમજાઈ. એણે કહ્યું : ''ઢેફાભાઈ, બચી જવું હોય તો કોઈની મદદ લો. માણસજાત એમ જ કરે.''

''તો તું જ મને મદદ કરને.''

''મારી મદદ તને કામમાં નહિ આવે. આ ઝાડના પાંદડાને પૂછીજો.''

ઢેફાંએ પાંદડાને પૂછ્યું : ''તમે તો અનુભવી છો. વાવંટોળની આફત આવે ત્યારે તમે શું કરો છો ?''

''અમે શું કરી શકીએ ? વૃક્ષને વળગી રહીએ તો બચી જઈએ, વૃક્ષથી છૂટા પડ્યા પછી અમારું કાંઈ નહિ ચાલે. વંટોળ આવે ત્યારે નસીબ જ્યાં લઈ જાય ત્યાં જવાનું.''

''તો પછી આપણે એકબીજાને મદદ કરીએ. તમે મારી રક્ષા કરો, હું તમારી કરું.''

''બરાબર છે. એમ જ કરીએ.''

અને આમ નગણ્ય ને મામુલી પાંદડાએ અને ઢેફાએ એકબીજાને સહકાર આપવાનું નક્કી કર્યું.

એમની વાત પૂરી થઈ ત્યાં તો વાવાઝોડું આવ્યું. વૃક્ષ હાલી ઊઠ્યું પાંદડું ખરી ગયું ને નીચે પડ્યું. પવન ઉપાડી જાય તે પહેલાં ઢેફું એના ઉપર જઈને બેસી ગયું. વંટોળ બેસી ગયો. પાંદડાને કાંઈ થયું નહિ. પાંદડાને સહકારની કિંમત સમજાઈ ગઈ.

થોડીવારમાં વરસાદ આવ્યો. હવે ભય ઢેફાભાઈને હતો. પાંદડાએ પોતાના સાથીદારોને બોલાવ્યા. બધાંએ ભેગાં થઈ ઢેફાંભાઈને ઢાંકી દીધાં. પાણીના એક બિંદુનો પણ તેને સ્પર્શ થયો નહિ. સહકારનો વિજય થયો.

છોકરુંછૈયું નથી. પૈસા કમાવ છો એ કોના માટે ? આખરે તે બધું મોટા ભાઈનાં છોકરાંને જવાનું છે, એટલે અત્યારથી સમજો તો સારું...પણ હું એક પૈસોય મોટાનાં છોકરાંઓને આપવાની નથી. ભલે મારે છોકરું ન હોય, ભલે હું વાંઝણી હોઉં, દાનધરમ કરી દઈશ. નદીમાં નાખી દઈશ પણ બીજા કોઈને આપીશ નહિ. ડોશીનાં વેણ તો જુઓ ! કેવાં વેણ લખે છે !

પણ રમા દાનધરમ કરવા ન રોકાણી ને નદીમાં પૈસા નાખી દેવાય ન રોકાણી - અને પૈસા કાન્તિ પાસે હતાંય કયાં ? પણ કેવું બની ગયું ? જાણે એક સપનું આવીને ઊડી ગયું. રમા ઊડી ગઈ - ગીધ ઊડી જાય એમ ઊડી ગઈ.

એક દિવસ કંચનમાસીનો કાગળ આવ્યો : કાન્તિને માલૂમ થાય કે પારવતીબેન બહુ માંદાં છે. પથારીમાં છે. તને ઝંખે છે. જલદી આવજે.

કાગળમાં વાંચીને રમાએ જંગ માંડયો, બધું ખોટું, પૈસા પડાવવાના ધંધા. કાં તો અહીં અમદાવાદ આવવું હશે - દવા કરાવવા... પણ અહીં મારી તબિયતનું જ ઠેકાણું નથી ત્યાં એમનો ઢસરડો હું ક્યાંથી કરું ?

કાન્તિને બા પાસે જવું હતું. પણ રમાને એ સાંજે પેટમાં દુખવા આવ્યું. રાત્રે ઊલટી થઈ, રમા માંદી પડી ગઈ. કાન્તિ બા પાસે જઈ ન શક્યો.

કંચનમાસીનો બીજો કાગળ આવ્યો : થોડા દિવસ પછી એક દિવસ કંચનમાસી પોતે અમદાવાદ આવ્યા : સાથે એમના વર હતા. કાન્તિને એમણે કહ્યું, ''પારવતીબેને આ પોટલું તને સોંપવાનું કીધું છે એટલે આવી છું. ઘરની કાંઈ થોડી ઘણી ઘરવખરી હતી, વાસણ કૂસણ એ મોટાને આપ્યું છે અને તને ઘર સોંપવાનું કીધું છે, આ પોટલામાં ઘરેણુંગાંઠુ, પૈસા જે હોય ઈ... અમે ઉઘાડીને જોયું નથી—''

કાન્તિ મૂંગો રહ્યો હતો. કંચનમાસી અને એમના વર પોટલું સોંપીને આવ્યાં હતાં એમ જ જતાં રહ્યાં. કાન્તિ એમને ચા-પાણીનું પણ પૂછી શક્યો નહોતો, કશું જ બોલી શક્યો નહોતો.

રમા એ વખતે માંદી હતી, ખાટલામાં હતી. એ બોલી હતી, ''આવાંને કાંઈ સોંપાતું હશે ? ડોશી જેવું મૂરખ કોઈ નહિ હોય. પોટલીમાં કોઈ પૈસા ને ઘરેણાં રાખતું હશે ? એમાંથી લઈ લેતાં વાર કેટલી ?''

કાન્તિને કહેવાનું મન થયું હતું, આ કંચનમાસીને તું ઓળખતી નથી, રમા !

પણ રમા, કાન્તિને એની સાત પેઢીની ઓળખાણ આપી રહી હતી : ઘરની બધી ઘરવખરી મોટા ભાઈને સોંપી - જોયું ને તમારી ડોશીનું કૂડકપટ ?

કાન્તિએ નીચું જોઈ પોટલું ખોલ્યું હતું. એમાં પૈસા હતા. એ બરાબર અણીના વખતે એને કામ લાગ્યા હતા. રમા માંદી હતી. સાચુંખોટું કરતાં જાણે સાચોસાચ માંદી પડી ગઈ હતી. એની દવા માટે પૈસા નહોતા. પોટલામાંથી પૈસા મળ્યા. એ બરાબર ટાણે આવી ગયા હતા.

પણ રમા બચી નહોતી. એની માંદગી વધતી ગઈ હતી. દવાખાનામાં દાખલ કરવી પડી હતી. ખૂબ પૈસા કાન્તિએ ખર્ચ્યા હતા. છતાં એ બચી નહોતી, અને કાન્તિ પાસે પૈસા પણ બચ્યા નહોતા. બાએ જે આપ્યું હતું એય એણે વાપરી નાખ્યું હતું. રમા ચાલી ગઈ હતી અને એ એકલોઅટૂલો, જન્મ્યો હતો ત્યારે જેવો લાચાર અને નિર્બળ હતો, એવો જ લાચાર અને નિર્બળ આ જગતમાં રહી ગયો હતો.

અને હવે માથે ધોળા આવી ગયા હતા.

ફળિયામાં ઊભેલા છોકરા સામે અને બારણા વચ્ચેથી એક તરફ લપાઈ ગયેલી છોકરી સામે એણે ફરીથી જોયું. કંચનમાસી એ વખતે હળવેહળવે ફળિયામાં દાખલ થયાં. માંદાં હોય એમ લાગતું હતું.

''આવી ગયો ભાઈ ?'' એ હાંફતાં-હાંફતાં બોલ્યાં, ''શરીર સારું છે ને ?''

અને પછી રડવા લાગ્યાં.

કાન્તિ સહેજ મૂંઝાઈ ગયો. એણે માથે હાથ ફેરવ્યો.

કંચનમાસી બોલ્યાં, ''મને તો હવે પગે વા આવ્યો છે. બહુ હાલીચાલી શકાતું નથી...''

કાન્તિને એકાએક સાંભરી ગયું, અરે માસી, આપણા ઘરમાં વાનો મંત્રેલો પારો છે અને બાને બૂમ પાડવાનું એને મન થયું, બા, કંચનમાસીને ઓલ્યો વાનો પારો આપ ને !

એણે રસોડા તરફ મોં ફેરવ્યું. એકાએક એના નીચેની ધરતી જાણે ધ્રૂજી ગઈ. એની બા ક્યાં રસોડામાં હતી ? પાણી લઈ ને હમણાં આવશે એમ એને આછુંઆછું લાગ્યું હતું, પણ એ હવે ક્યાંથી આવવાની હતી ? એની બા તો-

મૃત્યુ પામી હતી.

કંચનમાસી તે દિવસે એને ત્યાં અમદાવાદ પોટલું લઈને આવ્યાં એ પહેલાં જ બા મૃત્યુ પામી હતી. કંચનમાસી પાસે બાએ કાગળ લખાવ્યો હતો. તાર કરાવ્યો હતો. પણ કાન્તિ જઈ શક્યો નહોતો...

- પણ બાને ક્યારેય રીસ ચડતી નહોતી. કાન્તિ ઉપર ક્યારેય રીસ ચડતી નહોતી. પોટલું, ઘરેણાંગાંઠાં, પૈસા જે કાંઈ હતું... અને આ ઘર..

આ ઘરમાં કાન્તિ જન્મ્યો હતો. ક્યારામાં છોડ પાંગરે એમ આ ઘરમાં એ મોટો થયો હતો. આ ઘરની દીવાલોમાં એનું હાસ્ય, એનું રુદન, એની રીસ, એનો આનંદ, એની બાનું હેત, એના છણકા...કાન્તિ દીવાલો સામે જોવા લાગ્યો...વાદળાં ધીમેધીમે ક્ષિતિજમાં સમાઈ જાય એમ બધું જ ધીમેધીમે ડૂબી ગયું હતું. બા નહોતી. કશું જ નહોતું. ઘર નહોતું, ખાલી ખોરડું હતું, ધોળ કર્યા વિનાની ભીંતો હતી. ગાર કર્યા વિનાની ઓસરી હતી. ફળિયું હતું. પહોળું મોટું એકલું ફળિયું હતું. બા નહોતી. કોઈ નહોતું. કાન્તિ એકલો હતો. કંચનમાસી હતાં. થોડે દૂર બેઠાં હતાં. રડતાં હતાં. દોડીને એમની આંગળી પકડી લેવાનું કાન્તિને મન થયું.

પણ એ ઊઠી ન શક્યો : એક ડૂસકું એને આવી ગયું. એની બા એની જનેતા, એને જન્મ આપીને, આ દુનિયામાં એકલો છોડીને જતી રહી હતી. અને... માથા ઉપર એના વાળ ધોળા થઈ ગયા હતા. એ રડી પડ્યો.

✷✷✷

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશાં સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ

છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

## આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- સ્વ. ચંદનબેન અમીચંદભાઈ શાહ તરફથી
- શ્રીમતી ચંદ્રમણીબેન નવિનચંદ્ર મણિયાર, હાલ : સાંતાક્રુઝ
- સ્વ. કાંતિલાલ મનસુખલાલ શાહની પુણ્યતિથિ તા. ૨૯-૧૧-૨૦૧૯ નિમિત્તે હસ્તે, શાહ પરિવાર-લીંબડી - હાલ : મલાડ
- કિંજલ રૂષભ શાહની ત્રીજા લગ્નની વર્ષગાંઠ નિમિત્તે હસ્તે નેહા નલીન શાહ

# કોરી વ્યથામાં ભીના સંબંધો

☐ મેહુલ

જીવન કંઈ કેટલીય વાર નાહકના સંકોચથી રૂંધાઈ જાય છે. ઘણી વાર આપણે 'ના' પાડી શકતા નથી, ઘણી વાર આપણે 'હા' પાડી શકતા નથી. ઘણી વાર નિકટ બેઠેલા સ્વજનનો હાથ હાથમાં લઈ પસવારવાની ઇચ્છાને આપણે રૂંધી લઈએ છીએ.



પાસે બેઠેલું સ્વજન તો રાહ જોઈને બેઠું છે આપણી એ સ્પર્શઅભિવ્યક્તિની. મનમાં રૂંધેલા એ સૂરને જો વહી જવા દઈએ તો સ્વજન તરત પોતાનો મધુર સૂર એમાં મેળવી દે અને સાંનિધ્યની પળ મહોરી ઊઠે, પણ એમ થતું નથી :

*આંગળી ચીંધીને કહેવાયું નહીં*
*ટેરવાંથી કાંઈ બોલાયું નહીં.*

આમ શાથી થતું હશે ? આપણાને 'હું'નું કવચ નડે છે. આપણે હંમેશાં સામી વ્યક્તિ પહેલ કરે એની રાહ જોઈએ છીએ અને બન્ને પક્ષે, રાહ જોવામાં જીવનની અમૂલ્ય પળો જીવ્યા વગરની સરતી જાય છે. જે કહેવાયું નથી, તે આપણાને છોડીને તો જતું નથી. ઉદાસ આંખે આપણને તાક્યા કરે છે, પણ અહમ્ ઓગળતો નથી અને પછી મોડું થઈ જાય છે :

*મોકલ્યા તે પણ અટૂલા મોકલ્યા*
*શ્વાસના સંકેત સૂના મોકલ્યા*
*આમ પણ એના વિચારે તરફડ્યા*
*એમણે વાવડ અધૂરા મોકલ્યા*
*લાગણી રાખી લીધી આંખો મહી.*

અભિવ્યક્તિ શબ્દની, સ્પર્શની, હૂંફની, વહાલની સંબંધને તાજગી આપતું રસાયણ છે. માણસ અજબ પ્રાણી છે. આંગણે વાવેલા છોડને સંભાળથી ઉછેરે છે. પાળેલાં પ્રાણીઓને જતનથી જાળવે છે, પણ અતિનિકટના સ્વજનના મનની સારસંભાળ લેવાનું, એને સ્નેહનાં વારિ સીંચવાનું હૂંફનાં ખાતર પૂરવાનું, એને સૂઝતું જ નથી. સંબંધ છોડ છે. એને વાવીને મૂકી દો તે ન ચાલે. એને પણ ઉછેરવો પડે, નહીં તો મૂરઝાઈ જાય. આંગણે મૂરઝાઈ ગયેલો છોડ નજર પડતાં જીવ ચચરે છે, પણ મનનું મૂરઝાવું એવી પ્રક્રિયા છે જે ઝટ નજરે ચડતી નથી, પણ મનેખનું મન સ્નેહની અભિવ્યક્તિના અભાવે મૂરઝાય છે. પછી સંબંધની તાજગી નામશેષ થાય છે અને એક વ્યવહારની જેમ જિંદગી નભી જાય છે, જિવાતી નથી. વ્યક્ત થવાનું કોઈ સમયપત્રક ન હોય. સાવ અમસ્તું. કશાય કારણ વગર જો મનમાં ઉમળકો જાગે તો એને અકારણ વ્યક્ત કરી દઈ સ્વજનને ચકિત અને હર્ષવિભોર કરી દેવાથી સંબધને વસંત બેસે છે અને હૈયાની કુંજ હરિયાળી થઈ જાય છે. પ્રિયજનને પત્ર લખવા માટે બહારગામ હોવું જરૂરી નથી. એવુંય બને કે પ્રિયજન પાસે ગાઢ નીંદરમાં સૂતું હોય અને તમારી નીંદર ઊડી જતાં, સૂતેલા સ્વજનના મુખ સામે તાકી રહેતાં, તમને ઉમળકો જાગે તો તમે કશુંક લખી ચૂપચાપ એના ઓશીકે મૂકી દો :

*એક સ્મરણ બસ સળવળ્યું*
*છે એ જ લખવાનું તને,*
*આંખમાં કૈં અવતર્યું છે એ જ લખવાનું તને*

વારતહેવારે કે પ્રસંગે ફૂલોનો મોટો બધો, મોંઘામાં મોંઘો બુકે, સુંદર પણ ઉછીના શબ્દો આલેખતું કાર્ડ, મોંઘી ભેટસોગાદ, ફાઇવ સ્ટાર હોટેલમાં લંચ કે ડિનર આ બધામાં અભિવ્યક્તિની ઇતિશ્રી થઈ જતી નથી. સંબંધ તો મોરવા માગે છે પળ પળની અનુભૂતિમાં. હળવા સ્પર્શમાં, મીઠા શબ્દોમાં, આંખમાંથી ઝરતા અમીની ભીનાશમાં, કદી સ્વજન માટે સરતાં આંસુમાં, તો કદી એકાન્તમાં માંડેલી આવી મીઠી ગોઠડીમાં.

માણસનું મન ઈશ્વર કરતાં ઓછું આશ્ચર્યકારક અને અનિર્વચનીય નથી. અસીમ જ્યાં સીમિત બને છે ત્યાં જ મનનો પ્રદેશ છે. ત્યાં જ રૂપ, રસ, ગંધ છે. સૂક્ષ્મ સંવેદનો છે. મૃદુ આંદોલનો છે. માણસના મનને નંદવાતા વાર લાગતી નથી. માણસનું મન શામાંથી શું નક્કી કરી નાખે તેય સમજાતું નથી. કઈ વાત એને કયાં જઈને આઘાત કરશે તેય જાણી શકાતું નથી. તેથી મન માવજત માગે છે અને તેથી જ સંબંધ જ્યાં મૂલ્યવાન છે ત્યાં અભિવ્યક્તિ અનિવાર્ય છે. અભિવ્યક્તિ મનોમાલિન્ય દૂર કરી એને ઘસી માંજી ઊજળું બનાવે છે અને સંબંધની ભૂમિ કદી ઉખર થતી નથી. લાગણીનો છોડ ત્યાં સદા લીલોછમ રહે છે.

જે વાત કહેવી અઘરી લાગે છે, જે વાત કહેતાં સંકોચ થાય છે. જે વાત કહેતાં અહમ્ નડે છે તે લખવી સરળ હોય છે. તેથી જ્યારે બોલીને વ્યક્ત ન થવાય ત્યારે માણસે લખીને વ્યક્ત થવું જોઈએ. આવી લેખિત અભિવ્યક્તિ એક સુંદર સંભારણું બને છે અને એકાન્તમાં વારંવાર વાંચવાથી મન મોરી ઊઠે છે. પ્રિયજન પર વહાલ ઊભરાય છે, એણે કરેલી ભૂલ માફ કરી દેતાં એના પર અદકું વહાલ ઊભરાય છે, મનની ભીડેલી ભોગળ હૂંફાળા શબ્દોથી ખૂલી જાય છે અને પછી જે સખ્ય મોરે છે તેમાં બન્નેનો સહિયારો સૂર ગાઈ ઊઠે છે :

*કોરી વ્યથામાં ભીના સંબંધો ઉગાડશું*
*પાંપણની પેલે પાર અજંપો ઉગાડશું*

✱✱✱

# અસબાબ

□ સરોજ પાઠક



પછી તો જવાનો નિર્ણય મેં કરી જ નાખ્યો. ત્રણ-ત્રણ વર્ષથી એકની એક દલીલો કરીને હું થાકી ગઈ હતી. એમ મનને લાચાર બનાવી દેવાની હવે મારી તૈયારી નહોતી. નિકુંજના પરાધીન મોંએ અનેક વાર મારો બાંધેલો સામાન છોડાવ્યો હતો. એટલે એની હાજરીમાં મારા નિર્ણયની કોઈ હિલચાલ મેં પરખવા દીધી નહિ. દાંત ભીંસીને, મનને કાઠું કરીને, બીજા કોઈ પણ વિચારને મનની સપાટી પર પ્રવેશવાનો મનાઈ-હુકમ ફરમાવીને, કમર કસી, મારો બધો જ સરસામાન બાંધીને હું તૈયાર થઈ ગઈ. હવે ફક્ત નિકુંજની ઑફિસમાંથી આવવાની જ વાર હતી. તેની સાથે મિતાક્ષરી વિદાય લેવાની જ મેં મનમાં ગાંઠ વાળી હતી. વધારે દલીલમાં ઊતરતાં કદાચ મઝધારે આવેલી નાવ પાણીમાં ડૂબી જાય એવી ભીતિ હતી. ઘડિયાળ સાથે હૈયાની ધડકન મિલાવતી, શસ્ત્રસજ્જ યોદ્ધાની જેમ હું એની ઑફિસેથી આવવાની વાટ જોતી બેઠી.

આખરે છ વાગ્યા.

આખી દુનિયાની બાદશાહત એની પોતાની જ હોય એવા વિશ્વાસ સાથે સિસોટી વગાડતો, રોજની જેમ પ્રફુલ્લ મુખે તે દાદરનાં બબ્બે પગથિયાં કુદાવતો ધડધડાટ ઉપર આવી પહોંચ્યો ને... બારણામાં જ અટક્યો. મેં આંખને ખૂણેથી જોઈ લીધું. તેની નજર ધરતી સામે મંડાયેલી વસ્તુઓ પર પડી. બૅગ-બિસ્તર જોઈ એના પગ ઢીલા થઈ ગયા. ઘરબાર ખુવાર થઈ ગયાં હોય ને કેડ ભાંગી પડી હોય એવા અનાથ નિરાશ્રિત માણસની જેમ, ખૂબ જ ઢીલા પગે તે ખુરશી પર પછડાઈને બેઠો. ખુરશીએ પણ જમીન સાથે ઘસાઈને ચીસ પાડી. ઘરમાં દેખાતી એ હોનારત પ્રત્યે આંખેય ન મંડાતી હોય તેમ નિકુંજ ટેબલ પર માથું ઢાળી બેસી રહ્યો.

મારી જીભેય કેમે ઊપડતી નહોતી. ઘડિયાળનો કાંટો નિર્દય રીતે સમય કાપ્યે જતો હતો. વિચ્છેદકાળ ધીમેધીમે પાસે ને પાસે આવ્યે જતો હતો. નિકુંજ પણ ઘડીઓ ગણી રહ્યો હોય તેમ વારેવારે ઘડિયાળ પર નજર ઠેરવી, વળી નીચું જોઈ લેતો હતો. સમય થતાં જ બારણે ટૅક્સી આવી ઊભી. હૉર્ન સાંભળતાં જ બધી નિર્બળતા ખંખેરી હું ટટાર ઊભી થઈ ગઈ. દૃઢ પગલે હું નિકુંજ સમક્ષ પડકાર ઝીલવા આગળ વધી.

'હું જાઉં છું.'

'જશે જ ? નહિ ચાલે ?'

'ના, મારે જવું જ છે.'

અત્યંત દુખિત અવાજે માથું ધુણાવી તેણે કહ્યું,

'જાય જ છે તો પછી મનમાં દુઃખી ન થતી. અહીં તો જે થવાનું હશે તે થશે. અહીંની ચિંતા ન કરવામાં જ...'

'અહીંથી જ વિદાય ?'

'હા, મારામાં સ્ટેશન સુધી આવવાની શક્તિ નથી. મન પણ નથી. એમાં હું માનતો પણ નથી. ચાલો... જઈ શકો છો. જનારાને કોઈ રોકી શકતું નથી. ક્યારે પાછાં ફરશો એ જો કહી શકતાં હો તો મહેરબાની...'

'ત્રણ વર્ષે જાઉં છું એટલે ત્રણેક માસ તો વિચાર છે જ... જો તને કાંઈ...'

'ભલે.' તેણે વચ્ચે જ મારી વાતને સીલ કરી દીધી એ એક જ શબ્દથી.

નિકુંજની એ લુખ્ખી વિદાય કાંટાની જેમ મનમાં ભોંકાઈ રહી. તદ્દન જિદ્દી બાળક જેવા નિકુંજે છેલ્લાં ત્રણ-ત્રણ વર્ષથી મને નજરકેદ કરી હોય તેમ, પિયર જવા જ નહોતી દીધી. શરૂઆતમાં તો મનેય મારા એ નવજીવનનો-સહજીવનનો કેફ ચડ્યો હતો. એટલે મસ્તીમાં આવી જઈ, એનાં એ તોફાનોથી હુંય એને નમતું આપતી. પણ પછી મારા પિયરેથી આવતા એકેએક કહેણના જવાબમાં ના કહેવાનાં જાતજાતનાં બહાનાં બતાવ્યા કરતાં મનેય હવે પિયર જવાની ખૂબ જ ઇચ્છા થઈ હતી. એકધારું મિષ્ટાન્ન ખાતાંય મોં ભાંગી જાય તેમ, આનંદથી ઊભરાતા સહજીવનમાં મને વિરામની જરૂર લાગવા માંડી અને સતત એક વર્ષથી મેં અનેકાનેક બહાને પિયર જવાનાં કાવતરાં આદરી દીધાં. પિયર એટલું તો દૂર હતું કે ગમે ત્યારે એકાદ બે દિવસ આંટો મારી આવવાનું તો શક્ય જ નહોતું. નિકુંજ અનેક રીતે દલીલો કરી મારી બધીય યોજનાઓ ધૂળમાં મેળવી દેતો. બન્ને પક્ષ મજબૂત રીતે દાવપેચ લડાવવા મંડી પડતા. દરેક વખતે લડત નવાનવા વ્યૂહથી આરંભાતી. મારાં બહાનાંમાં તો કોઈ નવીનતા કે સચોટતા આવી શકતી જ નહિ. કોઈ વાર કોઈની માંદગી, તો કોઈ વાર કોઈનું મરણ, કોઈનું જનોઈ કે છેવટે કોઈનું લગન, એવું જ કાંઈ હોય, પણ એનો બચાવપક્ષ બહુ જ સધ્ધર હતો, જે મારાં હથિયાર હેઠાં મુકાવી દેતો. મારો દાવ આઠેક દિવસ પહેલાંથી શરૂ થતો, તો એના દલીલો પણ સાથે સાથે જ મોરચો માંડતી :

'હવે તું જવાની જ છે, ત્યારે મારે માટે ડબ્બો ભરીને જૈનો બનાવે છે તેવા ખાખરા કરી મૂકજે. મને બહારનું સદતું નથી, તું જાણે છે ને ? લુખ્ખા રોટલા ખાઈ હું ચલાવી લઈશ. અને હા, ઘરમાં ચણા-શિંગ ભરી રાખજે. તને ખબર છે કે અડધી રાતે મારી ઊંઘ ઊડી જાય છે ત્યારે મને ભૂખ લાગે છે. એ વખતે અહીં શીરો શેકી આપનાર કોઈ નહિ હોય... અને તું જેટલા દિવસ રહેવાની હોય એટલા દિવસ ચાલે એટલાં ધોયેલાં કપડાં ગોઠવી જજે. નહિ તો રસ્તે મેલાંઘેલાં કપડાં પહેરીને આવજા કરીશ તો લોકો મને ભિખારી જાણી હાથમાં પૈસો મૂકવા તૈયાર થઈ જશે...'

તો વળી, કોઈ વાર બીજું-ધારદાર, અણીદાર, આરપાર નીકળી જાય એવું તીક્ષ્ણ બાણ ચડાવી તે પણછ ખેંચતો :

'દૂધવાળાને તો ના જ પાડી દેજે. ચાય બંધ

રાખીશ. એ ગરમ કરવાનું ને એવી માથાકૂટ મને નહિ ફાવે. ચાના અભાવે માથું દુખશે તો બામ જાતે ઘસી લઈશ કે વળી કોઈ વાર બજારમાં પી આવીશ, પણ જોજે દવાના કબાટની ચાવી મારા ઓશિકા નીચે જ રાખજે. સૌથી વધુ જરૂર એ કબાટની પડવાની છે અને દવાઓ ઉપર, બાટલીઓ ઉપર બરાબર લેબલ ચોડજે, નહિ તો એકને બદલે બીજી દવા ખાઈ જઈશ તો તારા ઉપર ખૂનનો આરોપ આવશે. તું તો જાણે છે કે હું કેવો વિશ્વાસુ અને બેદરકાર માણસ છું.'

મારા શ્વાસ અધ્ધર થઈ જાય તેવી વાત ઉચ્ચારવામાંય એ પાછી પાની કરતો નહિ. આવો ક્રૂર આનંદ લૂંટતાં તો એને ઓર મજા આવતી.

જતાં પહેલાં એક કામ કરતી જજે. જો મારી ફાઈલ ઉથલાવી જા. વીમાની પૉલિસી ક્યાં મૂકી છે, બૅન્કબૅલેન્સ કેટલું છે, વગેરે બધું બરાબર જોઈ લે. બૅન્કની ચોપડી, ચેકબુક બધું એકવાર ધ્યાનથી તપાસી જા. ના, કાલ કોણે દીઠી છે! આજકાલ અકસ્માતોની કંઈ નવાઈ નથી. અને મેં તને કહ્યું નથી પણ હમણાં હમણાં મને છાતીમાં દુખાવો રહે છે. જોકે, ચિંતા જેવું નથી; એ તો દુખે! હું કાંઈ ગણકારતો નથી. મને કાંઈ એ સીરિઅસ પણ લાગતું નથી. છતાં ક્યારે શું બને એ કોણ કહીં શકે? માટે આગળથી ચેતવી દીધું સારું. તું પાસે હોય તો જરાય ચિંતા નહિ. પણ પછી તને થાય કે મેં છૂપું રાખ્યું...'

આવી વાતો સાંભળ્યા પછી કઈ પત્ની જવાનું સાહસ કરી શકે? પણ તે હંમેશા લાચારી બતાવી મને પિગળાવી દેતો એવું નહોતું. એની આડીઅવળી વાત તો મને એથીય વધારે ડરાવી દેતી.

'અમારી ઑફિસનો પેલો મલ્લિક કેટલીક વાર ગાનારીની મહેફિલની વાત કરે છે. હંમેશ હું એને ટાળું છું. હા, શાસ્ત્રીય સંગીત મને ગમે તો છે જ, પણ મહેફિલ તો મોડી રાતે જ જામે ને? અત્યાર સુધી તો મોડી રાત સુધી ઘર બહાર રહેવું અશક્ય હતું, પણ હવે તું નહિ હોય પછી વાંધો નહિ આવે! મને લાગે છે કે તું પાછી આવશે ત્યાં સુધી તો આ ઘરમાં જ મહેફિલો જામતી થઈ ગઈ હશે. આવી આવી મોજમજાઓમાં દિવસો તો ક્યાંય નીકળી જશે. માટે મને ગમશે નહિ એવી ચિંતા તો તું કરતી જ નહિ. એમ તો મારી કંપની બહુ મજાની, મોજીલી છે હોં!'

વળી કોઈવાર ગાડી પાટે હોય અને એ નિરાંતે મારી વાત સાંભળતો હોય ત્યારે હું એને કહેતી કે પાડોશનાં ત્રિવેણીબહેનને ત્યાં જમવાની ગોઠવણ કરાવું, અથવા ભાઈલાલભાઈ સહકુટુંબ આપણે ત્યાં થોડા દિવસ રહેવા આવે. સાથે એમની બેબીય હશે એટલે ધમાચકડીમાંય ઘરમાં સૂનકાર નહિ લાગે! પણ નિકુંજ તો એવી વાતોને નઠોરતાથી હસી જ કાઢે. ઉપરથી કહે:

'જવા દે ને એવી બધી સુખસગવડની વાતો! આ ઘરમાં કોઈ હાસ્ય, કોઈ આનંદ, કોઈ કલશોર મારે ન જોઈએ.

યદા હી અમ સંગ કોઈ દિલદાર જો છે નહીં.'

તેને મારી નબળી રગ હાથ આવી ગઈ હતી એટલે જવાની વાત આવતાં જ તે એવીએવી ચાંપો દબાવતો કે છેવટે ધારી અસર થઈ જ જતી. હું મારા મનને મનાવવાનો ખૂબ પ્રયાસ કરતી, પણ આખરે મન પણ મને દગો દઈ એને જ પલ્લે જઈ બેસી જતું. જેમ જેમ હું હારતી ગઈ તેમ તેમ મારી પિયર જવાની ઇચ્છા હઠીલા બાળકની જેમ એકના એક આજીજીભર્યા સૂરે પોતાની વાત કહ્યા કરતી હતી. ઉપરાંત હવે તો પિયરથી પણ ભારે દબાણ થવા લાગ્યું હતું.

આખરે નિકુંજ સાથે અગાઉ કોઈ પણ વાત છેડયા વગર, ઓચિંતી જ ઘર પર ટાંચ આવે એમ હુકમ સાથે જ હું હાજર થઈ ગઈ. બહાનું તો એક બહેનપણીના લગ્નનું હતું પણ છેવટ સુધી મેં એને કહ્યું જ નહિ કે હું એમાં જવાની જ છું. મારી એ નિર્દયતા સામે નિકુંજ પોતાનું માથું કપાવવા માટે ધરતો હોય એમ 'ભલે' કહી ઊભો રહ્યો.

પિયરમાં પહોંચી ગઈ, લગન પણ માણી લીધાં. પણ વિદાયવેળાનું એ દૃશ્ય ક્યારેય આંખ સામેથી ખસ્યું નહિ. જેમતેમ કરી પંદરેક દિવસ વિતાવ્યા. દુરાગ્રહથી પ્રાપ્ત કરેલી વસ્તુની મજા, એ હાથ આવે પછી એટલી નથી લાગતી, તેમ હું પણ ફરી પાછી મારે ઘેર-મારે હાથે ખુવાર થયેલા મારા એ ઘરમાં પહોંચી જવા અધીરી થઈ રહી હતી. રિસાયેલા નિકુંજે એ પંદર દિવસ દરમ્યાન એક ચબરખીય લખી નહોતી. છેવટે મેં જ પિયરમાં સૌ કોઈને સધ્ધર બહાનું બતાવી મારે ઘેર પાછા ફરવાનો નિર્ણય જાહેર કરી દીધો. ઘરના અને નિકુંજના શા હાલ થયા હશે તે અને તેની ચિંતા મોટા ને મોટા સ્વરૂપે મારી નજર આગળ તરવરવા લાગ્યાં.

'અરે, એને તો સવારમાં એલાર્મ વાગી જાય એનુંય ભાન નથી રહેતું. એ કેમ કરી વખતસર પરવારી રોજ ઑફિસે જતો હશે? રોજ બે શાક વગર ખાવાનું કેમ ભાવતું હશે એને? રાત્રે સૂતી વખતે કૉફી પીધા વગર એને ઊંઘ આવતી હશે ખરી? રસોડાના પાછલા બારણાને કડી લગાડવાનું એને યાદ જ ક્યાં રહે છે? કોઈ પેસી જઈને આખું ઘર ઉઠાવી જશે તોય એને ખ્યાલ નહિ આવે. અરે, ગૅલેરીની પાળ પર બેસી છાપું વાંચવાની કેવી કુટેવ છે એને! વળી પાછળ અઢેલવાનો થાંભલોય કેટલો લીસો છે! અને ઊડી ગયેલું પાનું બાજુના છાપરા પરથી ખેંચી લેવા તે કેટલો વાંકો વળે છે! નળ આવતો ન હોય તો એ એને ખુલ્લો જ મૂકી દે એવો છે અને સમયસર પાણી ભરી લેવાનું તો એને યાદ જ શાનું રહે? નળના વખતને લીધે તો સાંજના શોમાં સિનેમા ન જોવા માટે અમારે જીભાજોડી થતી, અને ગૅસ? બાપ રે! કેટલી સાહસિક રમતો કરવાની એને ટેવ છે! દૂધ-ચા જીદ પ્રમાણે બહાર જ પતાવી દેતો હોય તો તો સારું! અરે ભગવાન! કેવા હાલહવાલ થઈ ગયા હશે એના? જતાંમાં તો ઓળખાશેય નહિ દીદાર કરી નાખ્યા હશે એણે-પોતાની જાતના ને સાથે ઘરનાય!'

અને એણે ધાર્યું જ નહિ હોય એટલી વહેલી હું ત્યાં જઈ પહોંચવા પિયરથી નીકળી ચૂકી. એકદમ ત્યાં જઈ પહોંચી એને આશ્ચર્યથી રાજીના રેડ કરી દેવાના ઉત્સાહમાં હું લગભગ

ગાંડી જ થઈ ગઈ હતી. મનમાં હું એકાએક ઘેર પહોંચી જતાં બનનારા પ્રસંગો જાણે અત્યારે જ ભજવાતા હોય એમ જોવા લાગી !

'એના ચઢેલા મોંએ એ મારી સામે જ નહિ જુએ... ભાલે તદ્દન ઠંડો આવકાર મળશે, તોય હું એને ગળે વળગી જ પડીશ. પછી સૌથી પહેલાં તો પડોશમાંથી દૂધ માગી લાગી એને ગમતી મસાલેદાર ચા બનાવી પાઈ દઈશ એટલે ભાઈસાહેબ જરા મૂડમાં આવી જ જશે. પછી તો પોતાના હાલનું વર્ણન કરવામાં રીસ તો ક્યાંય ભુલાઈ જશે. તો હુંય સાચેસાચું કહી જ દઈશ કે મારા હાલ તો વળી એથીય ભૂંડા હતા... પણ મારે તો તરત ઘરકામમાં લાગી જવું પડશે. પણ એ પાછો મને ઊઠવા જ નહિ દે. ભલે રસોડામાં આવી એ પાટલો ઢાળી નિરાંતે વાત કરે ! હું મારે ધૂળિયાં થઈ ગયેલાં વાસણોનો ખડકલો સાફ કરવા બેસી જઈશ. અરે, હું જ્યાં જ્યાં જઈશ-આગળના ઓરડામાં, પલંગનાં ગાદલાં ઠીક કરવા, મેલી ચાદર, ઓશીકાંના ગલેફ, ટેબલક્લૉથ, બારીના પડદા, બધું બદલવા જઈશ ત્યાં ત્યાં એ મારા પાલવે ગંઠાયેલો હોય એમ પાછળ ને પાછળ ભમ્યા જ કરશે. પોતાના ટેબલ પર થોથાંનો ખડકલો જ કરી મૂક્યો હશે એણે, જાણે ભાઈસાહેબ મોટા જ્ઞાનપિપાસુ ન થઈ ગયા હોય ! ફડાફડ હું એ બધું ગોઠવી દઈ ફિલ્મ બદલાઈ જાય એમ ઘરની સૂરત જ ફેરવી નાખીશ. ઘર આખું ચકચકાટ ચમકવા લાગશે એટલે પછી એ મને પાસે બેસાડી વહાલથી કહેશેઃ 'હા...શ મારી સખત કેદ હવે પૂરી થઈ. હું તો આને જનમકેદ જ માનતો હતો.' અને પછી પાછી પોતાની વીતકકથા શરૂ કરશે : 'અરે, તું ગઈ પછી પાણીના નળે તો બહુ આરામ કરેલો હં ! બે દા'ડે એક વાર ગરમ પાણીથી નાહવાનું એટલું માફ ! અને તારા વગર રસોડું તો સાવ સ્મશાન જેવું જ લાગતું હતું. અરે આખું ઘર જ એવું કહે ને ! મારી જેમ રેડિયો પણ દિવસભર મૌન પાળતો'તો. હા, પણ આ લાઈટે અડધીઅડધી રાત, અને કેટલીય વાર તો આખી ને આખી રાત મને સાથ આપ્યો છે. હું જાગું ને એને જગાડું. એ કહે : 'વાંધો નહિ, હું તારી સાથે જ જાગીશ. તું કહે ત્યાં સુધી.' અને પછી તો રંગમાં આવી, આગળ વધી, તે પથારીની રામાયણ પણ કહેવા માંડશે. બહુ નટખટ છે એ ! એની બધી વાત જ એવી કે બસ ! કેવો વહાલુડો છે ! એને એમ એકલો મૂકતાં જીવ જ કેમ ચાલ્યો મારો ? બિચારાએ કેટલા વિશ્વાસથી એની એકેએક નાનીનાની બાબતનો આધાર મારા પર મૂકી દીધો છે ! બસ, હવે એક વાર પહોંચવા તો દે ! એને એવી બાથમાં સમાવી લઈશ કે પછી એ નાનકડા વર્તુળથી એને કદી અળગો જ નહિ થવા દઉં !'

અને છેવટે હું મારા શહેરમાં, મારો નિકુંજ જેમાં રહેતો હતો એ શહેરમાં જઈ પણ પહોંચી.

ટૅક્સીનું ઘર તરફનું અંતર કપાતું જતું હતું ત્યારે વળી અનિષ્ટ વિચારોએ મારા મનમાં તોફાન મચાવી દીધું. ચાલુ બસે વળાંક પણ ઊતરી પડતાં માણસો જોતાં નિકુંજનાં સાહસો મારાં રૂંવાં ઊભાં કરી દેતાં. મોટરોની પસાર થતી કતાર વચ્ચેથી દોડીને રસ્તો ઓળંગી જતાં લોકો માટે હું મનમાં પ્રાર્થના કરવા લાગી જતી. લૉરીખટારાઓનું ડ્રાઇવિંગ ન જોવાઈ જાય એમ હું ઇચ્છતી. રસ્તામાં ક્યાંય ટોળું દેખાતું તો મનેય સમજ ન પડે એમ મન કૂદીને કુતૂહલથી બહાર આંખો ખેંચી જોવા માંડતું. ઘરનો પરિચિત વળાંક આવ્યો ત્યારે તો પેટમાં ફાળ જ પડી ગઈ. પાડોશીઓ જાણે ઇરાદાપૂર્વક ઘર બહાર ડોકાતાં નહોતાં. ઘરમાં કોઈ નહિ હોય ? મોટરને ઓચિંતી જ ચર્ર્ર્ બ્રેક લાગે એમ મારા મનમાં એ વાતે, એવો જ ચીરી નાખતો હોય એવો કર્કશ અવાજ જગાડ્યો......

આ સમયે તો નિકુંજ ઘરમાં જ હોવો જોઈએ. ઘર કેમ વસાયેલું દેખાય છે ? ટૅક્સીને ભાડું ચૂકવી ઊંચા શ્વાસે હું ઉપર દોડી ગઈ. મરણિયા યોદ્ધાની જેમ ઉપર જતાં જ મેં ઘરના વસાયેલા દરવાજાને અધીર હાથોએ ફટાક દઈને ખોલી દીધા. અંદર જોયું તો મારી આંખો કંઈ જોઈ ન શકતી હોય અથવા કંઈ ઊંધું જ જોતી હોય એવો વહેમ પડ્યો. સામે જ જ્યાં પલંગ અને ડ્રેસિંગટેબલ હોવા જોઈએ તે ખૂણો સાવ ખાલી હતો. મારા પગમાંથી ચેતના ઓસરવા માંડી. ત્યાં તો બીજા ખૂણામાં બારી આગળ આરામખુરશીમાં ઝૂલતો નિકુંજ દેખાયો અને મને હાશ થઈ. મને જોઈને તે સફાળો બેઠો થઈ ગયો. બાજુમાં પડેલી ટિપાઈ ઉપર વાંકા વળીને એને હાથમાં પકડેલી બટાટાપૌંવાની રકાબી મૂકી દીધી અને દોડતાં સામે આવીને મને લગભગ ઊંચકી જ લીધી.

'ઓહ નિધિ ! તું આવી પહોંચી ?'

ઉત્સાહના અતિરેકમાં તેણે મને હચમચાવી મૂકી. પણ મારી નજર ઘરવખરી તપાસી લેતી હોય તેમ નિકુંજના મોંને ને ઘરના વાતાવરણને જોઈ વળી. નિકુંજના પ્રફુલ્લ મોંને, બટાકાપૌંવાની રકાબીને અને ઘરના બદલાયેલા વાતાવરણને જોઈ, મારી નજર ઘરમાં લૂંટાયેલા અસબાબને જોઈ ભોંઠી પડી હોય તેમ, મારા હૈયામાં જ ઊંડી ઊતરવા લાગી. નિકુંજ તો મારી પીઠમાં ધબ્બા મારતો, ગૌરવથી મને જાણે કોઈ આલીશાન નવા આવાસના ખંડેખંડ ફેરવી વળતો હોય તેમ આવતાંમાં જ પોતાની સાહેબી બતાવતો બોલવા માંડ્યો :

'જો આ કબાટ અહીં કેટલું સરસ લાગે છે ! ને આ પલંગ પાસે જ રેડિયો. અહીંથી સૂતાંસૂતાંજ સ્વિચ ઑન-ઑફ કરી શકાય. આ નાઇટલૅમ્પનેય બેડ-સ્વિચ લગાડી દીધી છે. આ તરફ અહીં તો જો, આ ટેબલખુલશીને આ ખૂણામાં ફેરવી દીધાં. બોલ, આ ખૂણાની શાન જ ફેરવી દીધી ને ! અને હજી તારું રસોડું બતાવું. જો, આવ અંદર, આ પાણિયારા પાસે જ ગૅસ ગોઠવીએ તો પાણી લેવાની કેટલી સગવડ થઈ જાય ! અને આ વાસણ મૂકવાની જગ્યા પણ વધારે મળે. અને આ પાંજરામાં તો દૂધ પણ છે હોં, ખાસ્સુ શેર ! બંદા ગટગટાવીને રોજ દૂધ પી જવાના ! અને નાસ્તો જેવોતેવો નહિ-કોઈ વાર બટાકાની કાતરી, કોઈ વાર તળેલા પાપડ ! અને અત્યારે જ તનેય વધ્યુંઘટ્યું મળશે હોં ! આ...આ લે બટાકાપૌંવા મોં ખોલ, ચખાડું ! શું સ્વાદિષ્ટ છે....કે બસ !'

'પણ છે શું આ બધું ?' મેં પડેલા અવાજે પૂછયું.

'કહું છું, કહું છું, હમણાં જ કહું છું. પહેલાં આ તારાં કપડાનું કબાટ બરાબર જોઈ લે, તારી એકેય સાડીની ગડી ચૂંથાઈ નથી... અને મારા આ મસલ્સ તો જો ! પંદર દિવસમાં બનાવી છે ને તબિયત ! હવે તો ખુશ ને ? અને કપડાં પણ જો મારાં ! છે કયાંય ડાઘ કે કરચલી ? પલંગની ચાદર પણ જોઈ લેજે, તારે બદલવાની કે ફરિયાદ કરવાની રહેશે જ નહિ ! તને જરાય દુઃખ ન થાય એવું જ વર્તવાનો મેં નિશ્ચય કર્યો હતો અને તેવી આશાય ખરી કે તું આવે એટલે મને પદ્મશ્રીનો ખિતાબ જ એનાયત કરે ! બસ ઇનામની રાહ જ જોઉં છું હવે તો.'

હવે મને લાગ્યું કે મારામાં બોલવાની શક્તિ જ રહી નથી, મારે કંઈક બોલવું જોઈએ, છતાં પ્રવાહ બરફ થઈ થીજી જતો હતો. નિકુંજનું એ તરફ ધ્યાન ગયું અને તે એકદમ અટકીને બોલી ઊઠ્યો,

'કેમ બોલતી નથી ? રિસાઈ છે ? કે બહુ થાકી ગઈ છે ? બેસ ને અહીં આરામ-ખુરશી પર બેસ.'

નિકુંજની પ્રફુલ્લતા જોઈ મારા હૈયાની ઉત્સુકતા કડાકાભડાકા કરી તૂટી પડી. કંઈ કેટલાય ટુકડા ઠેબે ચડવા માંડ્યા. ક્યાં છે મારે હાથે સજાવેલું ઘર ? ક્યાં છે મારો નિકુંજ ? હું ક્યાં આવી પડી છું ? આ કોનું ઘર છે ? મારી આસપાસની બધી આ નવી વ્યવસ્થાએ શું મને મારા જ ઘરમાંથી ઊંચકીને બહાર ફેંકી દીધી છે ?

'કેમ, નથી બોલવું ? હા, સમજ્યો, તું વિચારે છે કે આ બધો ચમત્કાર થયો કેમ, ખરું ને ? અરે મારી નિધિ...શું કહું ? તારા પુણ્યે કે પછી મારું નસીબ પાધરું, તે એક નાનકડો પણ ઉત્સાહી નોકર મળી ગયો છે. બસ વાત ન પૂછ ! તેણે તો પતિવ્રતા પત્ની જેવી મારી સેવા કરવા માંડી છે. મોંમાંથી બોલ પડે એ પહેલાં તો માગ્યું બધું હાથમાં ! ચાર જ દિવસમાં બધું કામ ઉપાડી લીધું. નવી નવી વ્યવસ્થાનો પાછો ભારે શોખીન હોં ! અરે, પાછો વળી સમજાવાય બેસી જાય અને વાતને અંતે ઉચ્ચારે કે બાઈસાહેબને આ જ ગમી જવાનું ! સાચું કહું ? હવે તો હું પહેલાં કરતાંય વધુ પાંગળો થઈ ગયો છું. પણ હવે તારે ડરવાનું નથી, હવે આ રામો, બીજી નિધિ જેવો નોકર જુવે છે ત્યાં સુધી જોઈએ એટલા દિવસ તને છુટ્ટી મળશે, બસ ? હવે ખુશ ને ? હમણાં એ નીચે ગયો છે, પડોશનું કંઈ બજારનું કામ કરવા. અરે, એને ખૂંચવી જવા, એને લલચાવી લઈ જવા પેલાં સુરેન્દ્ર, રામ-નિવાસવાળાં સંયુક્તાબહેન, નીચેવાળાં જમનામાશી તો અત્યારથી જ ફાંફાંય મારવા મંડી પડ્યાં છે. પણ છોકરો છે સાચો હીરો ! અને હુંય એમ છોડું તો ને ? લે તનેય હવે નિરાંત રહેશે, કહેતી'તીને કે હું તો વહુઘેલો થઈ ગયો છું ને આખો દા'ડો તારો છેડો ઝાલી ફર્યા કરું છું ? હમણાં પેલો આવશે ત્યારે તારે હાથે જ તેને બિચારાને કંઈ ઇનામ આપજે; આ બધું એણે સાચવ્યું એ બદલ. બોલ, શું આપીશ ? તારે એને ભારેમાં ભારે ઉપહાર આપવો જોઈએ હોં !'

મારી નસેનસ જાણે ખેંચાતી હતી. હું બેહોશ બનવાની અણી પર આવી ગઈ અને મને ઢળી પડતી જોઈને એ રાડ પાડી ઊઠ્યો, 'અરે... અરે નિધિ, શું થયું ?'

હું જ્યારે ભાનમાં આવી ત્યારે એમના એ માનીતો છોકરો હાથમાં પાણી અને ટુવાલ સાથે ઊભો હતો. હું પાછી ફરી ગઈ. મને ધખડતાં એને ઉદ્દેશીને બોલ્યા : 'મુસાફરીના થાકને લીધે આમ થયું લાગે છે.'

'અરે, હમણાં જ તમને ભાવે છે એવી ફર્સ્ટક્લાસ કૉફી બનાવીને એમને પાઈ દઉં છું. બહેનજી હમણાં જ કામ થઈ ગયાં સમજો ને !' ઝડપથી ચાલતાં તેનાં પગલાં રસોડા તરફ વળી ગયાં.

'નિધિ સાંભળે છે કે ? તારી ગેરહાજરીમાં હું ખરેખર ખૂબ આનંદમાં હતો... તારા સમ, મને કંઈ જ તકલીફ નહોતી પડી. તું હજી એવી જ રહી... મારી ફિકર કરી કરી અશક્ત બની ગઈ છે ? જો આ નોકરની મહેરબાની...'

મેં એમના મોંએ હાથ દઈ દીધો અને એમની સામે જોઈ કહ્યું :

'નોકરને મારા તરફથી ઇનામ પહોંચાડશો ?'

'ના, તું એક વાર ઊઠે પછી તારે હાથે જ...'

'નહિ, નહિ, અત્યારે જ, તમે જ આપી દો !'

વારુ, શું આપવાનું છે, કહે !'


'અત્યારે ને અત્યારે એને રજા આપી દો ! અને હું નિકુંજના ખોળામાં પડી ડૂસકાં ભરી મોકળે મને રડી પડી.'

✱✱✱

## આગમન

*ભાઈસાહેબ ઘરમાં રહેતા જ નહીં હોય ને !*
*કોણ ધૂળ-કચરો કાઢવાની તસદી લે ?*
*ચાના ઢગલા કપ-રકાબી*
*આમતેમ રવડતાં હશે.*
*કબાટને લૉક કરવાનું તો શીખ્યો જ નથી.*
*કો'ક દી બધ્ધું...*
*'ભાઈ તારી રિક્ષા આમ'*
*ડચકિયાં ખાતી કેમ ચાલે છે ?*
*આના કરતાં તો*
*હું ચાલતી*
*વહેલી પહોંચું.*
*ટેબલ-પલંગ પર ઊંધાચત્તાં પુસ્તકોના ઢગલા...*
*ને સિગારેટની રાખથી*
*ઊભરાતું હશે ઘર.*
*કૂંડામાં પાણી...*
*દૂધ નિયમિત ગરમ કરવાનું*
*યાદ કરાવ્યું*
*ત્યારે*
*'આટઆટલી સૂચનાને બદલે*
*તું જો જવાનું માંડી વાળે...'*
*તદ્દન નાનકુડા છોકરા જેવો*
*થોડા દી' પણ...*
*કમરે છેડો વીંટાળી*
*તાળું ખોલું છું.*
*પગથિયાં ચઢતાં જ*
*'સ્વાગતમ્'નું ચિતરામણ.*
*ધૂપસળીની સુવાસ*
*ને ચાંદી જેવું ચોખ્ખું*
*ઘર...*
*'લુ... ચ્ચો...'*

**-જયદેવ શુક્લ**



# તપસ્યા

**આ**જે રાત્રે પથારી માં હું પડખા ઘસી રહ્યો હતો...

શરીરમાં થોડો તાવ હતો...સાથે ઉધરસ પણ હતી...

ઊંઘ ન આવવા નું કારણ ઉધરસ કે તાવ ન હતું...એ હું જાણતો હતો...

આજની રાત મારા મમ્મી-પપ્પા સાથેની અને આ ઘર સાથે જોડાયેલી યાદો માટેની છેલ્લી રાત હતી.....

આવતી કાલે અમે મમ્મી-પપ્પાથી જુદા થઈ રહ્યા હતા..

ઉંમરલાયક મા-બાપે....તેમની સમગ્ર જિંદગી તોફાની દરિયામાં હલેસાઓ મારી મારીને મારી કેરિયર બનાવી મને કિનારે સલામત ઉતારી તો દીધો...

પણ હું કેવો સ્વાર્થી સંતાન છું કે મમ્મી પપ્પાને એ જ તોફાની દરિયામાં નુકસાન થયેલ નાવ સાથે એકલા મૂકી હું આગળ વધી રહ્યો હતો. મારો પણ વાંક એ હતો.. મેં પ્રેમ લગ્ન કરતી વખતે ફક્ત મારી પત્ની ડિમ્પલ નું રૂપ જ જોયું...હતું. તેના સંસ્કાર કે ગુણ ન જોયા.... રૂપનો નશો તો લગ્નના બે પાંચ વર્ષમાં ઊતરી જાય છે...પછી કડવી વાસ્તવિકતાઓ સામી આવતી જાય છે....

મારી પત્ની અને સાસરી પક્ષના આગ્રહ ને કારણે મેં જુદા થવાનો નિર્ણય લીધો..પપ્પા મમ્મીએ પણ કીધું બેટા તું સુખી રહે તેનાથી વધારે ખુશી અમારી શું હોય ?

એ તેમની મોટાઈ ગણો કે સેક્રિફાઈસ.

અચાનક મને ઉધરસ ચડી....મેં જોર જોરથી ઉધરસ ખાધી...

થોડી વાર પછી મારા બેડરૂમનું બારણું ધીરેથી કોઈ ખડાવતું હોય તેવું લાગ્યું. હું ઊભો થયો...બારણું ખોલી ને જોયું તો મા ઊભી હતી....હાથમાં પાણીના પ્યાલા સાથે ઊભી હતી. બોલી, બેટા લે ગરમ પાણી પી લે. ઉધરસમાં રાહત રહેશે.

મારી આખોમાંથી પાણી નીકળવા લાગ્યા.... હું વિચારતો હતો.. મારી બાજુમાં સૂતી મારી પત્નીને મારી ઉધરસનો અવાજ આવતો નથી અને આ અમારા બાજુના રૂમમાં સૂતી મારી માને ઉધરસનો અવાજ આવી ગયો... પ્રેમની તાકાત તો જુઓ..કોની વધારે....ગણવી . ?

અરે બેટા મારો હાથ છોડ મા બોલી.

ના મા તારો.. હાથ અને સાથ તો મારા માટે સ્વર્ગ છે...મારે તારો હાથ કે સાથ છોડી ક્યાંય નથી જવું.

એક કામ કર..મને ઊંઘ નથી આવતી.. થોડી વાર..મને તારા રૂમમાં મારા માથે હાથ ફેરવી આપ....હું ખૂબ થાકી ગયો છું....મેં ફક્ત રડવાનું જ બાકી રાખ્યું હતું.. હું સંપૂર્ણ તૂટી ગયો હતો.

થાકેલું તન અને મન માના ખોળામાં માથું મૂકતા જ હળવું ફૂલ બની ગયું...માથે મા નો હાથ ફરતો રહ્યો. મારો થાક ઊતરતો ગયો...સવારે.. ઊભા થઇ અચાનક મેં જોયું.. મા આખી રાત મારું માથું ખોળામાં રાખી બેઠી રહી...મેં કીધું અરે મા તું હજુ સૂતી નથી ..

બેટા.. તું એટલો મસ્તીથી ઊંઘતો હતો કે મને થયું.. તારી ઊંઘ બગાડવી નથી.

એક રાત્રીના અનુભવ માત્રથી મેં મારા નિર્ણયને બદલી નાખ્યો.

સવારે.. મેં ડિમ્પલને ફક્ત એટલું જ કીધું... હું મમ્મી-પપ્પા થી જુદો થવા નથી માંગતો.

ડિમ્પલ બોલી કેમ ?

મેં કીધું ડિમ્પલ લોકોની સવારે આંખ ખૂલે છે...મારી આંખ રાત્રે ખુલી ગઈ.

પણ હું આ ઘર માં નહીં રહી શકું.. ડિમ્પલ બોલી..

એ તારી માનસિકતા છે અને એ તારો નિર્ણય છે.. મારો નહીં...તું સ્વતંત્ર અને મુક્ત છે તારા નિર્ણય માટે.

મતલબ તમે મને પ્રેમ નથી કરતા, ડિમ્પલ બોલી..

ડિમ્પલ...સાંભળ ...પ્રેમનો મતલબ એક પથારી માં સાથે સૂવાનો નથી....પ્રેમ એ ફકત વાણીવિલાસ નથી..


પ્રેમ માટે ત્યાગ, સમર્પણ અને જતું કરવાની ભાવના હોવી જોઈએ...ડિમ્પલ. હું મારા મા બાપની આ ત્રીસ વર્ષની તપસ્યા નું પરિણામ છું .

થોડી વાર પછી હું ઊભો થયો... મેં જોયું તો ડિમ્પલ બાંધેલો સામાન ખોલતી હતી...મને જોઈ ઊભી થઇ દોડીને ભેટી પડી....બોલી સોરી ડાર્લિંગ.. મને એક મોટી ભૂલ કરતાં આજે તે રોકી છે...

મને પણ વિચાર આવ્યો, ભવિષ્યમાં આપણું સંતાન પણ અચાનક ઘડપણ માં આવી રીતે આપણને મૂકીને જતું રહે તો આપણું શું થાય ?

ડિમ્પલ....તારામાં રૂપની સાથે ગુણ ભળી જાયને... તો તારી બરોબરી કોઈ નહિ કરી શકે...થોડો સ્વભાવ અને આદત સુધાર....કહી મેં ડિમ્પલનો આભાર માન્યો...

✱✱✱



# જૈન સાધુ

'જૈન સાધુ એટલે દુનિયાની અજાયબી.'

આજના કાળનો ચમત્કાર... આધુનિક યુવક-યુવતીઓ કેમ દીક્ષા લેવા તૈયાર થાય છે ? જૈન સાધુ અપરિગ્રહનું વ્રત લેતા હોવાથી તેઓ પોતાની પાસે કોઇ રૂપિયા, સોનું, ચાંદી, દાગીના, જમીન, ફ્લેટ વગેરે રાખતાં નથી. તેમનું બેન્કમાં ખાતું નથી હોતું કે શૅરમાં રોકાણ નથી હોતું, બધી જ અપેક્ષાઓથી મુક્ત થઈ ગયા હોય છે. સમગ્ર ભારતમાં તેઓ પગપાળા જ વિહાર કરે છે. જૈન ધર્મના અંતિમ તીર્થંકર મહાવીર સ્વામી ભગવાને ભવિષ્યવાણી ભાખી હતી કે તેમના નિર્વાણ પછી ૨૫૦૦ વર્ષ પૂરાં થશે તે પછી જૈન શાસનનો અભ્યુદય થશે. જૈન શાસનમાં છેલ્લા કેટલાક દાયકાઓથી જે મોટા પ્રમાણમાં દીક્ષાઓ થઈ રહી છે તે જોઈને લાગે છે કે ખરેખર જૈન ધર્મનો અભ્યુદયકાળ શરૂ થઈ ગયો છે. આ દુનિયામાં એવી વ્યક્તિ શોધી કાઢો, જે જિંદગીભર વીજળીનો ઉપયોગ ન કરતી હોય, વાહનમાં બેસતી ન હોય, સ્નાન ન કરતી હોય, જેનું બેન્કમાં ખાતું ન હોય...જેની પાસે રહેવા માટે ગામમાં ઘર ન હોય, સીમમાં ખેતર ન હોય, જે બિલકુલ પૈસા ન કમાતી હોય, લગ્ન ન કરતી હોય, જેને પોતાનો કોઈ પરિવાર ન હોય. જેના પગમાં જૂતાં ન હોય, જેની પાસે પહેરવા માટે બે જોડી જ કપડાં હોય, જેની પાસે રેશન કાર્ડ કે આધાર કાર્ડ ન હોય...જેને પાસપોર્ટની જરૂર ન હોય, જેને દરજી, મોચી, હજામ, સુથાર, લુહાર, ઘાંચી, વણકર, કડિયો, ભરવાડ, કણબી વગેરે ૧૮ કોમની કોઈ જરૂર ન હોય, તેમ છતાં તે સુખી હોય! જૈન સાધુ અને સાધ્વીજીના રૂપમાં આવી હજારો વ્યક્તિઓ આપણી આજુબાજુ જીવી રહી છે.

૨૫૦૦ વર્ષ પહેલાંના જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો જેવી જિંદગી જીવતા હતા લગભગ તેવી જ સિમ્પલ જિંદગી તેઓ આજે પણ જીવી રહ્યા છે. આજના કાળમાં જ્યારે ગ્લોબલ વોર્મિંગની વિકરાળ સમસ્યા પેદા થઈ છે ત્યારે પણ મિનિમમ કુદરતી સંસાધનોનો ઉપયોગ કરીને જીવવાની બાબતમાં દુનિયાએ જૈન સાધુ-સાધ્વીજી પાસેથી પ્રેરણા લેવા જેવી છે. જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો કદી પેટ્રોલ કે ડીઝલ વડે ચાલતાં વાહનમાં બેસતા નથી, માટે તેઓ પર્યાવરણને ઝેરી ધુમાડાઓથી પ્રદૂષિત કરતા નથી. સાધુઓ ટીવી, ફ્રિજ, ફેન, ટ્યૂબલાઇટ, એસી, મોબાઇલ, કમ્પ્યુટર, લેપટોપ, લિફ્ટ, ગિઝર વગરે વીજળીથી ચાલતાં સાધનો નથી વાપરતા માટે ઊર્જાની બચત થાય છે. સાધુઓ પોતાની પાસે બિસલરીની બોટલ, પાણીના પાઉચ, ઝભલાં થેલી, પ્લાસ્ટિકના ગ્લાસ વગેરે રાખતા નથી, માટે તેમના થકી પ્લાસ્ટિકનો કોઈ કચરો થતો નથી. સાધુ રસ્તામાં ક્યાંય થૂંકીને ગંદકી ફેલાવતા નથી. તેઓ ફ્લશ ટાઇપના કે સાદા જાજરૂઓ પણ વાપરતા નથી, માટે તેઓ નદીનાં પાણીને પ્રદૂષિત કરવામાં નિમિત્ત બનતા નથી.....જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો દીક્ષા વખતે જે પાંચ મહાવ્રતો ધારણ કરે છે, તેનું સ્વરૂપ પણ સમજવા જેવું છે. તેમનું પહેલું મહાવ્રત સર્વથા જીવહિંસાથી દૂર રહેવાનું છે. આ મહાવ્રતનું પાલન કરવા તેઓ જિંદગીભર જેમાં જીવ હોય તેવા કાચા પાણીનો સ્પર્શ સુધ્ધાં કરતા નથી. સ્નાન કર્યા વિના પણ બ્રહ્મચર્યના પ્રભાવને કારણે તેમની ચામડી સ્નિગ્ધ અને તેજસ્વી હોય છે. જૈન સાધુ કદી રાંધ્યા વગરનું અનાજ, સલાડ કે તાજાં ફળો ખાતાં નથી, કારણકે વનસ્પતિમાં પણ જીવ છે. તેઓ મરણાંતે પણ અસત્ય બોલતા નથી. તેમને જીવવા માટે રૂપિયાની જરૂર નથી, માટે કોઈનું ધન ચોરી લેતા નથી...જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો દીક્ષા ગ્રહણ કરે ત્યારથી મરણ પર્યંત સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળે છે. ત્યાં સુધી કે સાધુ ભગવંતો પોતાનાં સંસારી અવસ્થાના માતુશ્રી, બહેન કે પુત્રીને પણ અડી શકતા નથી. સમગ્ર ભારતમાં તેઓ પગપાળા જ વિહાર કરે છે. તમામ પ્રકારની ભૌતિક સુખસુવિધાઓ વગર પણ જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોના ચહેરા પર કાયમ પ્રસન્નતા અને મનમાં પરમ શાંતિ જોવા મળે છે, તેનું કારણ એ છે કે તેઓ તમામ પ્રકારની અપેક્ષાઓથી મુક્ત થઈ ગયા છે, જે દુઃખનું મુખ્ય કારણ છે. સમાજથી દૂર રહેવા છતાં તેઓ સમાજની નાડ બરાબર પારખે છે, માટે યુવાનોથી માંડીને બાળકોને અને વેપારીઓથી માંડીને ઓફિસરોને તેઓ મૂંઝવણમાં સાચું માર્ગદર્શન આપી શકે છે. તેમની પાસે જ્ઞાનનો ખજાનો હોય છે, જેને જોઈને પંડિતો પણ પ્રભાવિત થઈ જાય છે. જૈન સાધુઓ અદભુત કહી શકાય તેવી વક્તવ્ય કળાના સ્વામી હોય છે. હજારોની મેદનીને તેઓ ડોલાવી શકે છે...ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં ગૌતમ સ્વામીને દીક્ષા આપીને જૈન શ્રમણ સંઘ નામની સંસ્થા સ્થાપી હતી અને તેનું બંધારણ જૈન શાસ્ત્રોના રૂપમાં ઘડ્યું હતું. આ સંસ્થાનો મૂળ ઢાંચો આજે પણ જેમનો તેમ છે.....આજે પણ હજારો જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો પંચમહાવ્રતોનું વફાદારીથી પાલન કરીને પોતાના આત્માનું અને જગતના જીવોનું સતત કલ્યાણ કરી રહ્યા છે....નવી પેઢીના સેંકડો યુવક-યુવતીઓ આજે પણ ભગવાન મહાવીરના ઉપદેશનું શ્રવણ કરીને દીક્ષા ગ્રહણ કરી રહ્યા છે અને જગતમાં સંયમનો ડંકો વગાડી રહ્યા છે...આધુનિક શિક્ષણના રંગે રંગાયેલા સેંકડો યુવક-યુવતીઓ દીક્ષા લેવા તૈયાર થાય છે તે પણ આજના કાળનો ચમત્કાર જ છે...

'આવા સાધુ -સાધ્વીજી ભગવંતોને કોટિ કોટિ વંદના ....'

✱✱✱



# ગામડાંનાં...

□ કલ્પના જિતેન્દ્ર

'દીકરો તારા હાથમાંથી જાય નહિ જોજે હોં !'

'શું મમ્મી, તું પણ ?'

'ના-ના, સાચી વાત છે. હમણાં હમણાં તારા મોઢે તારા સાસુની જ વાત હોય છે. પરમના સમાચાર પૂછું કે એક જ વાત આવે, 'એ દાદી સાથે રમે છે કાં તો 'વાર્તા સાંભળે છે.' ટૂંકમાં, હોય તો આખો દિવસ એમની પાસે જ !'

'સાચી વાત છે મમ્મી, પરમ એમની સાથે ખૂબ હળી ગયો છે. હું તો ઑફિસે હોઉં, આખો દિવસ એ જ તો ઘરે હોય છે.'

'તારી આયા ક્યારે આવવાની છે ?'

'શી ખબર ? આઠ દિવસનું કહીને અઢાર થયા તોય આવી નહિ, એટલે તો સાસુમાને બોલાવવાં પડ્યાં.'

સાસુમાને બોલાવવાની વિશ્વાની બિલકુલ ઇચ્છા નહિ, પણ શું થાય ? ગરજ પડી કે બોલાવવાં પડ્યાં. અગાઉ એમણે સામેથી જ બે ત્રણ વાર આવવાની ઇચ્છા વ્યક્ત કરી હતી, પણ એણે મોં-મન આપ્યાં નહોતાં. સસરાના અવસાન પછી તો સુધાંશુંય એમને અહીં લાવવા ઇચ્છતો હતો, પણ એણે જ રોક્યો હતો.

આમ તો એ અત્યંત સરળ સ્વભાવનાં ને માયાળુ, પણ એમની ગામઠી રીતભાત વિશ્વાને ગમતી નથી. સાડલો ઊંચો ઊંચો પહેરે ! મેચિંગ વગરનું બ્લાઉઝ, અડવા હાથ ને પગમાં સસ્તી સ્લીપર, ગળામાં તુલસીની માળા ને માથુંય મૂંડાવી નાખેલું ! અધૂરામાં પૂરું જમ્યા પછી દાંતે બજર ઘસવા બેસી જાય ! એવી તો ચીતરી ચડેને !

જ્યારે એને બધું સાફસુથરું ને વ્યવસ્થિત જોઈએ. એ પોતેય ઈન્ટીરીઅર ડેકોરેટર, બંગલાને કલાત્મક સજાવેલો. ઈરાનના ગાલીચા, કાચનાં ઝુમ્મરો, હાંડીઓ ને આકર્ષક શિલ્પો ! ખજૂરાહોનાં શિલ્પની વચ્ચે આ જીવંતમૂર્તિ કેવી વરવી લાગે ? કોઈ ઘરે આવે તો ઓળખાણ કરાવતાંય સંકોચ થાય. જોકે સારું છે કે એ પોતેય સમજે છે, એટલે કોઈ આવે ત્યારે રૂમની બહાર જ નથી નીકળતાં !

કોણ જાણે પરમને આવાં દાદીમા કેમ ગમે છે ? ને હવે તો પાછો હંમેશાં અહીં રાખવાની વાત કરે છે ! ''આયા પાસે નહિ રહું, મારે તો દાદીમા જ જોઈએ'' એમના કાળા મૂંડા પર ઝીણા ઝીણા સફેદ વાળ ઊગ્યા છે, કેવાં કદરૂપાં લાગે છે ?... ને પરમને સાનંદાશ્ચર્ય થાય છે ! કુતૂહલથી માથે હાથ ફેરવે ને પાછો ખુશ થાય !

જ્યારે મમ્મી ?... એય વીડો જ છે ને ? તોય બૉયકટ રાખે છે. ચુસ્તી ને સ્ફૂર્તિ કેવી ? રહે છેય અપટુડેટ. બ્યુટીપાર્લરની મુલાકાત નિયમિત લેવાની ! સાથે બહાર નીકળીએ તો મા-દીકરી નહિ, બહેનો જ લાગીએ. રૂઆબ પણ કેવો ? સ્કૂલમાં પ્રિન્સિપાલ છે. કોઈ વિદ્યાર્થીની હિંમત નથી કે સામે ચૂં કે ચાં કરે ! શિક્ષકો અને ઑફિસ સ્ટાફ પણ એનાથી ફફડે ! પરમને બીક તો એમની જ !

પરમ માટેય એમની સખત તાકીદ. 'છોકરાને ફટવી મારતી નહિ, સ્ટ્રિક્ટ રહેજે !' જોકે પોતેય સ્ટ્રિક્ટ જ છે ! શિસ્તના પોતાના ચોક્કસ નિયમો છે ને પરમે એને અનુસરવું જ પડે છે. ઘણી વાર એ અકળાય. ગુસ્સે થાય, ધમપછાડા પણ કરે ! ક્યારેક તો પોતાનેય થાય કે આમાં બાંધછોડ કરું, પણ ત્યાં જ કાનમાં વાગે, મમ્મીના શબ્દો : 'જોજે ! ખોટાં લાડ કરીને ચડાવતી નહિ !

લાડ તો આ દાદીમા લડાવ્યા કરે છે ! કોઈ કામધંધો નહિ, આખો દિવસ નવરાંધૂપ ! બીજું કરેય શું ? ખોળામાં સુવરાવે, રાત્રે મોડે સુધી પડખામાં લઈ વાર્તા સંભળાવે ને વળી પરમના જેવું જ કાલું કાલું બોલીને એને હસાવે.

આવાં ખોટાં લાડ લડાવવાની શી જરૂર ? પોતે લાડ વિના જ ઉછરી છે ને ? જાતે જ બધું શીખીને તૈયાર થઈ. સમજણી થઈ ત્યારથી મમ્મીને બીઝી જોઈ છે. એની પાસે સમય જ ક્યાં હતો ? તોય પોતે આટલી હોશિયાર છે. સમાજમાં એક નામ, એક પ્રતિષ્ઠા છે !

ને આ તો એકલો રહી શકતો નથી. વાત-વાતમાં 'દાદીમા...દાદીમા... !' આદત પડી ગઈ છે એમની ! કાલે બપોરે કહે, 'દાદીમા, મારી સાથે રમવા આવોને !'

સાસુમા બોખલું હસી પડેલાં; 'હું કાંઈ તારા જેવડી છું ? કોમન પ્લોટમાં કેટલાં બધાં છોકરાં રમે છે. એની સાથે રમને !'

'ના...ના ! મમ્મી ના પાડે છે, એમની સાથે ન રમાય. એ તો મિડલક્લાસના છે.

'એમ ? એવું છે ?... સારું હું આવું છું...' એ આરામ કરતાં હતાં તોય ઊઠી ગયાં.'

પોતે જોઈ શકી કે એમને પલંગ પરથી ઊઠવામાંય તકલીફ પડતી હતી, તોય ઊભા થયાં, બિલકુલ કંટાળ્યા વિના ને ચહેરા પર અણગમાના ભાવ વિના ! પરમે જેટલા ઉત્સાહથી કહ્યું એટલાં જ ઉમળકાથી એમણે સ્વીકારી લીધું.

વિશ્વા યાદ કરવા મથી, ક્યારે મમ્મી પોતાની સાથે આવી રીતે રમવા આવી હશે ? સ્મરણમાં તો કાંઈક જુદું જ આવ્યું. નાનપણમાં એક-બે વાર આ જ રીતે મમ્મીના આરામના સમયે રમવાની જીદ કરી, તો એણે તરછોડી નાખી હતી ! બહાર રમવા નહિ જવાનું ને ઘરમાં કોઈ રમનાર નહિ, મમ્મી રમાડે નહિ ! તો કરવું શું ? ત્યારે તો ટી.વી. પણ નહિ, હા, રેડિયો હતો, પણ એ તો મમ્મી સૂતી હોય એટલે વગાડાય નહિ !

આ સાથે જ વિશ્વાને ખ્યાલ આવ્યો કે મમ્મીએ જે રીતે એના ઉછેર કર્યો, એ જ રીતે એ પરમનો કરે છે ! તફાવત એટલો કે પોતે

મમ્મીની ગેરહાજરીમાં ઘરમાં એકલી એકલી ગોંધાયા કરતી, જ્યારે આજે પરમ માટે આયાની વ્યવસ્થા કરી છે ને ઘરમાં ટી.વી. કોમ્પ્યુટર, મોબાઈલની સુવિધા છે.

આ એની એ જ ઘરેડમાં પરિવર્તન ન લાવી શકે ?

સાસુમા પરમને લાડ કરે એમાં અજુગતું શું લાગે છે ? કદાચ પોતાને આ લાડ-પ્યાર નથી મળ્યાં એટલે ? પોતાને જે નથી મળ્યું એ બીજાનેય ન મળવું જોઈએ એવું ? વહાલા દીકરાનેય નહિ ? આમ જોઈએ તો આમાં કાંઈ ખોટું નથી. ઘરડાં દાદીમા પોતાનું બધું વહાલ પૌત્ર પર ઢોળી રહ્યાં છે, નિઃસ્વાર્થ ને નિર્દોષ વહાલ !

તે દિવસે, શરીરમાં વા, ઘૂંટણ દુઃખે, ચાલવામાં તકલીફ તોય મંદિરે ગયાં. ‘ગામડે તો હું રોજ મંગળા આરતીનાં દર્શને જઈ આવું પછી ઓટલા પર ખાટે જ બેઠી હોઉં ! જતાં આવતાં સૌ જેશ્રી કૃષ્ણ કરતાં જાય, જરાય એકલું ન લાગે.’ પરમને આંગળી પકડીને સાચવવો પડે તોય સાથે લઈ ગયાં ને પાછો પરમ પોરસાય, ‘‘મમ્મી, મેં દાદીમાને મંદિર બતાવ્યું, દાદીમાએ મને તેડીને ઘંટ વગડાવ્યો, એવી તો મજા પડી ને ?’’

પરમને દાદીમા સાથે મજા પડે છે, તો પછી પોતાને ખૂંચે છે શું ? સાસુમા પણ ગમતાં નથી કેમ ? એમની સરળતાને કારણે ? દેશી રીતભાતને કારણે ?

એટલું સારું છે કે એ એમની રીતભાત દીકરાને માથે થોપતાં નથી. ઊલટાનું પરમ એમને શહેરની રહેલીકરણી શીખવતો હોય છે ! છતાં ક્યારેક કોઈની હાજરીમાં કોઈક કફોડી સ્થિતિમાં મુકાઈ જવાય તો ઓશિયાળુ ને લાચારીથી હસી દે છે, ‘‘અમે તો ભાઈ દેશી માણસ, તમારી રીતભાત ન આવડે તો તમતમારે કહી દેવું, મારાં સાસુ ગામડાનાં છે.’’

આમ તો બિચારાં સાવ ભોળાં છે.

પરમને એટલે જ ગામડાનાં દાદીમા વધારે ગમે છે, આખો દિવસ પાસે ને પાસે રહે ! શહેરનાં નાનીમાથી એ દૂર ભાગે છે ! મમ્મીએ ઘણીવાર આવવાનું કહ્યું, પણ આવી શકતી નથી. વળી કહે, ‘પરમ મને યાદ કરે છે ?’

‘ના ! બિલકુલ નથી કરતો !’ હોઠ સુધી આવેલા શબ્દો પાછા ગળી ગઈ. ખોટે ખોટી હાએ હા કરી.

પરમની પાસે મમ્મીનાં એવા તે ક્યાં સ્મરણો છે કે એ યાદ કરે ? દૌહિત્ર યાદ કરે એવું નાનીમાએ આપ્યું છે શું ? દીકરી માટે સમય નહોતો તો દીકરીના દીકરાની તો વાત જ ક્યાં ?

સાસુમા ભલે દેશી ને અભણ રહ્યાં પણ દીકરાને કેવો સાચવે છે !

પણ મમ્મીના કહેવા મુજબ એ પરમને પોતાનો કરી લેશે તો ? એની સલાહ કેમ અવગણાય ? ‘એમને ગામડે જ ધકેલી દે ! સુધાંશુને નહિ ગમે, પણ ટેકફૂલી કોઈ રસ્તો કાઢજે.’

મોબાઈલમાં કોયલનો ટહુકાર, ને મમ્મીની તાકીદ : ‘રિઝર્વેશન કરાવી લેજે સમયસર, જગ્યા નહિ મળે તો ડોશીમા અહીં જ ચોંટી પડશે ! મને તારી બહુ ચિંતા રહે છે, બેટા !

મમ્મીને કેવું સૂઝે છે ! આટલાં કામમાંય મારી ચિંતા !

... પણ સાસુમા જતાં રહેશે તો પરમનું શું ?

... એક તો આટલું કામ ને વળી પાછું ટેન્શન ?

વિશ્વાને ચક્કર આવવા માંડ્યાં. માથું પણ ફાટફાટ થાય છે. બે હાથે માથું પકડીને બેસી ગઈ. હાઈ બ્લડપ્રેશરની પેશન્ટ છે. ટેન્શન થાય એટલે બી.પી. તો વધવાનું જ !

ડૉક્ટર પાસે જઈ આવી. બે દિવસ ફરજિયાત આરામ કરવાની તાકીદ કરી.

ઑફિસકામ તો ખરું જ ઉપરાંત આ ઘરકામ ? આયા નથી, આજે તો રસોયણબાઈ પણ નથી આવી. આદતવશ મમ્મીને ફોન કર્યો, ‘‘તારી બાઈ આવી શકશે બે દિવસ ? તું તો જાણે છે, મને કે પરમને હોટેલનું જમવાનું ફાવતું નથી.’’

‘મને લાગે છે કે રસોયણ ત્યાં આવવામાં ગલ્લાંતલ્લાં કરશે. તબિયત સાચવજે, ખબર કાઢવા આવી જઈશ.’

.... ને હંમેશની જેમ મમ્મીને સમય ન મળ્યો !

મમ્મી ખબર કાઢવા તો ન આવી! જો, ખરેખર મારી ચિંતા થતી હોત તો ભલે રસોયણ ન આવી શકી, પણ ઘરેથી ટિફિન તો મોકલી શકત ને ? ડૉક્ટર કહે ટેન્શન ન કરવું પણ થાય તો ખરું જ ને ?

જો કે વિશ્વાની ચિંતા ખોટી હતી !

સાસુમાએ ઘર-રસોડું સંભાળી લીધાં, ડૉક્ટરે ઊંઘવાની ટેબ્લેટ આપેલી. એ જાગી ત્યારે તો ઘર ચોખ્ખું ચણાક ને સ્વાદિષ્ટ રસોઈ પણ તૈયાર !

એ એકદમ હળવીફૂલ !

ટેન્શન ?.... ટેન્શન ક્યાં છે જ ? ... શેનું ટેન્શન ? .... એ પોતે જ ઊભું કરે છે !

સાસુમાની હાજરી ત્રાસરૂપ છે કે આશીર્વાદરૂપ ?

...પણ...પણ...મમ્મી ? ... મમ્મીની સલાહ ?

મોબાઈલની મધુર રિંગ સાથે મમ્મીનો કર્કશ અવાજ : ‘રિઝર્વેશન કરાવી લીધું ? તને સમય ન હોય તો હું કરાવી લઉં ! નહિતર તારાં સાસુ અહીં જ રહી પડશે !’

વિશ્વાએ એક પણ શબ્દ બોલ્યા વિના ફોન સ્વિચ ઑફ કરી દીધો.

જરા વાર કાંઈક વિચારતી રહી, ફરી મોબાઈલ હાથમાં લીધો, ઑફિસમાં આસિસ્ટન્ટને સૂચના આપી : ‘આપણા બંગલાનો મોટો રૂમ ડેકોરેટ કરવાનો છે. સંખેડાના ફૂલ ફર્નિચર સાથે હિંડોળો ખાસ જોઈશે. માતાજીની નાનકડી મૂર્તિ સાથે આરસનું કલાત્મક મંદિર પણ મૂકવું છે. અંબાજી માર્બલની ફેક્ટરીમાંથી મળી જશે. તમે બંને જગ્યાએ ગાડીમાં જઈ આવો, ત્યાં સુધીમાં હું ડિઝાઈન તૈયાર કરું છું. ગામડેથી બા આવ્યાં છે. હવે અહીં જ રહેશે, એમનો રૂમ તૈયાર કરવાનો છે.’

✶✶✶

# મારું કાસાર

☐ હસમુખ કે. રાવલ



સમય સમુદ્ર જેવો છે. છુપ્પા-છૂપીની રમત એને ખૂબ ગમે છે. એક જ મોજું, ને આપણા હાથનું ફૂલ અંતર મંતર જાદુમંતર છૂ કરી દે. ફૂલનો આકાર, રંગ, મહેક અરે નામ સુધ્ધાં બધું ભુલાવી દે. અને એ જ દયાનિધિ કાલાન્તરે હસતો રમતો રમતું મોજું બની આપણી પાસે આવે. આપણી આંખો બંધ કરાવે ને સ્મૃતિવટો ભોગવતું પેલું ફૂલ આપણી હથેળીમાં મૂકી પણ દે. એ જ આકાર, એ જ રંગ, એ જ મહેક, એ જ નામ, એ જ ફૂલ. આપણા હાથમાં હતું તેવું જ તાજું ફોરમતું ફૂલ.

આજે પણ એવું જ થયું. સંસ્કૃત ભાષામાં પ્રવેશ કરતી મારી નાની બેટી કાસાર શબ્દ લઈને મારી પાસે આવી. મેં આસાનીથી કહી દીધું : કાસાર એટલે તળાવ. પણ ત ળા વ બોલતાં મારી મનસરોદ જે રણઝણી, સ્મૃતિવટો ભોગવતું એ કાસાર 'કાસાર રાગ' બની ગુંજતું રહ્યું.

કાસાર એટલે મોજે ગામ કાંસા, તાલુકે વિસનગર, જિલ્લે મહેસાણાનું તળાવ. ચશ્માં નાકના ટેરવા સુધી સરકાવી હાથમાં સોટી લઈ શિવરામસાહેબ પૂછતા : વિહનગર તાલુકાનાં ગાંમ ક્યાં ? ને અમે રાગોડતા : કાંસા, કડા, ગોઠવા, વાલમ, ભાલક ને ભાંડું. એ અવ્વલ નંબરમાં બોલાતું કાંસા ગામનું નામ નાનપણથી જ ઉખાણું બની અમારા લોહીમાં ભળી ગયેલું. સાલું વિસનગર, વડનગર બધાંનાં નામ પાછળ કડીબદ્ધ ઈતિહાસ. તેમના વિશેની જાતજાતની વાર્તાઓ બા કહે. લાઈબ્રેરીનાં પુસ્તકો પણ પ્રકાશ પાડે. પણ અમારા કાંસા - કાંહા ગામના નામની ના ક્યાંય કડી મળે, ના ક્યાંય પગેરું મળે. કાંસા નામ કેમ પડ્યું એની વાત ન તો ગામનાં ઘૈડિયાંએ કરી, ન તો શિક્ષકોએ કરી, ન તો ચોપડીઓએ કરી.

અમને છોકરાંઓને કાંસા નામની ઉત્પત્તિ, વ્યુત્પત્તિ, ઈતિહાસ જાણવાની ધાંખ. તેથી બધા દોસ્તારો ગજા પ્રમાણે કલ્પનાઓ દોડાવતા ને વાર્તાઓ ઘડતા. અમારા અનોપજી રજપૂતના રાજમાર્ગ પર બારણું પડતા ઘર આગળ પથ્થરની મોટી શિલા પડેલી. તે પરથી અમારા એક મિત્રે વાત ઘડી. પહેલાં વિસનગરનો વિસ્તાર કાંસા સુધી હતો. અનોપજીના આ પથરા પર ટીપી ટીપીને કંસારા વાસણો ઘડતા. કંસારા પરથી આપણું ગામ કાંસા. તરત તો બધા માની ગયા. પણ ચોમાસું આવ્યું ને આખા ગામનું પાણી અનોપજીના પથરે ઘસડાતું વહેવા લાગ્યું. ત્યારે સૌને સમજાયું કે આ તો પાણીથી બચવા પથરો મુકાયો છે. તો બીજાએ વધારે ઊંડી ડૂબકી મારી શોધી કાઢ્યું : કોઈના ગાલ્લાનું કે જીપનું પૈડું ઘરની ભેંતે નોં પહડાય માટે પથરો મૂચ્યો સ, ઓવ, આ હાંમેનો કોટ પણ એટલા માટ જ. ભૈ, ગાંમનું પાણી જતું વોય તો જાપતો તો રાખવો પડન.

આમ વાતો તો આવતી-જતી રહી પણ ઉખાણું ઉખાણું રહી ગયું.

વર્ષોથી સંતાયેલું ઉખાણું જાણે આજે ફટાક કરતું ઊકલી ગયું.

દીકરીએ પૂછ્યું કાસાર ને જવાબ દોડી આવ્યો. કાસારનો 'ર' કાળના વહેણમાં ઘસાઈ ગયો. બચ્યું કાસા. અને તેના પર મહેસાણા > મેહાંણાની બોલીનો ઢોળ ચડ્યો તે કાસાર > કાસા > કાંસા > કાંહા થયું.

કાસાર આમ તો વિસનગરના દેળિયા તળાવની હરીફાઈ કરે એવું મોટું. છતાં તેને સરોવર કહેતાં સંકોચ થાય. વિસનગર અને વાલમની નાગરસંસ્કૃતિઓ વચ્ચેનું આ જાનપદ ક્ષેત્રનું કલ્ચર ઍગ્રિકલ્ચર. ભેંસ, છાણ, ખાતર ને ખેતર. વળી ચાર અને ચરોથી લથપથ આ ભૂમિ માટે સર-સરોવર જેવા નાગરી શબ્દ વાપરીએ તો કદાચ પ્લાસ્ટિકિયા ચાંદલા જેવો લાગે. તેને તો કાસારા કહી કંકુનો ચાંલ્લો કરવો વધારે સુસંગત લાગે છે.

ચૈતર-વૈશાખની લૂ ઝરતી આગમાં બધે પાણી સુકાય પણ કાસાર બચ્ચા ન કહે. ખાબોચિયા જેવુંય જીવે જીવે ને જીવે જ. માલધારીનાં બકરાં-ગાડરાં આવે. કાસારની પરબ તેમને નિરાશ ન કરે. કણબી ગાડાં ભરી કાંપના ખોટ ખેતરોમાં લઈ જાય એમ કાસાર ઊંડું થતું જાય.

પણ ખરી મજા ચૈતરની ચાંદનીમાં આવે. કાસાર માત્ર નામનું બચ્યું હોય. બાકી ધૂળના ઢગલા. ગામનાં છોકરા, જુવાનિયા, રજાઓમાં આવેલા મહેમાન પરોણાસમેત બધાંએ ગામમાં ન બફાતાં ખુલ્લી ચોપાટી પર અડ્ડા જમાવ્યા હોય. અહીં પહેરણવાળા હોય એ મહેમાન ને બંડીધારી બધા ગામના, સ્થાનિક, લોકલ, રેડિયો હોય નહીં. પણ દૂર કોઈના લગનના માંડવે જનરેટરની કૃપાથી ફિલમનું ગાયન રેંકતું હોય. અહીં બંડીનાં ખિસ્સામાંથી પરચૂરણ નીકળે. હરખપદૂડાં છોકરાં મુઠ્ઠીમાં પરચૂરણ લઈ વાણિયાની દુકાને દોડવા અધીરાં હોય. ઝટ્ટ જાય ને ચણા-સિંગનું પડીકું લઈ પટ્ટ આવે.

પાંચ-સાતની મંડળી વચ્ચે પડીકું છૂટે. હાથ લંબાય. એટલામાં કોઈ દોડતું આવી ટોળીમાં ગપ્પ કરતું બેસી જાય. પાછળ વાડીનું રખોપું કરતો રખેવાળ ડંગોરો ખખડાવતો આવે. ને પૂછે : માધિયો આયો સ ? બધા એકબીજાને જોઈ રહે. ત્યાં એક જણ બોલે : કયો માધિયો ? નાથુકાકાનો માધિયો ? ઓવ. એ તો જ્યો પેલી

પેપેરો પાસળ.

રખેવાળ જાય એટલે માધિયો ખુદ ખમીસની ચાળમાંથી ચીકુ, બપૈયું કે લીંબુ કાઢતો ખડખડાટ હસે ને કહે : ટટકારોં તમતમારે આસપાસ હુતુતુતુ, અગરપાઠ, ખોખો, પકડદાવ ચાલે. કેટલાક થાક્યાપાક્યા ચાંદો જોતા ઊંઘી ગયા હોય ને નવા પરણેલા ઠીક ત્યારે કાલે મળીએ બોલતા વીખરાવા માંડે.

નિશાળો ઊઘડે ને નવી ચોપડીઓ - નોટો આવે. તેમનાં રંગરંગીલાં પૂંઠાં જોતાં જોતાં છાપાનાં પૂંઠાં ચડાવ્યાં હોય. મસ્ત રીતે દફ્તર ગોઠવેલું હોય. ને નિશાળે જતાં કે આવતાં ઓચિંતી આંધી ચડે ને મેઘો મંડે. મંડે તો ભૈ, એવો મંડે કે ઝાડઝાંખરાં વીંઝોડી નાખે. કંઈ દેખાય નહીં. ને ખોંગો થઈ જે મંડે ડે મંડે. દફ્તર-બફ્તર છાતીસરસું દબાવી રાખીએ તોય બધું લથરપથર. દિયોરને મણ મણની ચોપડાવીએ. પણ ગામમાં આવી બધું ભૂલી જઈએ.

થાય, કાસારમાં કેટલું પાણી આવ્યું હશે. કોથળા ઓઢી, છત્રીઓ લઈ છબક છબક પાણી ડોળતા કાસારના કિનારે પહોંચીએ. ઠેર ઠેર કૌતુક ઓઢી થથરતી ટોળીઓ હોય. ને મોટેરાં જવાબ દે : બે મહિનાનું પાંણી થયું સે. અમે કપડાં ધોવાના પથરા કેટલા અંદર ડૂબ્યા હશે એનો તાગ મેળીએ. ને એ આવતા પાણીનો આવરો જોવા પ્રદક્ષિણા કરતા પહોંચીએ પેપેરવાળા આરે. જ્યાં જઈએ ત્યાં કુતૂહલ જ કુતૂહલ. તહેવાર હોય એમ માણસો પલળતા, લપસતા, છીંકો ખાતા. નવું આવતું પાણી દૂધમલ દૂધમલ. જાણે કાસારના હોઠે દૂધની બાટલી. એક રાતમાં કાસાર બે મહિના મોટું થઈ ગયું હોય.

પહેલા વરસાદે હળોતરા થાય. હળે જોતરેલા બળદથી ભાગોળ ઊભરાય. ખેડૂતોના કપાળે કંકુના ચાંલ્લા હોય. આ ચાંલ્લા કોઈ બ્રાહ્મણ કે મહારાજે ન કર્યા હોય. મા બેટી ભાભી કાકી કે ઘરવાળીએ શકન કરાવ્યા હોય. ઘૂઘરા ઘમકાવતા બળદ ખેતરની વાટે ઊપડે. ઉનાળાના તાપમાં ગમાણે પુરાયેલી ભેંસો પણ નીકળી પડે. ભેંસોના રખેવાળ સરતાન દેસાઈ, તેમની લાકડીના ઈશારે ભેંસોનું ધણ ચરાની મોકળાશ મહાલે.

અષાઢ સુદ અગિયારસ. ગૌરીવ્રત. ગામની કન્યાઓ કાસારના તાજા પાણીમાં ઊમટી પડે. છાસનો શેમ્પૂ ને ઉસનો પાઉડર. શરીર અને કપડાં ઊજળાં થાય. ઝગમગતા પિત્તળના લોટા જળે ભરાય. 'પીતળ લોટા જળે ભર્યા, સાહેલી રે' ને 'તેત્રીસ કરોડ દેવ જાતરાએ જાંય સ'નાં ગાણાં ગાતી તેમની કૂચ મહાદેવે જાય, પીંડી પર કલાકો સુધી અભિષેક થતો રહે.

ગોળ-ટોપરાં ખાતી ઉપવાસી કન્યાઓ દિવસો પહેલાં વાવેલા લીલચટા જવારા જોતી રહે. આથમતા અજવાળે પાછાં વળતાં હળ કાસારનાં પાણી પીતાં આરતીના ડંકે પાછાં ફરે. કામમાંથી મુક્ત થયેલી કન્યાઓ ઈશ્વર-પારવતીનાં ગાણાંથી મહોલ્લા ગજવતી દોટંદોટ કરતી રહે. કાસારની ચીકણી માટી ને સાંઠીકડાંથી ઈશ્વર-પારવતીની ઊંચી મૂર્તિઓ બનાવે, ચણોઠીની આંખો ને ચોખાના દાંત. નાનકડો કાનુડો પણ બને, તેનું ઘોડિયું પણ હોય. ને પાંચ દિવસના આનંદ પછી કાસારના કિનારે મૂર્તિઓનું વિસર્જન થાય.

શ્રાવણમાં તો કાસાર ટકોટક ભરાઈ ગયું હોય. ઢોલ-ત્રાંસાં સાથે ગામલોક અને મુખીએ નવાં પાણીનાં વધામણાં કર્યાં હોય. કાસાર પૂરા જોબનમાં મહાલતું હોય ત્યારની લીલા ન્યારી હોય.

કાસારની સૌથી મોટી વિશેષતા તેનો આકાર. શ્રાવણ-ભાદરવામાં તો અદ્દલ હિન્દુસ્તાનના નકશા જેવું લાગે. અમારા ખડભી આરેથી જોઈએ તો લાગે આપણે મદ્રાસ-ચેન્નાઈ પર ઊભા છીએ. ઢોરા આરેથી જોઈએ તો લાગે આપણે કન્યાકુમારીના છેડે ઊભા છીએ. પરા બાજુથી જોઈએ તો લાગે આપણે કચ્છ-કાઠિયાવાડમાં આવ્યા છીએ. ટેકરિયા મહાદેવ તો સાક્ષાત્ હિમાલય. ઉગમણી બે પીપર પૂરો પૂર્વાંચલ. નીચાવાસના રજપૂતોના વાડાઓના ત્રણ ઊમરાના ઢાળમાં ઊભા રહીએ તો કૉલકાતાનો અનુભવ થાય ને મહાદેવની કિયાળીથી જગન્નાથપુરી જેવું લાગે. લગભગ સો વીઘામાં પથરાયેલું કાસાર મફતમાં હિંદુસ્તાનની યાત્રા કરાવે. ભારતદર્શન કરવા અમારી ઉઘાડપગી મંડળી વિનોબાની જેમ પદયાત્રા કરતી. હિમાલયનાં બાવળિયાં જંગલોની શૂળોથી ઘાયલ થતી. કાસારનું પૂરું દર્શન પામવા કેટલીય અધૂરી અસફળ યાત્રાઓ કરવી પડતી.

શ્રાવણ-ભાદરવાની બપોરે કાસાર પૂરા યૌવનથી છલકાય. શનિવાર એટલે સવારની નિશાળો. વિસનગર ભણવા જતા ગામના દોઢસો-બસો છોકરા લગભગ દોડતા ઘેર આવી ગયા હોય, એમાં ગામના ભાણિયા પણ હોય. વિદ્યાધામ વિસનગરમાં ભણી ગેસિયા ગ્રૅજ્યુએટ થવા મોસાળનો ખોળો ખૂંદતા હોય. ગામની પ્રાથમિક શાળાઓ પણ છૂટી ગઈ હોય તે બધાંથી આખું તળાવ ઊભરાય. એ અમારો કુંભમેળો. ફક્ત કિનારે છબછબ કરી પતાવવાનું નહીં. તળાવની આરપાર જવાનું. મદ્રાસથી ગોવા કે મુંબઈથી જગન્નાથપુરીની દસ દસ લાઈનો પર પાણીમાં ટ્રેનો દોડે. હરીફાઈ એવી કે એન્જિન ડબો બની જાય ને ડબો એન્જિન. દિલ્હી-હરદ્વાર તરફ થોડા લોકો જ જાય. કારણ ત્યાં મગરની પાટો પડી હોય. ને હિમાલયની તળેટીમાં ડૂબેલાં બાવળિયાં જંગલો કોહવાઈ ગયાં હોય. એમના બોદાઈ ગયેલા કાંટા કેમેય ના નીકળે ને પગ પાકે જ છૂટકો.

કાસાર અમને ભૂગોળ જ નહીં, ઈતિહાસ પણ ભણાવતું. ખૈબરઘાટનાં ધાડાં, પાણીપતનાં યુદ્ધો, દિલ્હીની ચડતીપડતી, ગંગા-જમનામાં ફળદ્રુપ મેદાનો, સુરતથી અંગ્રેજોનો પ્રવેશ, મૈસૂરના હૈદર-ટીપુ, મહારાષ્ટ્રના શિવાજી, રાજસ્થાનના મહારાણાઓ - બધું કડકડાટ કરાવે. અમારો સૌથી મોટો એક જ ગુરુ. કાસાર. એ અમને રાષ્ટ્રીય ભાવના, રાષ્ટ્રીય એકતા શીખવે. મફતમાં ભારતભ્રમણ કરાવે. મદ્રાસથી નીકળીએ તો કાવેરીના મૂળમાં થઈ નર્મદામાં પડીએ કે આવજો ભરૂચ ઢૂકડું. ઘણા વિમાનની સીધી સફરો ખેડે. ડાયરેક્ટ દ્વારકા ટુ ચેન્નાઈ.

માતાઓ, ભાભીઓ, કાકીઓ, બહેનો, ઢોર હાંકવાના ધોકા પાણીમાં પછાડતી કિનારા પર બૂમો પાડે ત્યારે માંડ મેળો વીખરાવા માંડે ને ત્રણ વાગે સરતાન રબારી ગામની ઠઈ (ભેંસોનું ધણ) કાઠિયાવાડથી પાણીમાં ઉતારે ત્યારે તેને માન આપવા આખું તળાવ ખાલી થઈ ગયું હોય.

શ્રાદ્ધ પક્ષમાં વરસાદ પાછો થાય. ઓતરા (ઉત્તરા) ચિત્રાના આકરા તડકા પડે. ઘરની ભીંતોનો ભેજ ઓછો થાય. કાપણી પછી બાજરીનાં ખેતર ગાડામાં બેસી ખળામાં આવી ગયાં હોય. ઠૂંઠાં હાલરાની રાહ જોતાં તડકે તપતાં હોય. ખેડૂત હાશ કરી બેઠો હોય. ત્યાં નરઘાં કાંસીજોડ વાગે ને માતાના ચોકમાં 'રમો રમો નવરાત્રી નવ દાડા' ગાતી નવરાત્રી આવી પહોંચે. જગન્નાથ પુરાણી, ગોપાળજી ભગત, જોરા ભગત ગાય. કાલિદાસભાઈ નરઘાં વગાડે, ખમખમિયાં ખલબલ ખલબલ થાય. માંડવી ઝગમગે. તાલીઓના તાલે ગરબા ગવાય.

આકાશના તારાને ગોદમાં લઈ રમાડતા કાસારને હવે દિવાળી દેખાય. તે ઘરેઘરનાં ઝાંખાં પડેલાં અવાવરું વાસણોને સાદ પાડે. ને ઓરડે ઊભેલી હારબંધ કોઠીઓ પરની તાંબાપિત્તળની ઊંચી ઊંચી લૉગો નીચે ઊતરવા માંડે. તાંબાની ગોળીઓ, પિત્તળની ચરુડીઓ સૂંડલામાં ભરાય. અભરાઈઓ કેમ પાછળ રહે, થાળી લોટા વાડકા અરે બારસાખે ચીટકેલાં છલૈયાં પણ કૂદાકૂદ કરતાં ટોપલીમાં ભરાય ને બહેન બેટી ભાભીના માથે ચડી કાસારમાં ઊમટી પડે. આંબલી, છાસ ને નારિયેળનાં છોતરાંની એવી જુગલબંધી ચાલે કે કાસારનો કાંઠેકાંઠો ઝગમગ ઝગમગ થઈ જાય. સૂરજનેય આથમવાનું મન ન થાય. મહાદેવની ધજા પણ વાંકી વળી કાસારમાં ડોકિયાં કરે. ઊજળાં વાસણ સાંજે પાછાં આવે ત્યારે ધોળાયેલું ચોખ્ખુંચણાક ઘર તેમનું સ્વાગત કરવા તૈયાર હોય.

દિવાળીનાં મેરાયાં જાગેશ્વરના ચોકમાં મુકાય. ફટાકડાની રમઝટ વાગે. અમે કાસારને ના ભૂલીએ, મેરાયાં લઈ તળાવે પહોંચી જઈએ. તારામંડળથી કોઠી, ભોંય-ચકરડી, રૉકેટ પેટાવીએ, દીવાનાં કોડિયાં તરતાં મૂકીએ.

કારતકની તાઢમાં ઠૂંઠવાતું કાસાર તળાવ સંકોચાય. ખુલ્લી જગામાં કોથમી, મેથી લસણની વાવણી થાય. અરે આઠ-દસ કયારામાં ક્યારેક ઘઉં પણ ઉગાડાય. ભૂમિહીનોની વાવણીને એ સીંચે ને એમની જીવાદોરી બને.

પછી તો છોકરાંને રમવા કાસાર વધારે જગા કરી આપે. ઉત્તરાયણમાં છાપરાંવાળાં ઘરોની એ અગાસી બને. ટાબરિયાં પૂંછડિયા પતંગ લઈ દોડાદોડ કરે. છાપામાં ક્રિકેટના સમાચાર વાંચે, વિસનગર જી. ડી. હાઈસ્કૂલના મેદાનમાં ક્રિકેટ રમતા છોકરા ગામમાં શિયાંવિયાં થઈ બેસી રહે. તેમની વેદના સુકાતું કાસાર સમજે. છોકરાંને હાક મારી બોલાવે. ત્યારે ધોકેણાં અને ગાભાના દડા લઈ પાંચસાત ટીમો કાસારમાં ઊતરી પડે. રમે ને : આઉટ આઉટ નોટ-આઉટ નોટ-આઉટ બોલતાં ઝઘડે. એટલામાં ખેતરમાંથી ચારની પોટલી લઈ આવતી મા-બેનો દેખાય. રમત પડતી મૂકી છોકરાં દોટ મૂકી ચારની પોટલી ઉપાડી લે ને સૂનું પડેલું કાસાર મહાદેવની આરતીના ડંકાની રાહ જોતું એકલું એકલું લહેરાતું રહે.

હોળી આવે ને ખેતરમાં મજૂરી કરતા સાથી ભાગિયાનો વાર્ષિક કરાર પૂરો થાય. તે બેકાર બને, ચોરીનો ઉપદ્રવ વધે. ત્યારે ઘર-ફોડ ચોરી કરી ભાગતા ભૂખ્યા ચોરને ભાગવા ઉદાર કાસાર મોકળો માર્ગ કરી આપે.

લ્યો, પાછા ઢોલ ઢબૂક્યા. શરણાઈઓ વાગી. કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલ્યો. પૈડું સીંચાયું.

આવો આપણે કાસારની રેતમાં ચૈત્રની ચાંદની રાતમાં ચાલીએ, ધૂળના ઢગલા કરીએ. રમીએ.

ભલે ગામની જીવાદોરી સમાં કાલનાં કાસાર આજે નથી. ભલે ગઈ કાલના કાસારાભિમુખ ગામડાએ આજે ડામરિયા રસ્તે દોટ મૂકી છે. કાસારની જેમ દરેક સ્થિતિમાં રાજી રહીએ. કણસતા કાસાર સાથે એકલા એકલા કાસાર કાસાર રમીએ.

✷✷✷

**મહત્ત્વની સૂચના** સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.





Mumbai based respected Gujarati (Jain) Family, invites proposal for their well educated, 94 born/5-4"/Good looking/fair/ slim daughter, Looking for only Mumbai based Gujarati (Jain) well educated boy from business family from Andheri to South Mumbai.

Email : bride.jvpd@gmail.com (Advt.)

# જીવનનો ગૂઢાર્થ : પુરુષાર્થ

**‘મા**રા અરમાનો ધૂળમાં રગદોળાઈ ગયા, કારણકે નસીબે મને યારી ન આપી.’ એમ કહેનારની નાત દુનિયામાં મોટી છે! વિપત્તિઓનું મૂળ કારણ વિધિની વક્રતા છે - એમ માનનારાઓ ઘણીવાર પુરુષાર્થનો પાલવ છોડીને પરાજયની ગોદમાં પડ્યા પડ્યા આંસુ વહાવે છે.

પણ હકીકતમાં પુરુષાર્થ એ જ જીવનનો મહામંત્ર છે! જીવનના જબરદસ્ત પ્રવાહમાં સૌ કોઈએ ખેંચાવું પડે છે, ઇચ્છાએ કે અનિચ્છાએ! જેને આપણે દેવત્વનું બિરુદ પ્રદાન કર્યું છે, એમણે પણ દુઃખની આંધી સહેવી પડી હતી અને અવિરત સંઘર્ષશીલ રહીને પોતાનો સંકલ્પ પરિપૂર્ણ કરવા માટે પ્રયત્નશીલ રહેવું પડયું હતું. એટલે મનુષ્યના જીવનનું લક્ષ્ય એક જ હોઈ શકે - અવિરામ યાત્રા, નિરંતર ગતિ!

ભાગ્યની બાબતમાં એક વાત નક્કી છે અને તે એ છે કે ભાગ્ય બદલાવાનું તો હોય છે જ! અને તેથી એ ક્યારે બદલાશે તેની પ્રતીક્ષા કરીને બેસી રહેવું જોઈએ નહીં! ખરેખર ભાગ્ય તો એક બજાર છે! જો તમે યોગ્ય ક્ષણે સોદો કરી લેવાના કૌશલ્યની ઉપેક્ષા કરી રાહ જોઈને બેસી રહો તો બજારના પ્રવર્તમાન ભાવ બેસી જાય અને નફાને બદલે નુકસાનની સ્થિતિ સહેવી પડે! તેથી જ ભાગ્ય સાનુકૂળ લાગે કે પ્રતિકૂળ, પણ પુરુષાર્થનું વિસ્મરણ કરવું જોઈએ નહીં.

આવતી કાલનું ભાગ્ય આજના ઉદ્યમનું સંતાન છે! એટલે ‘આજ’ની ઉપેક્ષા કરનારે પસ્તાવું પડે છે!

ભાગ્ય વક્ર લાગે ત્યારે માત્ર ઈશ્વર પર ભરોસો રાખી બેસી રહેવાનો કશો અર્થ નથી! સંતો તેથી જ કહે છે, કે તું એવા સાચા હૃદયથી પ્રાર્થના કર, કે જાણે તારો પુરુષાર્થ સહેજ પણ કામમાં આવવાનો નથી અને તું એવી રીતે પુરુષાર્થ કર કે જાણે તારી પ્રાર્થના ફળવાની જ નથી! અધૂરો પુરુષાર્થ કે અધૂરી પ્રાર્થના બન્ને નકામાં છે!

માનવ નથી ભાગ્યના હાથનું રમકડું કે નથી સંપૂર્ણપણે પોતાની પરિસ્થિતિઓનો માલિક! એ તો છે પુરુષાર્થ દ્વારા જીવનનો ઘડવૈયો! એની જીવનયાત્રા એક જ આશ્વાસન સાથે ચાલી શકે, કે સર્વસ્વ લુંટાયા છતાં પોતાનું ભવિષ્ય પોતાના પુરુષાર્થથી ઉજ્જવળ બનવાનું જ છે.


“પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર”

**જેજેસી કાંદિવલી**

**અગિયાર મો યુવક-યુવતી પરિચય સંમેલન**

જેજેસી કાંદિવલી દ્વારા અગિયાર મો યુવક-યુવતી પરિચય સંમેલન રવિવાર. તા. ૧૯.૦૪.૨૦૨૦ ના રોજ કાંદિવલી, મુંબઈ મુકામે રાખેલ છે. આ યુવા મેળામાં જે અપરિણિત ઉમેદવારની વય ૨૧ થી ૩૫ વર્ષ સુધીની હશે અને જન્મે જૈન હશે (કોઈપણ ફીરકાના) તેમનો જ સમાવેશ કરવામાં આવશે.

**વધુ વિગત માટે :**

૯૮૬૯૭૮૭૪૩૯ / ૯૮૨૧૦૫૦૧૬૯ / ૯૯૨૦૭૨૨૫૪૨ / ૯૮૨૦૬૨૫૮૮૦ / ૯૩૨૦૦૮૫૦૮૪ અથવા સંસ્થાની ઓફીસમાં (૦૨૨-૨૮૬૬૦૧૬૯- ગુરૂવાર સમય ૪ થી ૬ અને રવિવાર-સવારે ૧૦ થી ૧૨. ઉપર સંપર્ક સાધવા વિનંતી.

Online Registration પણ શક્ય છે.
Website : www.jjckandivali.com

રજિસ્ટ્રેશન ફી : યુવક / યુવતી + વાલી - રૂા. ૫૦૦/- / ત્રીજી વ્યક્તિ - રૂા. ૩૦૦/-

Advt.

# જૈનદૃષ્ટિએ સદાચાર

દલસુખ માલવણિયા



**ભા**રતીય આચારના મૂળમાં દાર્શનિક પરંપરાએ ઠીક ઠીક ભાગ ભજવ્યો છે.

જ્યારે દાર્શનિક વિચાર-ધારા દેવપૂજાની હતી ત્યારે જે આચાર હતો તે જુદો હતો અને જ્યારે દાર્શનિક વિચારધારા આત્મપૂજામાં પરિણમી ત્યારે આચાર પણ બદલાઈ ગયો.

વેદકાળમાં દેવપૂજા-યજ્ઞની આસપાસ સદાચારનો વિકાસ થયો અને ઉપનિષદ્‌કાળમાં આત્મા કે બ્રહ્મની ઉપાસનામાંથી આચારનો ઉદ્‌ભવ થયો. સકલ વિશ્વવ્યાપી એક જ આત્મા હોય તો આચારના મૂળમાં એમ મનાય કે, સર્વત્ર હું જ છું તો હિંસા કરું કે ચોરી કરું, ઠગાઈ કરું કે લુચ્ચાઈ, હું મારી પોતાની જાતની જ હિંસા કરું છું. મને પોતાને જ છેતરું છું. બીજું કોઈ તો છે જ નહિ, તો હું કોને મારું કે કોને છેતરું ? આ પ્રકારનો સદાચારનો મૂલમંત્ર-બીજમંત્ર બને. પણ ઉપનિષદોના આ વેદાંતદર્શન સિવાય ભારતનાં બધાં દર્શનોએ આત્મદ્વૈતવાદને સ્વીકાર્યો નથી. વેદાનુસારી હોય કે ન હોય તેવાં બીજાં બધાં દર્શનોએ આત્માને નાના-અનેક-માન્યા છે. પણ અનેક માનવા છતાં એ બધા આત્માની શક્તિઓ તો સમાન છે; તેથી તેમને મતે આચારનો મૂળમંત્ર એ જ બને છે કે, 'આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્' – પોતાને પ્રતિકૂળ હોય તેવું કાર્ય બીજા પ્રત્યે પણ ન કરવું.

અહીં આપણે જૈન દર્શનના આચાર વિશે વિશેષતઃ વિચાર કરવો છે. જૈનદર્શનના મતે આત્મા અનેક છે. તેમાં જે સિદ્ધાત્મા છે એટલે કે સંસારથી મુક્ત છે, તેવા આત્મા માટે સદાચારનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી; કારણ કે, આચરણનું ધ્યેય છે મુક્તિ અને તેવા આત્મા તો મુક્ત થઈ ગયા હોઈ કૃતકૃત્ય છે. જે આત્માઓ અકૃતાર્થ છે તેને માટે જ સદાચારનો પ્રશ્ન છે. જેઓ સાધક છે, સિદ્ધ નથી તેમને જ સિદ્ધપદની પ્રાપ્તિ માટે અનુષ્ઠાન કે સદાચરણની આવશ્યકતા રહે છે. કારણ કે, જૈનમતાનુસાર સમ્યક્ ચારિત્રથી એટલે કે સમ્યક્ આચરણથી અથવા સદાચારથી મોક્ષ મળે છે. મોક્ષના સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણ કારણ ગણાવવામાં આવે છે; પણ તેનું તાત્પર્ય વિચારીએ તો જણાઈ આવશે કે, પ્રથમના બે તો ત્રીજા સમ્યક્ ચારિત્ર અર્થે જ છે. એટલે કે પ્રથમનાં બે વિના સમ્યક્ ચારિત્ર થઈ શકે નહિ અને સમ્યક્ ચારિત્ર વિના મોક્ષપ્રાપ્તિ થાય નહીં. માટે તે સૌમાં સમ્યક્ ચારિત્ર એ જ પ્રધાન કારણ છે એમ માનવું જોઈએ.

ભગવાન મહાવીરે આચારાંગમાં આચારનો મૂલ મંત્ર આપી દીધો છે કે -

सव्वे पाणा पियाउया, सुहसाया,
दुक्खपडिकूला अप्पियवहा,
पियजीविणो, जीविउकामा, सव्वेसि जीविअं
पियं,...से तं संबुज्झमाणं
आयाणीयं समुट्ठाय तम्हा पावकम्मं
नेव कुज्जा न कारवेज्जा।

બધા જીવોને આયુષ્ય અને સુખ પ્રિય છે. દુઃખ ગમતું નથી, વધ અપ્રિય છે; બધાંને જીવવું છે, જીવન પ્રિય છે– આ બધું સમજીને પાપકર્મને કરે નહિ અને કરાવે નહિ.

આ ઉપદેશ જૈનાચારના પાયામાં છે. તેના ઉપર જ જૈન સદાચારનો પ્રાસાદ ઊભો થયો છે. એક શબ્દમાં કહી શકાય કે અહિંસા એ મૂલ આચાર છે અને બાકીનો બધો આચાર તેની પુષ્ટિ માટે જ છે. એક જ અહિંસા મહાવ્રતને પાંચ મહાવ્રતોમાં વિસ્તારીને કહેવામાં આવ્યું અને અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એમ પાંચરૂપે અહિંસા આપણી સમક્ષ રજૂ થઈ. અહિંસાનું સંપૂર્ણ પાલન કરવું હોય તો હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને મમત્વ એ બધાનો ત્યાગ કરવો જ જોઈએ; અન્યથી અહિંસક બનવું શક્ય જ નથી.

એ જ અહિંસાને ૧૭ પ્રકારના સંયમમાં વહેંચી નાખી અને શીખવવામાં આવ્યું કે પાંચે ઈન્દ્રિયોનો નિગ્રહ આવશ્યક છે, ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોનો ત્યાગ આવશ્યક છે, પાંચ મહાવ્રતોનું પાલન આવશ્યક છે અને મન, વચન અને શરીર એ ત્રણેની પ્રવૃત્તિને સંયત કરવી આવશ્યક છે. આમ એક જ અહિંસાને ૧૭ પ્રકારના સંયમરૂપે વર્ણવીને તેની સમજ સ્પષ્ટ કરવામાં આવી. આટલાથી જ પત્યું નહિ. પણ તેનો પણ અતિ વિસ્તાર કરીને ત્રણગુપ્તિ - મન, વચન, કાયાનો સંયમ; પાંચ સમિતિ – ઈર્યા, ભાષા એષણા, આદાન-નિક્ષેપ અને ઉત્સર્ગ એ પાંચે પ્રવૃત્તિઓમાં સંયમી વર્તન; બાર ધર્મ-ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય બાર ભાવના- અનિત્યભાવના, અશરણભાવના, સંસારભાવના, એકત્વભાવના, અનાત્વભાવના, અશુચિત્વભાવના, આસ્રવભાવના, સંવરભાવના, નિર્જરાભાવના, લોકભાવના, બોધિદુર્લભતાની ભાવના અને ધર્મ સ્વાખ્યાત છે એવી ભાવના; વિવિધ પ્રકારનાં કષ્ટોને સહન કરવા, જેની સંખ્યા બાવીસ ગણાવવામાં આવી છે; પાંચ ચારિત્ર અને બાર પ્રકારનું તપ-આમ સંવરરૂપે અહિંસાને અનેક ભેદે વર્ણવી છે.

આપણને એમ લાગી જાય કે આ બધાનું તે પાલન શી રીતે થાય ? નિયમોપનિયમની આ જાળમાં તો આપણે ફસાઈ જઈએ અને આટલું બધું પાળવાનું તે કેવી રીતે બને ?

એ બધાની ચાવી એક જ સૂત્રમાં ભગવાન મહાવીરે આપી છે કે પ્રમાદી જીવને જ ભય છે; અપ્રમાદીને ડરવાં જેવું નથી. મનુષ્યમાં જો અપ્રમાદ હોય, સતત જાગૃતિ હોય, તે સચેત

હોય તો જીવનમાં ભૂલ થવાનો બહુ જ ઓછો સંભવ છે. જેના જીવનમાં અહિંસા રમમાણ છે તેને નિયમોનો આ વિસ્તાર સહજ પચી ગયો હોય છે. તેનું જીવન શિસ્તબદ્ધ છે. તેનાથી ભૂલ-નાની પણ - થવા સંભવ નથી. આ બધો વિસ્તાર તો જેણે જીવનમાં અહિંસા ઉતારી નથી તેને સમજાવવા માટે જ છે. જેના જીવનમાં અહિંસા હોય છે તેને તો આ બધું સહજ છે અને જીવનમાંથી જ એ નિષ્પન્ન થયેલું છે. તે કંઈ પુસ્તક વાંચીને તે પ્રમાણે ચાલતો નથી, પણ તેની જીવનગત અહિંસા જ તેનાં માટે મશાલનું કામ કરે છે. તે નિયમનો સર્જક છે. જેને જોઈને બીજા તેનું અનુકરણ કરે છે; નહિ કે તે કોઈનું અનુસરણ કરે. એ તો તેની અહિંસાનું જ અનુસરણ કરે છે. તેમાંથી જ સહજ ભાવે તેનું આચરણ ઘડાતું જાય છે.

આચરણની આવી નિષ્ઠા કેવી રીતે આવે ? એ પ્રશ્ન વિશે પણ વિચાર કરવો આવશ્યક છે. પ્રથમ કહેવાઈ ગયું છે કે આચરણની નિષ્ઠા માટે સમ્યક્ દર્શન પ્રથમ આવશ્યક છે. સમ્યક્ દર્શનનો સીધો અર્થ છે આત્માની ઓળખ કે વિવેક. જ્યાં સુધી જીવને સાચી સમજણ એટલે કે પોતાનો આત્મપરિચય નથી ત્યાં સુધી તે સન્માર્ગે આવી શકતો જ નથી. આત્માની ઓળખ થતાં જ તેના પ્રત્યેક કાર્યમાં નવીન દૃષ્ટિકોણ ઉપસ્થિત થાય છે. તે પહેલાં એ જે જે ક્રિયા કરતો અને તે પછી તે જે જે ક્રિયા કરે છે, તેમાં ઉપલક દૃષ્ટિએ ભેદ કશો જ ન જડે; પણ તેનું ધ્યેય બદલાઈ ગયું હોય છે.

આત્માની ઓળખ પહેલાં અને પછી પણ ભોજન તો તે કરતા જ હોય છે, પણ તે બંનેમાં ભેદ છે. આત્માની ઓળખ વિનાનો જીવ ભોજનમાં શરીરની પુષ્ટિ અને રસાસ્વાદને ધ્યેય માનતો હોય છે; જ્યારે ઓળખ પછીથી તે માત્ર શરીરયાત્રા માટે ભોજન કરે છે. આમ, તેના પ્રત્યેક કાર્યમાં દૃષ્ટિપરિવર્તન થઈ જાય છે.

આમ થવાથી તે સંયમમાર્ગમાં આરુઢ થઈને છેવટે પોતાના ધ્યેયને સિદ્ધ કરે છે.

જૈન દૃષ્ટિએ સદાચારની સીડીનાં મુખ્ય ત્રણ પગથિયાં માંડવામાં આવ્યાં છે. પ્રથમ સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત કરે તે, એટલે કે પોતાના આત્માને ઓળખીને ધ્યેયને માર્ગે અગ્રસર થાય તે. તેવા જીવનાં મુખ્ય લક્ષણોમાં (૧) પ્રશમ એટલે કે મિથ્યાભિનિવેશજન્ય કદાગ્રહથી રહિત થવું તે; (૨) સંવેગ–એટલે કે સાંસારિક બંધનોનો ભય; (૩) નિર્વેદ-વિષયોમાં આસક્તિ ન્યૂન થવી તે; (૪) અનુકંપા–દુઃખી જીવોને જોઈને તેમના દુઃખનો ભાર હલકો રવાની વૃત્તિ; (૫) આસ્તિક્ય–એટલે કે પોતાના આત્માના સ્વતંત્ર અસ્તિત્વનો સ્વીકાર. ત્યારે સમ્યગ્દર્શનના આ પ્રથમ પગથિયાથી જીવ ઉપર ચડે છે ત્યારે તે દેશવિરત એટલે મર્યાદિત વ્રતોવાળો બને છે.

દેશવિરતને શ્રાવક અથવા ઉપાસક પણ કહેવામાં આવે છે. એ ઉપાસકના બાર વ્રતો ઉપર જે પાંચ મહાવ્રતો ગણાવ્યાં છે તેનો સ્વીકાર પોતાની શક્તિને અનુરૂપ અંશરૂપે કરવો તેને પાંચ અણુવ્રત કહેવામાં આવે છે. શ્રાવક સામાન્ય રીતે નિરપરાધી જીવની હત્યા કરે, પણ અપરાધીને હણવાથી બચી શકતો નથી. વ્યાપાર વગેરેમાં નીતિન્યાયથી ચાલે. સરકાર દંડે એવી ચોરી કરતો નથી. પરિણીત પત્નીથી સંતોષ માને છે અને પોતાના પરિગ્રહની મર્યાદા બાંધે છે. આ પાંચ અણુવ્રત ઉપરાંત (૬) પોતાના યાત્રાક્ષેત્રની મર્યાદા વધે છે. એટલે કે નિયમ કરે છે કે ચારે દિશામાં અમુક મર્યાદાક્ષેત્રની બહાર ન જવાની પ્રતિજ્ઞા લે છે, આને દિગ્વિરતિવ્રત કહે છે. (૭) સામયિક કરે છે; (૮) પર્વોને દિવસે ઉપવાસ-પૌષધ કરે છે; (૯) દિગ્વિરતિવ્રતની જે મર્યાદા હોય તેમાંથી પણ આવશ્યકતાનુસાર પ્રતિદિન ઓછી કરવી તેને દેશવિરતિવ્રત કહે છે; (૧૦) વાપરવાની વસ્તુઓનું પણ પરિમાણ નક્કી કરીને બાકીનો ત્યાગ કરે છે–આને ઉપભોગ-પરિભોગ-પરિમાણવ્રત કહે છે; (૧૧) નિરર્થક હિંસાથી બચે છે–આને અનર્થદંડવિરતિ કહે છે; અને (૧૨) પોતાના ભોજનમાંથી અતિથિનો સત્કાર એટલે સાધુસંતને દાન કરવું તે – આ બાર વ્રતોને તે શ્રાવક સ્વીકારે છે, અને મૃત્યુ સમયે આરાધના કરે છે, એટલે કે સર્વસ્વથી મમત્વને નષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે.

ઉપાસકના આ પ્રકારના આચરણથી મનુષ્યમાં અનુક્રમે સર્વવિરતિ–એટલે કે મહાવ્રતોના સ્વીકારની શક્તિ આવે છે અને તે ઉપાસક સાધુ એટલે કે ત્યાગી બને છે. આચરણની સીડીનું આ અંતિમ પગથિયું છે. ઉપર મહાવ્રત–સંયમ અને સંવરરૂપે જે સદાચાર વર્ણવ્યો છે તે આચાર એ સાધુભાવમાં રહીને, અપ્રમત્ત થઈને આચરે છે અને સાધક મટી સિદ્ધ બને છે. આ જ તેની કૃતકૃત્યતા છે. અહીં જ તેના આચરણની સમાપ્તિ છે. તે પરમાનંદને અનુભવે છે. હવે તેને કશું જ કરવાપણું રહેતું નથી.

✷✷✷

### તમને ફૂલ દીધાનું યાદ

*ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ*
*સળવળ વહેતી કેડસમાણી લીલોતરીમાં તરતા ખેતરશેઢે, સોનલ...*
*અમે તમારી ટગરફૂલ-શી આંખે ઝૂલ્યા ટગરટગર તે યાદ*
*અમારી બરછટ હથેળીઓને તમે ટેરવાં ભરી કેટરીવાર પીધાનું યાદ*
*ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ*
*અડખેપડખેનાં ખેતરમાં ચાસ પાડતાં હળ મારી આંખોમાં ફરતાં*
*એકલદોકલ કોઈ ઉછળતું સસલું દોડી જતાં ઝાંખરાં પરથી પર્ણો ખરતાં*
*તરે પવનના લયમાં સમળી તેના છાયા છૂટાછવાયા ફાળ ઘાસમાં ભરતા*
*ડાળ ઉપર ટાંગેલી ઠીબનું નાનું સરખું બપોર ઊડી એકસામટું પાંખ વીંઝતું હવા જેવડું થાય*
*ડાળ ઉપર ટાંગેલી ઠીબમાં સવાર પીતું નીલરંગનું પંખી જોઈ ઝાડ ભૂલ્યાનું યાદ*
*ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ*

## શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા અને ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન

### આયોજિત

# શ્રી સી.યુ. શાહ શૈક્ષણિક પારિતોષિક સમારોહ

શૈક્ષણિક કારકિર્દીના વિવિધ સ્તરે ઊંચા માનાંકો પ્રાપ્ત કરનારા ઝાલાવાડી સભાના તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષિક, ટ્રોફી તથા મેરિટ સ્કોલરશિપથી બિરદાવવાનો એક સમારોહ તા. ૫ જાન્યુઆરી ૨૦૨૦ની સાંજે સાયન-માનવ સેવા સંઘ ખાતે યોજાયો હતો.

ઝા. સભાના ટ્રસ્ટીઓ, દાતાઓ, આમંત્રિત મહેમાનો તથા તેજસ્વી વિદ્યાર્થીઓથી ગંભીરચંદ ઉમેદચંદ બેન્કવેટ હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. કાર્યક્રમના વિશેષ અતિથિ આદિત્ય બિરલા હેલ્થ ઈન્સ્યુરન્સના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી નીરવભાઈ શાહ પણ આવી પહોંચ્યા. નવકાર મંત્રથી કાર્યક્રમની શરૂઆત થઈ.

કાર્યક્રમના સંચાલક સંધ્યાબહેને અતિથિવિશેષ, મહેમાનો, ટ્રસ્ટીઓ, કમિટી મેમ્બર્સ, તેજસ્વી વિદ્યાર્થીઓ તથા તેમના માતાપિતાનું ઊષ્માસભર સ્વાગત કર્યું. આદરણીય ઉપપ્રમુખ અને ઝાલાવાડી સભાના સત્કર્મોના સૌથી મોટા દાતા શ્રી પ્રવીણભાઈ જી. શાહે સહુને આવકાર આપી ઝાલાવાડી સભાના નૂતન કાર્યોની માહિતી આપી. શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં એકત્રિત થયેલા ફંડ થકી તેજસ્વી વિદ્યાર્થીઓને વધુ શિષ્યવૃત્તિ તથા લોન આપી તેની વિગતો આપી, વિદ્યાર્થીઓના પરિણામની સરાહના કરી. સુરેન્દ્રનગરના સેનેટોરિયમના ઉદ્‌ઘાટનના આગામી કાર્યક્રમની વાત કરી.

પારિતોષિક કાર્યક્રમમાં પ્રતિવર્ષ કોઈ વિશિષ્ટ ક્ષેત્રની વ્યક્તિઓને, તેજસ્વી વિદ્યાર્થીઓને અથવા દાતાઓને અતિથિ વિશેષ તરીકે આમંત્રિત કરવામાં આવે છે. આવા વ્યક્તિવિશેષની સિદ્ધિઓ થકી વિદ્યાર્થીઓને સદાય પ્રેરણા મળે છે. આ વર્ષે આદિત્ય બિરલા હેલ્થ ઈન્સ્યુરન્સના વાઈસ પ્રેસિડેન્ટ એક્ચ્યુરિયલ સાયન્સનો ૧૭ વર્ષનો બહોળો અનુભવ ધરાવતા નીરવભાઈ શાહને આમંત્રિત કર્યા હતા. શિક્ષણની નવી નવી કારકિર્દીમાં એક્ચ્યુરિયલ સાયન્સ અત્યારે અગ્રીમ ગણાય છે. સંધ્યાબહેને તેમનો પરિચય આપ્યો. મંત્રીશ્રી અતુલભાઈ શાહે નીરવભાઈ શાહનું અભિવાદન કર્યું.

અમદાવાદમાં જ જન્મેલા અને ઉછરેલા શ્રી નીરવભાઈ એચ. શાહે C.A. કર્યા પછી આ ક્ષેત્રમાં ઝપલાવ્યું છે. તેઓએ પોતાના વક્તવ્યમાં એક્ચુરિયલ સાયન્સની જટિલ, ગૂંચવણભરી, ગણિતિક પ્રક્રિયાઓમાં કઈ રીતે સફળ થઈ શકાય તેની સમજ આપી. સતત પુરુષાર્થ અને દૃઢ મનોબળ થકી ખૂબ ઊંચાઈ પ્રાપ્ત કરી શકાય. એક્ચુરિયલ સાયન્સ બીમા, પેન્શન, બેન્કિંગ અને અન્ય ક્ષેત્રોમાં કઈ રીતે ઉપયોગી છે તેની વિગત આપી. આપણી આંખો ચકાચૌંધ થઈ જાય તેટલું મોટું પેકેજ આ ક્ષેત્રની વ્યક્તિઓને મળતું હોવાથી વિદ્યાર્થીઓને તથા માતાપિતાને આ વિશે જાણવાની -સમજવાની મજા આવી.

પારિતોષિક વિતરણ પૂર્વે સંધ્યાબહેને વિદ્યાર્થીઓને તેમની સફળતા માટે બિરદાવ્યા અને શિક્ષણ થકી સમૃદ્ધ સમાજના નિર્માણ માટે પ્રોત્સાહિત કર્યા. આમંત્રિત મહેમાનો, દાતાઓ, ટ્રસ્ટીઓ તથા કમિટી મેમ્બર્સ દ્વારા વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી -પ્રમાણપત્ર તથા મેરિટ સ્કોલરશિપ આપવામાં આવ્યાં. કન્યા પારિતોષિક - કુમાર પારિતોષિક, યુવા પારિતોષિક કિશોર પારિતોષિક તથા ધાર્મિક પારિતોષિકના અલગ ઈનામો આપવામાં આવ્યાં.

આ વર્ષે Electrical Eng.માં Ph.D.કરનારા યતિશ ગિરીશ તુરખિયાને સર્વશ્રેષ્ઠ પારિતોષિક મળ્યું. નાલાસોપારામાં પ્રેક્ટિસ કરતા બોરીવલી સ્થિત ડૉ. ગિરીશભાઈ તુરખિયા તથા મીનાબેન તુરખિયાના આ સંતાને ITI મુંબઈમાંથી પાંચ વર્ષનો M.S. in Electrical Eng.નો અભ્યાસ કરી અમેરિકાની પ્રખ્યાત સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી ડૉક્ટરેટ કર્યુ છે. યતિશ તો અમેરિકા હોવાથી તેના માતાપિતાનું આ ગૌરવમય પુરસ્કાર આપીને સન્માન કરવામાં આવ્યું. સહુએ તેની જ્વલંત સફળતાને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. ડૉ. પિતા જેઓ સમાજની અને સાધુસંતોની ખૂબ સુશ્રુષા કરી રહ્યા છે તેમણે આ હર્ષભરી પળોએ ૧૧ હજાર રૂા.નો ચેક ઝાલાવાડી સભાને ભેટ ધર્યો - યતિશે પણ અમેરિકાથી આભાર સંદેશ મોકલ્યો જે સંધ્યાબહેને શ્રોતાઓ સમક્ષ વાંચી સંભળાવ્યો.

મેડિકલ ક્ષેત્રે આ વર્ષે ડૉ. નવિન મણિયાર એવૉર્ડ તેમના જ પૌત્ર ડૉ. અદિત મણિયારને M.S. in orthopedic માટે મળ્યો. Knee replacement માટે ખૂબ વિખ્યાત સર્જન ડૉ. રાજેશભાઈ મણિયાર તથા ડૉ. પારુલબેન મણિયારના આ સંતાનને દાદાની જ સ્મૃતિને જીવંત રાખતો એવૉર્ડ મળ્યો.

ધાર્મિક પારિતોષિકમાં પ્રથમ વિજેતા બનેલા ધનવંતીબેન મોદીએ ૨૨મી શ્રેણીને ૯૧% સાથે પાર કરી ઉત્સાહની ચરમસીમા સમા ધનવંતીબેનની સફળતાનું પારિતોષિક સંતાનોએ સ્વીકાર્યુ હતું.

વર્ષ દરમ્યાન કોઈપણ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર સભ્યનું પારિતોષિક કાર્યક્રમમાં સન્માન કરવામાં આવે છે.

આ વર્ષે Consultant Ayurvedic Surgeon ડૉ. નીલેશભાઈ દોશીને મહારાષ્ટ્ર સરકાર તરફથી અત્યંત ગૌરવમય સુશ્રુત એવૉર્ડ પ્રદાન કરવામાં આવ્યો. મલાડમાં દેવાંગી હોસ્પિટલના સ્થાપક ડૉ. નીલેશભાઈ મહારાષ્ટ્રમાં આયુર્વેદ ક્ષેત્રે સર્જન તરીકે M.D. કરનારા પ્રથમ ડૉક્ટર છે. ૨૭ વર્ષથી આર્યુર્વેદ સર્જરીના નિષ્ણાત આ

ડૉક્ટરનું ટ્રસ્ટીઓએ શાલ અને ટ્રોફી આપીને બહુમાન કર્યું. ડૉ. નીલેશભાઈનો પરિવાર પણ ખૂબ પ્રસન્ન હતો. ડૉ. નીલેશભાઈના ભાઈએ પોતાના ભાઈની ઉજ્જવળ કારકિર્દીની વાત કરી. નીલેશભાઈએ આયુર્વેદની મહત્તા દર્શાવી ઝા. સભાનો આભાર માન્યો અને ઝા. સભાની કોઈપણ જરૂરિયાતવાળી વ્યક્તિને વિનામૂલ્યે સારવાર કરી દેવાની જાહેરાત કરી.

આ તબક્કે રમતગમતના ક્ષેત્રે અનેક વિક્રમો સર્જનારી ક્રિશા તારક મોદીનું પણ વિશિષ્ટ ટ્રોફી આપીને અનિલભાઈ સંઘવી દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. ઝા. સમાજના ગૌરવસમી આ દીકરીએ પૂનામાં ઑક્ટોબર મહિનામાં યોજાયેલી રાષ્ટ્રીય ISCE એથ્લેટિક સ્પર્ધામાં ૧૯ વર્ષથી નીચેના જૂથમાં ૧૦૦ મીટર, ૨૦૦ મીટર તથા ૪૦૦ મીટર રીલે દોડમાં અને લોંગ જંપમાં ગોલ્ડ મેડલ મેળવ્યા છે અને વ્યક્તિગત એથ્લેટિક ચેમ્પિયનશિપ ટ્રોફી પણ પ્રાપ્ત કરી છે. ક્રિશાનો સમગ્ર પરિવાર ખેલકૂદને સમર્પિત છે. તેના નાના શ્રી બકુલભાઈ ગાંધીએ ઝા. સભાની ચેસ ચાણક્ય સ્પર્ધામાં ખૂબ સહકાર આપ્યો હતો. એવૉર્ડ સ્વીકારતી વેળાએ પરિવાર ભાવવિભોર હતો. ક્રિશાએ પોતાના પત્રમાં માતાપિતા અને પરિવારના યોગદાનની સાથે પોતે કરેલા પરિશ્રમને વર્ણવી ઝા. સભાનો આભાર માન્યો.

ટ્રસ્ટીશ્રી મહેશભાઈ વોરાએ વિદ્યાર્થીઓને શુભેચ્છા અર્પણ કરી હતી. ટ્રસ્ટી-મંત્રીશ્રી પંકજભાઈ સંઘવીએ અતિથિવિશેષ, દાતાશ્રીઓ, તેજસ્વી સંતાનો, સૂત્ર સંચાલક સંધ્યાબેન, ઓફિસ સ્ટાફ તથા માનવ સેવા સંઘના કર્મચારીઓ, કેટરર્સ સહુનો આભાર માન્યો હતો.

સ્વાદિષ્ટ ભોજનને અંતે સહુ વિખરાયા હતા.

✷✷✷

# સાહિત્ય-વૃત

# પરિચયની પાંખે

❑ સંધ્યા શાહ

**મુનિશ્રી સંતબાલજી વિવૃત**

## શ્રી ભગવતી સૂત્ર

સંપાદક : ગુણવંત બરવાળિયા


પ્રકાશક : વિશ્વ વાત્સલ્ય પ્રાયોગિક સંઘ, માતૃસમાન કામાલેન ઘાટકોપર (વે), મુંબઈ - ૮૬.

પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦

પૃષ્ઠ : ૪૬૮ મૂલ્ય રૂા. ૨૦૦/-

'પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું,<br>
માન્યા પોતા સમ સહુને<br>
પૂર્ણ અહિંસા આચરનારા,<br>
નમન તપસ્વી મહાવીરને...'

આવી અનેક ઉત્તમ પંક્તિઓના રચયિતા,




વિશ્વવાત્સલ્ય અને સર્વધર્મસમભાવના પ્રણેતા, પૂ. કવિવર્ય નાનચંદ્રજી મહારાજના શિષ્ય, ગાંધી વિચારના પુરસ્કર્તા - ક્રાંતિકારી સંત લોકકલ્યાણ અને સમાજજીવનના અનેક ઊજળા ઉપક્રમો હાથ ધરનારા સંતબાલજી જૈન આગમો, ભારતીય અને વૈશ્વિક તત્વદર્શન, ધર્મ અને સંસ્કૃતિના જ્ઞાતા રહ્યા.

પ્રસ્તુત પુસ્તકમાં જૈન દર્શનના અભ્યાસુ એવા ગુણવંતભાઈ બરવાળિયાએ પૂ. સંતબાલજીએ કરેલી બગવતી સૂત્રની વિવેચના, સંતના જીવનની ઝલક, એમના ઉત્તમ કાર્યોને મૂર્તિમંત કરતી સંસ્થાઓ, તેમની તસવીર તથા હસ્તાક્ષરો સંકલિત કર્યા છે.

✷✷✷

## જૈન મંત્ર, સ્તોત્ર અને યંત્ર

સંપાદક : ગુણવંત બરવાળિયા

પ્રકાશક : અર્હમ સ્પીરીચ્યુઅલ સેન્ટર - ૭૧૬, ગોલ્ડ ક્રેસ્ટ, એલ.વી. એસ. રોડ, ઘાટકોપર (વે), મુંબઈ - ૮૬.

પૃષ્ઠ : ૩૦૦

મૂલ્ય : રૂા. ૨૫૦/-

પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦




જૈનમંત્ર, સ્તોત્ર અને યંત્ર વિષય પર ઈન્સ્ટિટયૂટ ઑફ જૈનાલૉજી લંડન અને ભારત દ્વારા યોજાયેલા જ્ઞાનસત્ર પરિસંવાદમાં પ્રાપ્ત થયેલા શોધપત્રોનો આ સંચય છે.

સાધુસંત - ભગવંતો - વિદ્વાન પ્રાધ્યાપકો અને જૈન દર્મનું ઊંડુ પરિશીલન કરનારા સહુએ અહીં નવકાર મહામંત્ર, ઉવ્વસગ્ગહરં સ્તોત્ર, કલ્યાણમંદિર સ્તોત્ર, ઋષિમંડળ સ્તોત્ર, જેના અનેક સ્તોત્ર સાથે તેના રચયિતાના જીવન કવન અને સ્તોત્રની ફલશ્રુતિને આલેખી છે.

✷✷✷

૧૯૬૯ના એપ્રિલમાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં પોતાનું સ્વાગત ફૂલોના હારથી થયું ત્યારે કાકાસાહેબ કાલેલકરે કહેલું : 'સર્વ પ્રથમ હું એક પવિત્ર કર્તવ્યનું પાલન કરવા ઈચ્છું છું. આ જે ફૂલોનો હાર તમે મારા ગળામાં પહેરાવ્યો, તેમાં ફૂલો શું કહે છે તે હું તમને કહેવા માગું છું. હું એમની ભાષા જાણું છું. ફૂલો મને કહે છે : 'સાહેબ, તમારા જેવા મહેમાન અમારે ત્યાં આવે એટલે તેમને જોઈને જ અમારી છાતીમાં ધ્રાસકો પડે. અમને થાય કે આપને ખુશ કરવા અમારા ગળાં મરડાશે, અને દોરીમાં અમને ફાંસી દેવાશે. રાક્ષસોનાં માથાં કાપીને જેમ મહાકાળ શિવના ગળામાં ચડાવવામાં આવે છે તેમ અમારી રુંઢમાળ તમારા ગળામાં પહેરાવવામાં આવે છે. આ તમને અભદ્ર નથી લાગતું ? તમે અમારા વતી મનુષ્ય પ્રાણીને 'આવું કર્મ ન કરો' એમ સમજાવી ન શકો ?' પછી કહે : 'ફૂલો માટે કઠોર થયા વિના તેનો આનંદ અનુભવવો. તેની પાસે જવું, તેમનું લાવણ્ય જોવું, તેની સુગંધ અનુભવવી પણ તેને તોડવાં-મરડવાં -રડાવવાં નહીં.'

# પારિતોષિક સમારોહ ની તસવીરી ઝલક



પારિતોષિક કાર્યક્રમનું સંચાલન કરતા
સંધ્યાબેન શાહ



આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરતા
શ્રી પ્રવીણભાઈ શાહ



Actuarial Science વિશે સમજ આપતા
શ્રી નિરવભાઈ



વ્યક્તિવિશેષ શ્રી નિરવભાઈનું સન્માન કરતા
શ્રી અતુલભાઈ શાહ



સુશ્રુત એવોર્ડ વિજેતા ડૉ. નિલેશભાઈ દોશી નું સન્માન કરતા ટ્રસ્ટીઓ



સન્માનનો પ્રતિભાવ આપતા
ડૉ. નિલેશભાઈ દોશી



વિદ્યાર્થીઓને આશીર્વચન આપતા
શ્રી જશુભાઈ ટુવાવાળા



વિદ્યાર્થીઓને શુભેચ્છા આપતા
શ્રી મહેશભાઈ



કેમિકલ એન્જી. માં Ph.D કરનારા સર્વશ્રેષ્ઠ વિજેતા યતિશ અજમેરાના માતાપિતાનું સન્માન



સહુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં
શ્રી પંકજભાઈ સંઘવી

# પારિતોષિક વિતરણ કરતા ટ્રસ્ટીઓ તથા કમિટી મેમ્બર્સ












# પારિતોષિક વિતરણ કરતા ટ્રસ્ટીઓ તથા કમિટી મેમ્બર્સ


















ઑફિસ સ્ટાફ


ઉપસ્થિત આમંત્રિતો

# પારિતોષિક સમારોહ ની તસવીરી ઝલક



કન્યા ઉત્કર્ષ



કુમાર ઉત્કર્ષ



યુવા ઉત્કર્ષ



કિશોર ઉત્કર્ષ



ધાર્મિક પરીક્ષા

# SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

## PARITOSHIK & MEDAL 2019 (FIRST PRIZE)

| FULL NAME | EXAMINATION | RANK | PERCENTAGE | T/P | MERIT | KANYA | KUMAR | YUVA | KISHORI |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ARCHIE SACHIN SHAH | S.S.C. | 1st | 95.20% | 500 MEDAL | — | — | — | — | 1000 |
| HARSH VISHAL SHAH | S.S.C. | 1st | 92.00% | 500 MEDAL | — | — | — | — | 1000 |
| KHUSHI JAYESH SHAH | S.S.C. | 2nd | 94.80% | 500 | — | — | — | — | — |
| CHINTAN BHAVESH SHAH | S.S.C. | 2nd | 90.00% | 500 | — | — | — | — | — |
| SAUMYA BHAVESH SHETH | I.C.S.E | 1st | 97.60% | 500 MEDAL | — | — | — | — | 1000 |
| RAJVI KEYUR SHAH | I.C.S.E | 1st | 97.00% | 500 MEDAL | — | — | — | — | 1000 |
| JEET VIJAY SHAH | I.C.S.E | 2nd | 96.40% | 500 | — | — | — | — | — |
| VISHVA BHAVIN SHAH | I.C.S.E | 2nd | 96.40% | 500 | — | — | — | — | — |
| KWESHA NAIMISH SHAH | I.C.S.E | 2nd | 95.80% | 500 | — | — | — | — | — |
| EVA SAGAR SHAH | C.B.S.E | 1st | 96.20% | 500 MEDAL | — | — | — | — | 1000 |
| TIRTH VIRAL JAIN | C.B.S.E | 1st | 95.60% | 500 MEDAL | — | — | — | — | 1000 |
| HIYA SACHIN AJMERA | I.G.C.S.E | 1st | 95.00% | 500 MEDAL | — | — | — | — | 1000 |
| MAHEK NIGAM VORA | I.G.C.S.E | 2nd | 87.60% | 500 | — | — | — | — | — |
| HARSH MEHUL SHAH | I.C.S.E Consolation Prize | | 94.60% | 250 | — | — | — | — | — |
| DEVANSH JIGNESH SHETH | I.C.S.E Consolation Prize | | 94.60% | 250 | — | — | — | — | — |
| DEVAL ABHILASH SHETH | I.C.S.E Consolation Prize | | 94.60% | 250 | — | — | — | — | — |
| FREYA DEEPAK SANGHVI | S.S.C. Consolation Prize | | 93.00% | 250 | — | — | — | — | — |
| HETVI SHRENIK GANDHI | S.S.C. Consolation Prize | | 92.20% | 250 | — | — | — | — | — |
| NEIL JAYESH SHAH | H.S.C (Sci)-PCM | 1st | 85.00% | 500 MEDAL | 500 | — | — | — | 1000 |
| | MHT CET | 1st | 99.78% | 500 | — | — | — | — | — |
| YASVI RUPESH SHAH | H.S.C (Sci)-PCM | 1st | 86.33% | 500 MEDAL | 500 | — | — | — | 1000 |
| | MHT CET. | 1st | 99.54% | 500 | — | — | — | — | — |
| JIMIT DEVANG SHAH | H.S.C (Com) | 1st | 93.23% | 500 MEDAL | 500 | — | — | — | 1000 |
| ISHA MEHUL DELIWALA | H.S.C (Com) | 1st | 93.23% | 500 MEDAL | 500 | — | — | — | 1000 |
| HETVI KETAN SANGHAVI | H.S.C (Com) | 2nd | 91.85% | 500 | 500 | — | — | — | — |
| BHAVI HARESH SHAH | H.S.C. (ARTS) | 1ST | 85.38% | 500 MEDAL | 500 | 1111 | — | — | — |
| YASHVI HITEN SHAH | DIP COMPUTER | 1ST | 93.94% | 500 MEDAL | 500 | — | 1111 | — | — |

| FULL NAME | EXAMINATION | RANK | PERCENTAGE | T/P | MERIT | KANYA | KUMAR | YUVA | KISHORI |
|---|---|---|---|---|---|---|---|---|---|
| JAINAM PUSHPAKANT SHAH | DIP. MECHANICAL ENG | 1ST | 89.56% | 500 MEDAL | 500 | 1111 | — | — | — |
| RICHA CHETAN SHAH | B.COM (A & F) | 1ST | 9.03 CGPI | 500 MEDAL | 500 | 1111 | — | — | — |
| DARSHIT MAYUR SHAH | B.COM | 2ND | 8.90 CGPI | 500 | 500 | — | — | — | — |
| DHARA PARESH AJMERA | B.M.M. | 1ST | 70.00% | 500 MEDAL | 500 | 1111 | — | — | — |
| URMI BHARAT SHAH | BMS | 1ST | 9.38 CGPI | 500 MEDAL | 500 | 1111 | — | — | — |
| HIRAL SANJIV SHAH | LL.B | 1ST | 53.75% | 500 MEDAL | 500 | 1111 | — | — | — |
| SONAL HITESH AJMERA | M.A. JAINOLOGY | 1ST | 61.75% | 500 MEDAL | 500 | — | — | — | — |
| JINAL TEJAS SHETH | M.A.PSYCHOLOGY | 1ST | 71.60% | 500 MEDAL | 500 | 1111 | — | — | — |
| SWAGAT PIYUSH TURAKHIA | M.COM | 1ST | 8.88 CGPI | 500 MEDAL | 500 | — | 1111 | — | — |
| NIRALI RAJESH SHAH | MASTER OF BUSINESS LAW | 1ST | 64.28% | 500 MEDAL | 500 | 1111 | — | 1000 | — |
| PANKTI BHARAT SHAH | MMS (FINANCE) | 1ST | 8.69 CGPA | 500 MEDAL | 500 | 1111 | — | 1000 | — |
| FORUM MAYANK AJMERA | PGDBM (MANAGEMENT) | 1ST | 3.58/4 CGPA | 500 MEDAL | 500 | 1111 | — | 1000 | — |
| NISARG BIPIN SHAH | PGDBM (FINANCE) | 1ST | 76.83% | 500 MEDAL | 500 | — | 1111 | 1000 | — |
| SHALIN PARESH SHAH | B.TECH INFORATION TECHNOLOGY | 1ST | 9.41 C.P.I | 500 MEDAL | 500 | — | 1111 | 1000 | — |
| DEVANSH PARESH SHAH | B.TECH COMPUTER | 1ST | 9.43 C.P.I | 500 MEDAL | 500 | — | 1111 | 1000 | — |
| RUCHI ASHOK SHAH | B.E. ELECTRONICS | 1ST | 8.59 CGPI | 500 MEDAL | 500 | 1111 | — | 1000 | — |
| VINIE SHAILESH SHAH | B.E.EXTC | 1ST | 8.04 CGPI | 500 MEDAL | 500 | 1111 | — | 1000 | — |
| MAITRI VIRENDRA VORA | B.CHEMICAL ENGG | 1ST | 9.23 CGPA | 500 MEDAL | 500 | 1111 | — | 1000 | — |
| MAITRI VIRENDRA PAREKH | BACHELOR OF ARCHITECTURE | 1ST | 7.96 CGPI | 500 MEDAL | 500 | 1111 | — | 1000 | — |
| PALAK JITESH GANDHI | BDS | 1ST | 68.12% | 500 MEDAL | 500 | 1111 | — | 1000 | — |
| NEEL PANKAJ SHAH | C.A. | 1ST | 57.38% | 500 MEDAL | 500 | — | 1111 | 1000 | — |
| PRANALI RAMESH DOSHI | C.A. | 1ST | 52.18% | 500 MEDAL | 500 | 1111 | — | 1000 | — |
| DR. ADIT R MANIAR | M.S. ORTHOPADEDICS | 1ST | 67.87% | 11000 | 500 | — | 1111 | 1000 | — |
| YATISH GIRISH TURAKHIA | Ph.D Electrical Eng. [Top Most] | 1st | — | 1000 MEDAL | 500 | — | 1111 | 1000 | — |

# SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA
# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

## MERIT SCHOLARSHIP - 2019

| NO. | FULL NAME OF THE STUDENT | EXAM NAME | PER |
|---|---|---|---|
| 01. | POOJAN RAMESH DOSHI | H.S.C (Com) | 91.08% |
| 02. | SMIT DHIREN SHAH | H.S.C. (Com) | 90.15% |
| 03. | DHRUMIL DARSHAK SHAH | H.S.C. (Com) | 90.00% |
| 04. | VENI SUJAL SHAH | H.S.C. (Com) | 89.69% |
| 05. | KRINA SAURABH SHAH | H.S.C. (Com) | 89.38% |
| 06. | KRUTI JATIN SHAH | H.S.C. (Com) | 89.23% |
| 07. | HIRANSHI KETAN SANGHAVI | H.S.C. (Com) | 87.38% |
| 08. | KHUSHI ASHISH DOSHI | H.S.C. (Com) | 86.92% |
| 09. | RITI DEEPAK GANDHI | H.S.C. (Com) | 86.00% |
| 10. | AGAM BHARAT SHAH | H.S.C. (Com) | 83.85% |
| 11. | DARSHAN DIPESH SANGHVI | H.S.C. (Com) | 82.15% |
| 12. | KEVIN ATUL SHAH | H.S.C. (Com) | 81.08% |
| 13. | KHUSHI PRAFUL GOPANI | H.S.C. (Com) | 79.23% |
| 14. | DISHI MAYANK AJMERA | H.S.C. (ARTS) | 75.85% |
| 15. | DIGANT ATUL SHAH | B.COM | 8.46 CGPA |
| 16. | MILONI AMIT DOSHI | B.COM | 8.08 CGPI |
| 17. | VIRAJ RAJESH SANGHVI | B.COM | 7.16 CGPI |
| 18. | NILAY KALPESH SHAH | BMS | 8.92 CGPI |
| 19. | AMI CHANDRESH DOSHI | BMS | 8.50 CGPA |
| 20. | DHANYA MILANKUMAR DHRUV | 2ND YEAR BMS | 8.30 SGPA |
| 21. | MAITRY JAYLESH GOPANI | 2ND YEAR BMS | 7.70 SGPA |
| 22. | SANKET MANISH SHAH | C.A. | 57.00% |
| 23. | NEMI SANDIP SHAH | C.A. | 54.50% |
| 24. | FORAM HARSHAD SHAH | C.A. | 54.37% |
| 25. | URMIL VIPUL SHAH | C.A. | 54.25% |
| 26. | CHIRAG KALPESH MANIAR | B.TECH ITFORMATIOIN TEC | 8.02 CGPI |
| 27. | AMI BHARAT GOSALIA | B.E. INFORMA-TION TEC | 8.40 CGPI |
| 28. | NISARG SHAILESH SHAH | 2ND YEAR | 9.19 CGPA |
| 29. | DEEP JAYESH SHAH | B.TECH COMPUTER | 8.09 CGPI |
| 30. | MEET HITESH GOPANI | B.E. ELECTRONICS | 8.56 CGPI |
| 31. | MANAN KALPESH SHAH | B.E. ELECTRONICS | 7.99 CGPI |
| 32. | TRUSHA RAJESH SHAH | B.E. EXTC | 7.15 CGPI |
| 33. | NAITIK NIGAM VORA | 2ND YEAR DIP. INFORMATIO TECH | 93.00% |
| 34. | MILONI PARESH SANGHVI | BDS | 65.60% |
| 35. | BHAVI BHARAT DOSHI | BDS | 65.56% |
| 36. | MIT DEEPAK SHETH | BACHELOR OF ARCHITECTURE | 7.18 CGPI |
| 37. | ANUSHKA BIREN SHAH | FASHION DESIGN | 8.9 GPA |

## WINNERS OF DHARMIK SHRENI EXAMINATION

| NAME | DHARMI SHRENI | RANK | PERCENTAGE | AMOUNT |
|---|---|---|---|---|
| DR. DHANVANITIBEN N MODI | DHARMIK SHRENI-22nd | FIRST | 91.00% | 500 MEDAL |
| BHAUMATI JASWANTRAI JOBALIA | DHARMIK SHRENI-21st | FIRST | 90.00% | 500 |
| GEETA KISHORBHAI SHAH | DHARMIK SHRENI-20th | FIRST | 93.00% | 500 |
| URVASHI RAJESH SHAH | DHARMIK SHRENI-17th | FIRST | 89.00% | 500 |
| PRITI MAYANK GANDHI | DHARMIK SHRENI-16th | FIRST | 97.00% | 500 |
| BHAVANABEN BHARAT DOSHI | DHARMIK SHRENI-14th | FIRST | 98.50% | 500 |
| ALPABEN MEHUL DELIWALA | DHARMIK SHRENI-11th | FIRST | 95.00% | 500 |
| SNEHA SHAILESH SHAH | DHARMIK SHRENI-9th | FIRST | 94.50% | 500 |
| PRATHAM JAILESH GOPANI | DHARMIK SHRENI-3rd | FIRST | 91.00% | 500 |
| DWIT TEJAS SHAH | DHARMIK SHRENI-1st | FIRST | 96.00% | 500 |

### સુરેન્દ્રનગરની ધન્ય ધરા પર શ્રી ગોપાલ સંપ્રદાય સ્થા જૈન સંઘ લીંબડી સંચાલિત

# શ્રી જશવંતલાલ ગિરધરલાલ શાહ - મહાવીરાલયનું ઉદ્‌ઘાટન તથા મુમુક્ષુત્રયનો ભવ્ય દિક્ષા સમારોહ

### એક શાનદાર ધર્મોત્સવની ઝલક...

શ્રી ગોપાલ સંપ્રદાય સ્થા. જૈન સંઘ (લીંબડી) સંચાલિત શ્રી જશવંતલાલ ગીરધરલાલ શાહ (ટુવાવાળા) ''મહાવીરાલય'' ધર્મસ્થાનકનો ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ તા. ૨૬-૦૧-૨૦૨૦ના રોજ સંપન્ન થયો. ગોપાલ ગચ્છશિરોમણી પ.પૂ. ધન્યગુરુદેવશ્રીના આજ્ઞાનુવર્તી, આગમજ્ઞાતા પૂ. દેવ, ધર્મ ગુરુદેવોશ્રી, બરવાળા સંપ્રદાયના ગચ્છાધિપતિ પ.પૂ. સરદારમુનિજી મ.સા. દરિયાપુરી સંપ્રદાયના પ્રજ્ઞાસિંધુ આચાર્યશ્રી વીરેન્દ્રજીસ્વામી, શાસન અનુરાગી પૂ. જિતેન્દ્રમુનિજી મ.સા. સંયમનિષ્ઠ પ. પૂ. ધૈર્યમુનિજી મ.સા. તેમજ તપસ્વીની પૂ. કંચનબાઈ મ.સા. આદિ વિવિધ સંપ્રદાયના અનેક શ્રમણીવૃંદની વિશાળસંસ્થા, આમ સંતો અને સતીજીઓના અંતરના આશીર્વચન સાથે પુણ્યવંતા દાનવીરોનો ઉપસ્થિતિમાં ધર્મપ્રેમી શ્રાવક-શ્રાવિકાઓની વિશાળ જનમેદની સાથે પ્લેટીનીયમ પ્રભાતે મંગલ મુહુર્ત, જૈનમ જયતિ શાસનમના નારા સાથે નવકારમંત્રના ઉચ્ચારણ સાથે આ ઐતિહાસિક, અદ્‌ભુત સમારોહ સંપન્ન થયો.

શ્રાવકગણની સાધનાર્થે, ત્યાગીવૃંદની સેવા-ભક્તિ વૈયાવચ્ચ લક્ષે માત્રને માત્ર ૧૧ જ મહિનાના ટૂંકા ગાળામાં એક આલિશાન શાતાકારી ભવ્ય દેવાલય સમાં મહાવીરાલયનું નિર્માણ થયું.



ગોપાલ ગચ્છના નવલોહીયા યુવાપ્રમુખ શ્રીયુત રાજુભાઈ શાહ (ધોલેરા)ની રાહબરી નીચે જે ટીમવર્ક સાથે આ ધર્મસ્થાનકનું નિર્માણ થયું તેઓની જહેમત અને મહેનત અથાગ પરિશ્રમને બિરદાવ્યા વિના રહી શકાય નહિ.

અધ્યાત્મયોગિની પ.પૂ. સુયશાબાઈ મ. ના કુપાપાત્ર (મહાવીરાલયના મુખ્ય દાતા) શ્રી જશવંતભાઈ ટુવાવાળા તેમજ જીવદયાપ્રેમી શ્રી વિરેન્દ્રભાઈ શાહ, ઝાલાવાડી સભાના ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઈ જી. શાહ, સેનેટોરિયમના દાતાશ્રી મીનળબેન (સી. યુ. શાહ) ના પ્રતિનિધિ શ્રી પ્રવિણભાઈ વોરા, શ્રી નિલેશભાઈ, શ્રી મિનેશભાઈ, જયંતિભાઈ સંઘવી ઉપસ્થિત રહેલા.

શ્રી જશવંતલાલ ગિરધરલાલ ટુવાવાળા પરિવારે નવકારમંત્ર અને માંગલિકના પવિત્ર મંત્રોચ્ચાર પછી ઉપાશ્રય ખુલ્લો મૂક્યો. હવા ઉજાસ વાળો અત્યંત વિશાળ શાતાકારી ઉપાશ્રય જોઈને સહુ પ્રભાવિત થઈ ગયા. ગંભીરચંદ ઉમેદચંદ શાહ પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન ઉપપ્રમુખ અને દાતા શ્રી પ્રવીણભાઈએ કર્યુ. શ્રીમતી જયાબેન, વસંતલાલ સંઘવી વૈયાવચ્ચ રૂમનું ઉદ્‌ઘાટન ટ્રસ્ટી, મંત્રી શ્રી પંકજભાઈ સંઘવીએ કર્યુ. શાંતિલાલ ચત્રભુજ શાહ શાલીભદ્રની પેઢીનું ઉદ્‌ઘાટન બિમલ શાહ (મંગલમ્ સાડી) તથા સંધ્યાબેન અને પરિવારજનોએ કર્યુ. ઝવેરીબેન વૃજલાલ સંઘવી ગૌતમ ગોચરી ગૃહનું ઉદ્‌ઘાટન નરેન્દ્રભાઈ ભૂપેન્દ્રભાઈ તથા અનિલભાઈ સંઘવી પરિવારે કર્યુ.

ઉપાશ્રયના બીજા મજલે શ્રી સી.યુ. શાહ યાત્રિક ભુવન તૈયાર થઈ ગયુ છે. સી. યુ. શાહના સુપુત્રી મીનળબેને પિતાની સ્મૃતિમાં ૭૫ લાખ રૂા. આ યાત્રિકભવન માટે અર્પણ કર્યા છે. મીનળબેનની અનુપસ્થિતિ હોવાથી અને હજી યાત્રિક ભવનના રૂમોનું ફર્નિચર બાકી હોવાથી પ્રવીણભાઈ જી. શાહ, શ્રી પ્રવીણભાઈ વોરા, ડૉ. જીતુભાઈ સંઘવી તથા ઝાલાવાડી સભાના કમિટી મેમ્બર્સની ઉપસ્થિતિમાં ઔપચારિક પણે તે ખુલ્લું મૂકાયું ફર્નિચરના સાજ સજાવાશે પછી જ એનું વિધિવત્ ઉદ્‌ઘાટન થશે. આ પ્રસન્ન પળોમાં ઝાલાવાડી સભાના ઉપપ્રમુખ શ્રી પ્રવીણભાઈ, ટ્રસ્ટી મંત્રી શ્રી પંકજભાઈ સંઘવી, મંત્રીશ્રી અનિલભાઈ સંઘવી, સહમંત્રીશ્રી મુકેશભાઈ ચશ્માવાળા, શ્રી નરેન્દ્રભાઈ સંઘવી, ખજાનચી શ્રી દિલીપભાઈ શાહ, તંત્રીશ્રી સંધ્યાબેન શાહ, કમિટી મેમ્બર્સ શ્રી નરેન્દ્રભાઈ ગાંધી, ચેતનભાઈ ગોસલિયા, શ્રી વિજયભાઈ અજમેરા, શ્રી નિરવભાઈ દોશીની ઉપસ્થિતિએ મજાનો માહોલ રચાયો હતો. ઉપાશ્રયની ઉપર રચાયેલું આ સી.યુ. શાહ યાત્રિક ભુવન અનુપમ છે, સુંદર છે. સુરેન્દ્રનગર જનારા સહુ સભ્યોને માટે આર્શીવાદરૂપ બન્યું છે.

✦✦✦

### મુમુક્ષુત્રયોનો દિક્ષા મહોત્સવ



'મહાવીરાલય' નૂતન ઉપાશ્રય - સુરેન્દ્રનગર ઘર હો તો ઐસામાં શ્વે. સ્થા. જૈન સંઘ (કેરીબજાર) અને ગોપાલ સંપ્રદાય સ્થા. જૈન સંઘ દ્વારા ત્રણ મુમુક્ષુઓનો ત્રિદિવસીય દીક્ષા મહોત્સવ ૨૭-૦૧-૨૦ સોમવારના રોજ જૈનમ્

જયતિ શાસનમ્ ના જયજયકાર સાથે સંપન્ન થયો.

કવિવર્ય પૂ. ગુરુદેવ શ્રી ધન્યમુનિ મ.સા. ના પ્રતિભાસંપન્ન પૂ. દેવ. ધર્મ ગુરુદેવા બરવાળા સંપ્રદાયના ગચ્છાધિપતિ પૂ. સરદારમુનિ મસા. આદિ ઠાણા. દરિયાપુરી સંપ્રદાયના આચાર્ય ભગવંત પૂ. વિરેન્દ્રમુનિજી મ.સા. આદિ ઠાણા. ખંભાત સંપ્રદાયના શાસનપ્રેમી શ્રી જિતેન્દ્રમુનિજી મ.સા. આદિ ઠાણા અજરામર સંપ્રદાયના આગમઅનુરાગી પૂ. ધૈર્યમુનિજી મ.સા. આદિ ઠાણાઓ તેમજ જિનશાસન વંદનીય શ્રમણીવૃંદ... વિશાળ સતીરત્નો - શ્રાવક તથા શ્રાવિકાઓની હાજરીમાં - ગુરુ ભગવંતો પાસે પ્રવર્જ્યા અંગીકાર કરીને સાધકમાંથી સાધ્વીજી બનેલા - મુમુક્ષુઓના - અંતિમ (સાંસારિક) પ્રવચનમાં આત્મકલ્યાણ માટે સદા સમ્યક્ પુરુષાર્થ કરવા. સાંસારિક જીવનને અલવિદા કરતાં - સંસારના વરવા સ્વરૂપને રજૂ કરેલ.

ત્રણ મુમુક્ષુોના - શ્રીફળ - ચેઈન-વીંટી-નવકારવાળીની ઉછામણીમાં દાતાઓએ ખૂબ લાભ લીધો.

વિશાળ જનમેદની-સુંદર વ્યવસ્થા - બેસાડીને જમવાની વ્યવસ્થા... આકર્ષણનું કેન્દ્ર બની રહ્યાં. ઐતિહાસિક માહોલમાં દીક્ષા મહોત્સવ થયો... એમ કહેવાય.


નવદીક્ષાર્થીઓના આધ્યાત્મિક નામકરણ થયાં તેમાં મુમુક્ષુ પલ્લવિકાબેન... પ.પૂ. પરમયશાબાઈ મહાસતીજી બન્યા હતા. મુમુક્ષુ રિધ્ધિબેન, પૂ. જયરત્નાબાઈ મહા. તથા મુમુક્ષુ ફોરમબેન પૂ. આર્યરત્નાબાઈ મહાસતીજી બન્યા હતા. ત્રિદિવસીય દીક્ષા મહોત્સવમાં સમકિત મંડળ (કેરીબજાર) તથા રતનપર ના બહેનોએ અનુમોદનાના સુંદર કાર્યક્રમો રજૂ કર્યા હતા.

ભારત સ્થા. જૈન સંઘ, જો. નગર જૈન સંઘ તથા સુરેન્દ્રનગર અને અમદાવાદ -મુંબઈ - ધોલેરા - ધાંગધ્રા - અનેક શહેરોમાંથી પધારેલા રાજકોટ વાંકાનેર-મોરબી સંઘના પ્રમુખશ્રીઓ - મહેમાનશ્રીઓ - દાતા પરિવાર - ચારિત્ર અનુમોદક પરિવાર તથા સુરેન્દ્રનગરની ધર્મપ્રેમી જનતાએ - ભાવિકોએ સંયમ માર્ગે પ્રયાણ કરનાર - ત્રણેય મુમુક્ષુઓને અનુમોદના તથા સંયમ જીવનની શુભેચ્છાઓનો ધોધ વહાવ્યો હતો.

હાર્દિકભાઈ શાહે (અમદાવાદ) વૈરાગ્યસભર સંગીતના સૂર સાથે - પરિવારની અલવિદા - સંસારની અલવિદાના સૂરો રેલાવ્યા હતા.

મહોત્સવનું સફળ સંચાલન ધીરજભાઈ છેડાએ કર્યુ જ્યારે આયોજન સફળ બનાવવા - રાજુભાઈ ધોલેરાવાળા, રાજુભાઈ મારવાડી, જયેશભાઈ, સંજયભાઈ (જ્વેલ) યોગેશભાઈ સંઘવી, અપૂર્વભાઈ - બીમલભાઈ તથા સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી. સુરેન્દ્રનગરની ધરામાં ભવ્ય માહોલમાં - ઐતિહાસિક બનેલો આ દીક્ષા- મહોત્સવ ગોપાલ સંપ્રદાય અને જિનશાસનમાં સુવર્ણઅક્ષરે અંકિત થશે.

---



પ્રાર્થના તો હૃદયની વાણી છે. ભાવ પરિષ્કાર માટે અને વિશ્વાસ મેળવવાનું તે ઉત્તમ માધ્યમ છે. તેનું અસરકારક પરિણામ મેળવવા નોર્મન વિન્સેન્ટ પીલે કેટલાક ઉપાય સૂચવ્યા છે.

- દરરોજ થોડી મિનિટ એકાંતમાં બેસો અને મનને શાંત કરો. મન સ્વયં જ સ્વીકારાત્મક અને ચિંતનશીલ બનશે.
- મનના ભાવો શબ્દોમાં જ ઈશ્વર પાસે મૂકો. મંત્રો કે સ્તોત્ર, ભજનો કે ધૂનો જ ગાવાં જોઈએ તેવું નથી. તમારી ભાષામાં જ ઈશ્વર સાથે વાત કરો.
- પ્રવાસમાં, ધંધા પર હો ત્યારે, ભોજનના ટેબલ પર, સૂતી વખતે, ઊઠતી વખતે એકાદ-બે મિનિટ આંખો બંધ કરી પ્રાર્થના કરો, ઈશ્વરની હાજરીનો અનુભવ કરો.
- પ્રાર્થના કરતી વખતે શ્રદ્ધા અને હૃદયને મધુર ભીનો ભાવ સહજ હોય જ. તેમાં નકારાત્મકતા ન આવે તે જરૂરી છે.
- બધું જ ઈશ્વરના હાથમાં સોંપી દેવાની ટેવ પાડો. તમને જે નથી ગમતા તેવા લોકો માટે પણ પ્રાર્થના કરો, શુભભાવ કેળવો.

## ઝાલાવાડી સભાની સ્થળાંતર થયેલ ઑફિસનું એડ્રેસ

આથી સર્વે મેમ્બર ભાઈ-બહેનોને જણાવવાનું કે આપણી સભાની કોલભાટ લેનની ઑફિસનું બિલ્ડિંગ રિ-ડેવલપમેન્ટમાં હોવાથી આપણી સભાની ઑફિસ ટેમ્પરરી કાંદિવલી (વેસ્ટ) ખાતે નીચે મુજબના એડ્રેસ ખાતે બીજી જાણ ન કરવામાં આવે ત્યાં સુધી સ્થળાંતર કરેલ છે.

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -**

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**

**૧૦૭, પંચવટી, પહેલે માળે એસ. વી. રોડ, બજાજ રોડ કોર્નર, આનંદવન આ શ્રમની બાજુમાં, કાંદિવલી (વે.), મુંબઈ-૪૦૦ ૦૬૭.**

**ઑફિસના નવા ફોન નંબર :**

**૨૮૦૫૭૮૫૧ / ૨૮૦૨૦૯૨૪**

(સમય–૧૧-૩૦ થી ૬-૦૦ સુધી . લંચ ટાઈમ : ૧.૩૦ થી ૨.૦૦. રવિવાર તેમ જ રજાના દિવસો સિવાય)

- કૃપા કરીને ઉપરોક્ત ફોન નંબર, સરનામું તથા સમયની નોંધ લખી રાખશો / સાચવી રાખશોજી.



# બ્રહ્મજ્ઞાન

**શ્રી અરવિંદ**

ચંદ્ર ધીરે ધીરે વાદળોના પડદા પાછળ ગતિ કરી રહ્યો હતો. નીચે નદી કલકલ કરતી પવનના સૂરમાં પોતાનો સૂર મેળવતી નાચતી નાચતી વહેતી હતી. પૃથ્વીનું સૌન્દર્ય અર્ધા અંધકારમાં અર્ધા ચંદ્રપ્રકાશમાં ઓર ખીલી ઊઠ્યું હતું. ચારે બાજુ ઋષિઓના આશ્રમો હતા. પ્રત્યેક આશ્રમની શોભા નંદનવનની શોભાને પણ ટપી જાય તેવી હતી. હરેક ઋષિની કુટિરની આસપાસનાં તરુ, પુષ્પો અને લતાઓ સૌન્દર્યથી લચી પડતાં હતાં. આવી જ્યોત્સ્નાથી છલકાતી એક રાત્રે બ્રહ્મર્ષિ વશિષ્ઠ પોતાની પત્ની અરુંધતીને કહેતા હતા, ''દેવી, ઋષિ વિશ્વામિત્રને ત્યાંથી થોડું મીઠું લઈ આવો ને !''

આ સાંભળતાં જ અરુંધતીને આશ્ચર્ય થયું અને તેમણે પ્રશ્ન કર્યો, ''પ્રભુ, આપ આ કેવી આજ્ઞા કરો છો ? મને એ સમજાતું નથી. જેણે આપણા એક સો પુત્રોનો વધ કર્યો છે...'' એ શબ્દો બોલતાં બોલતાં અરુંધતીનો કંઠ રૂંધાઈ ગયો. ભૂતકાળ બધો સ્મરણપટ પર તાજો થઈ આવ્યો. અપૂર્વ શાંતિના ધામ જેવું એ હૃદય વ્યથાથી ઊભરાવા લાગ્યું. તે બોલ્યાં, ''આવી જ સુંદર કૌમુદીવાળી રાત્રે મારા પુત્રો વેદગાન કરતા કરતા ફરતા હતા. એ સોએ સો વેદજ્ઞ હતા, બ્રહ્મનિષ્ઠ હતા. મારા એ સર્વ પુત્રોને જેણે મારી નાખ્યા છે, તેના આશ્રમમાંથી મીઠું માગી લાવવાનું આપ કહો છો ? મને કંઈ સમજાતું નથી.''

ઋષિનું મુખ ધીરે ધીરે પ્રકાશથી છલકાવા લાગ્યું, સાગર જેવા એમના હૃદયમાંથી શબ્દો નીકળવા લાગ્યા : ''દેવી, એમના ઉપર તો મને ખાસ પ્રેમ છે.''

અરુંધતીનું આશ્ચર્ય ખૂબ વધી ગયું. તેમણે કહ્યું, ''એમના ઉપર આપને જો પ્રેમ છે તો તો પછી આપ એમને 'બ્રહ્મર્ષિ' નામે સંબોધન કેમ નથી કરા ? એમને બ્રહ્મર્ષિ કહી દીધા હોત તો આ બધી જંજાળ મટી જાત, અને મારે મારા સો પુત્રો ગુમાવવા ન પડત.''

ઋષિના મુખ ઉપર એક અપૂર્વ કાંતિ પ્રગટી આવી. તે બોલ્યા, ''તેમના ઉપર મને પ્રેમ છે માટે જ હું એમને બ્રહ્મર્ષિ કહેતો નથી. હું એમને બ્રહ્મર્ષિ નહીં કહું એમાંથી જ તેઓ બ્રહ્મર્ષિ થઈ શકવાની આશા રહે છે.''

✶

આજે વિશ્વામિત્ર ક્રોધથી જ્ઞાનશૂન્ય બની ગયા હતા. આજે તેઓ તપસ્યામાં મન પરોવી શકતા ન હતા. તેમણે સંકલ્પ કર્યો હતો કે, આજે જો વશિષ્ઠ મને બ્રહ્મર્ષિ નહીં કહે તો તેમનો પ્રાણ લઈશ. અને એ સંકલ્પને પાર પાડવા તે હાથમાં તલવાર લઈ પોતાની કુટિરમાંથી બહાર નીકળી પડ્યા, અને ધીરે ધીરે વશિષ્ઠની કુટિરની પાસે આવી ઊભા રહી ગયા. ત્યાં ઊભાં તેમણે વશિષ્ઠની બધી વાતો સાંભળી. હાથમાં જોરથી પકડેલી તલવાર ઢીલી થઈ ગઈ. તે વિચારવા લાગ્યા, મેં આ શું કર્યું ? તદ્દન અજ્ઞાનમાં રહીને મેં કેવો મોટો અન્યાય કર્યો છે ? કેવા નિર્વિકાર હૃદયના ઋષિને વ્યથા પહોંચાડવાનો પ્રયત્ન મેં કર્યો છે ! તેમના હૃદયમાં જાણે સો સો વીંછીના ડંખની વેદના થવા લાગી, હૃદય અનુતાપથી બળવા લાગ્યું. દોડીને તે વશિષ્ઠના પગમાં ઢળી પડ્યા. થોડી ક્ષણો તો તે કશું બોલી જ ન શક્યા. પછી તે બોલ્યા, ''ક્ષમા કરો. પણ મારામાં તો ક્ષમા યાચવાની પણ યોગ્યતા નથી રહી.'' વિશ્વામિત્રનું ગર્વીલું હૃદય બીજું કાંઈ બોલી શક્યું નહીં.

પણ વશિષ્ઠ શું બોલ્યા ? વશિષ્ઠે બેય હાથ વડે તેમને પકડી લીધા અને કહ્યું, ''ઊઠો બ્રહ્મર્ષિ, ઊઠો.''

વિશ્વામિત્ર બમણા શરમાઈ ગયા અને બોલ્યા, ''પ્રભુ, મને આમ શરમમાં કેમ નાખો છો ?''

વશિષ્ઠે જવાબ આપ્યો, ''હું કદી મિથ્યા બોલતો નથી. આજે તમે બ્રહ્મર્ષિ થયા છો. આજે તમે અભિમાનનો ત્યાગ કર્યો છે. આજે તમે બ્રહ્મર્ષિપદ પ્રાપ્ત કર્યું છે.''

વિશ્વામિત્રે કહ્યું, ''આપ મને બ્રહ્મજ્ઞાન આપો.''

વશિષ્ઠે જવાબ દીધો, ''આપ શેષની પાસે જાઓ. તે જ આપને બ્રહ્મજ્ઞાન આપશે.''

વિશ્વામિત્ર શેષની પાસે પહોંચ્યા. માથા ઉપર પૃથ્વી ધારણ કરીને શેષ બેઠા હતા. વિશ્વામિત્રે બધી વાત કહી સંભળાવી.

શેષ બોલ્યા, ''તમે જો આ પૃથ્વી તમારા મસ્તક પર ધારણ કરી શકો, તો હું તમને બ્રહ્મજ્ઞાન આપી શકીશ.''

તપોબળના ગર્વથી ભરેલા વિશ્વામિત્રે કહ્યું, ''આપ પૃથ્વીને માથેથી ઉતારી નાખો. હું એને મારે માથે લઈ લઉં છું.''

શેષે પૃથ્વીને માથા પરથી ઉતારી તેવી જ તે આકાશમાં ચક્કર લેતી લેતી ગબડવા લાગી.

વિશ્વામિત્રે ગર્જના કરી, ''હું મારા સમસ્ત તપનું ફળ અર્પણ કરું છું. પૃથ્વી, સ્થિર થઈ જા !'' પણ પૃથ્વી સ્થિર ન થઈ.

ત્યારે શેષ બોલ્યા, ''વિશ્વામિત્ર, પૃથ્વીને ધારણ કરી શકાય એટલું તપ તો તમે કર્યું લાગતું નથી. પણ કોઈ દિવસ કોઈ સાધુપુરુષનો સંગ કર્યો છે ? કર્યો હોય તો તેનું ફળ અર્પણ કરો.''

વિશ્વામિત્રે કહ્યું, ''એકાદ ક્ષણ જેટલો વશિષ્ઠનો સંગ કર્યો છે.''

શેષે કહ્યું, ''તે એનું જ ફળ અર્પણ કરો.''

વિશ્વામિત્ર બોલ્યા, ''હું એ ફળ અર્પણ કરું છું.'' અને ધીરે ધીરે પૃથ્વી સ્થિર બની. પછી વિશ્વામિત્ર બોલ્યા, ''હવે મને બ્રહ્મજ્ઞાન આપો.''

શેષે કહ્યું, ''મૂર્ખ વિશ્વામિત્ર, જેની સાથેના એક ક્ષણ જેટલા સત્સંગના ફળ રૂપે પૃથ્વી સ્થિર થઈ ગઈ, તેને મૂકીને તું મારી પાસેથી બ્રહ્મજ્ઞાન લેવા ઈચ્છે છે''

વિશ્વામિત્ર ક્રોધે ભરાયા. વિચારવા લાગ્યા કે, આ તો વશિષ્ઠે મને છેતર્યો ! ઝડપથી તેઓ વશિષ્ઠ પાસે જઈ પહોંચ્યા અને કહેવા લાગ્યા, ''આપે મને શા માટે છેતર્યો ?''

વશિષ્ઠે ધીરગંભીર ભાવે ઉત્તર આપ્યો, 'તે વખતે જો મેં તમને બ્રહ્મજ્ઞાન આપ્યું હોત તો તેમાં તમને વિશ્વાસ બેસત નહીં. હવે તમને શ્રદ્ધા બેસશે.'' અને પછી વિશ્વામિત્રે વશિષ્ઠ પાસેથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું.

✶

ભારત દેશમાં આવા ઋષિઓ હતા, આવા સાધુપુરુષો હતા. ક્ષમાનો આવો આદર્શ હતો. એવું તપોબળ હતું કે જે દ્વારા પૃથ્વીને ધારણ કરી શકાતી હતી.

ભારત દેશમાં વળી પાછા એવા જ ઋષિઓ જન્મ લઈ રહ્યા છે. એ ઋષિઓના પ્રભાવ આગળ પ્રાચીન કાળના ઋષિઓનો પ્રકાશ ઝાંખો પડી જશે. એ ઋષિઓ ભારત દેશને પ્રાચીન કાળ કરતાંયે વધારે ગૌરવ અપાવશે.

✶✶✶

---

# ''પણ જોજો હો... !''

**□ શાન્તનુ લ. કિરલોસ્કર**



પ્રામાણિકતા અને તનતોડ પરિશ્રમનાં સનાતન ભારતીય મૂલ્યોની સાથે આધુનિક યંત્રવિદ્યાનો વિરલ સમન્વય કરનાર ભારતના એક આગેવાન ઉદ્યોગપતિ શાન્તનું લ. કિરલોસ્કરે જુવાનીમાં અમેરિકા જઈ વિખ્યાત એમ.આઈ.ટી. સંસ્થામાં ઈજનેરીનો અભ્યાસ કરેલો. મહારાષ્ટ્રમાં પિતાના નાનકડા કારખાનામાં એ ૧૯૨૬માં જોડાયા અને અવિરત પુરુષાર્થને પ્રતાપે દેશભરમાં સન્માનિત ઉદ્યોગપતિ બન્યા. એકાણું વરસની વયે, ૧૯૯૪માં એમનું અવસાન થયું. ત્યારે કિરલોસ્કર જૂથના ઉદ્યોગો તરફથી કેટલાંક દૈનિક છાપામાં અરધાં પાનાં ભરીને જાહેરાતો આપવામાં આવેલી, તેમાં કિરલોસ્કર દાદાનો નીચેનો સંદેશો રજૂ થયેલો)

મને ખબર છે કે તમને તો એક ફક્કડ બહાનું મળી જવાનું - પણ જો જો હો ! મારું મરણ થાય ને હું અહીં આંટો મારવા ન આવ્યો હોઉં, એટલા ખાતર તે દિવસે કામ બંધ રાખતા નહીં.

અને હા, ગમગીન ચહેરાઓ લઈ લઈને ફરશો નહિ ને લાંબાંલચ ભાષણો કરતા નહિ - હું તો એવું એકાદુંયે ભાષણ સાંભળવા જેટલું બેસી શકું જ નહિ. એના કરતાં તો, અહં, તમને મને એકાદ મોટું કૉમ્પ્રેસર કે ડીઝલ એન્જિન જ બનાવી આપોને ! અમેરિકા કે ફ્રાંસથી કોઈ મોટો નિકાસ-ઓર્ડર મેળવી લાવો ને ! એક સાવ નવા, ક્રાંતિકારી સુપર કમ્પ્યૂટરની રચના કરી આપોને !

તમને ઠીક પડે તે કરો - તમે દરજી હો, તો ગામના તમારા લત્તામાં સારામાં સારું પેન્ટ સીવનારા તમે હો એવું હું ઈચ્છું; અથવા હોટલના વેઈટર હો, તો એવી અફલાતૂન સર્વિસ આપો કે તમારે ત્યાં ઘરાકોની ભીડ જામ્યા કરે.

તમારે મને અંજલિ આપવી છે ને ? ખુદાને ખાતર મારું કોઈ બાવલું બનાવશો નહિ. બસ, સરસ કામ કરતા રહો. આજે ને હરહંમેશ. એમ કરતાં કરતાં આપણે એક સરસ મજાનો મુલક ઊભો કરી દઈશું.

વફાદારી તો એક રોગચાળો છે. હમણાંનાં વરસોમાં ભારતમાં એ બહુ ફેલાયો છે. લોકો જ્યારે મને વફાદાર રહેવાની વાત કરે ત્યારે હું કહેતો હોઉં છું કે, મારે તો તમારી કે બીજા કોઈનીયે વફાદારી જોઈતી નથી - મારાં પોતરાંઓની પણ નહિ. કાલ સવારે હું ભ્રષ્ટાચારી બની ગયો, તો શું તમે મને વફાદાર રહેવાના ? હું મરી જઈશ ત્યારે શું કરશો ? તમારી વફાદારી ક્યાંક બીજે લઈ જશો જેની કિંમત હોય એવી એકમાત્ર વફાદારી તો છે મૂલ્યો માટેની વફાદારી. કારણ, ફિલસૂફો ભલે ચાહે તે કહે પણ, અમુક મૂલ્યો કદી પણ બદલાતાં નથી. જેમ કે - ઉત્તમતા અથવા બુદ્ધિની ખડતલતા, ગતિશીલતા, ઈમાનદારી, કલ્પનાશક્તિ કે વિનોદવૃત્તિ.

✶✶✶

---


## શુભ મંગલ મેરેજ બ્યુરો

વૈષ્ણવ, જૈન તથા અન્ય ગુજરાતી જ્ઞાતિઓનાં યુવક-યુવતી અને છૂટાછેડા લીધેલા ઉમેદવારનાં લગ્ન માટેનો સચોટ અને ઉત્તમ મેરેજ બ્યુરો

**સંચાલક : નીપા શાહ : ૯૮૩૩૧૧૮૭૩૪** (Advt.)


## સુધારો

ગત માસિક પત્રિકામાં સ્વર્ગ તમારા હાથમાં નાં મૂળ લેખકનું નામ લખવાનું રહી ગયું હતું. (Norah Lofts ની ટૂંકી વાર્તા - 'Heaven in your Hand' - નો મુક્ત અનુવાદ)

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **નિકેત — સીમોની** | | |
| શ્રી અમિતભાઈ નરોત્તમદાસ શાહના સુપુત્ર જોરાવરનગર હાલ : અંધેરી તથા શ્રી સુનીલભાઈ વેલજીભાઈ સઈઆની સુપુત્રી મોટાલાયની હાલ : માટુંગા સ્વધર્મી સહાય ફંડ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **યશ — ખુશાલી** | | |
| શ્રીમતી સોનલબેન મનીષભાઈ પુરષોત્તમદાસ સંઘવી ના પુત્ર ધ્રાંગધ્રા હાલ : સાંતાક્રુઝ તથા શ્રીમતી રૂપાબેન કેતનભાઈ પ્રીતમલાલ શાહની સુપુત્રી સુરેન્દ્રનગર હાલ : અંધેરી સ્વધર્મી સહાય ફંડ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **સાગર — ડૉ. નિયતી** | | |
| શ્રી સમીરભાઈ હેમંતકુમાર સંઘવીના સુપુત્ર લખતર હાલ : કાંદિવલી તથા શ્રી નિલેશભાઈ નવીનચંદ્ર કોઠારીની સુપુત્રી પાલનપુર હાલ : વિલેપાર્લા સ્વધર્મી સહાય ફંડ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **ઉમંગ — કિંજન** | | |
| શ્રી મિતુલભાઈ પ્રાણલાલ મહેતાના સુપુત્ર વડિયા હાલ : ઘાટકોપર તથા શ્રી જયેશભાઈ વિનયચંદ્ર સંઘવીની સુપુત્રી ધ્રાંગધ્રા હાલ : માટુંગા | ૫૦૧ | ૫૦૧ |
| **પાર્થ — અમી** | | |
| શ્રી તુપ્તેષભાઈ ગીરીશભાઈ ગોસલીયાના સુપુત્ર થાનગઢ હાલ : બોરીવલી તથા શ્રી હિતેશભાઈ ચંદ્રકાંતભાઈ દોશીની સુપુત્રી સાયલા હાલ : દાદર | ૫૦૧ | ૫૦૧ |
| **સાહિલ — દિશા** | | |
| શ્રી મુકેશભાઈ જયંતીલાલ જોબાલીયાના સુપુત્ર રાણપુર હાલ : બોરીવલી તથા શ્રી મંગેશભાઈ સીતારામ કોટિઅનની સુપુત્રી મેંગલોર હાલ : સાંતાક્રુઝ | ૫૦૧ | ૫૦૧ |

## પ્રભુતામાં પગલાં

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **મિતેષ-બિંદી** | | |
| શ્રી તુષારભાઈ કનૈયાલાલ શાહના સુપુત્ર લીંબડી હાલ : મલાડ તથા શ્રી કિરણભાઈ માણેકલાલ ફાફડીયાની સુપુત્રી તળાજા હાલ : વસઈ | ૫૦૧ | ૫૦૧ |
| **પ્રતિક-પ્રિયાંશી** | | |
| શ્રીમતી નિકિતાબેન નિતિન શાહના સુપુત્ર હાલ : પુના તથા શ્રીમતી ચેતનાબેન બિમલ વોરાની સુપુત્રી હાલ : પુના સ્વધર્મી સહાય ફંડ (કન્યાપક્ષ) | — | ૨૫૦૦ |
| **નિર્મલ-સ્નેહલ** | | |
| શ્રીમતી મનીષાબેન ભરતભાઈ ચંદનના સુપુત્ર રવાપર હાલ : મુલુંડ તથા શ્રીમતી હેમલબેન ભાવિનભાઈ તુરખીયાની સુપુત્રી સુદામડા હાલ : થાણા | ૫૦૧ | ૫૦૧ |
| **મોહનીસ - વૈભવી** | | |
| શ્રી દેવેન્દ્રભાઈ વિરેન્દ્રભાઈ બૈદના સુપુત્ર ચંદ્રપુર હાલઃ પુના તથા શ્રી કૌશિકભાઈ જશવંતભાઈ શાહની સુપુત્રી રાણપુર હાલ : કાંદિવલી | ૫૦૧ | ૫૦૧ |
| **નિર્મળ - નિધિ** | | |
| શ્રી ઈન્દ્રવદનભાઈ નાગરદાસ અજમેરાના સુપુત્ર વિંછીયા હાલ : મુલુન્ડ તથા શ્રી મહેશભાઈ લક્ષ્મણભાઈ પ્રજાપતિની સુપુત્રી પોરબંદર હાલ : ગોરેગામ | ૫૦૧ | ૫૦૧ |
| **હર્ષ-હિતેશ્રી** | | |
| શ્રી રાજેશભાઈ ભગવાનલાલ શાહના સુપુત્ર વઢવાણ હાલ : મીરા રોડ તથા શ્રી નરેન્દ્રભાઈ છોટાલાલ નંદાની સુપુત્રી જામનગર હાલ : મુંબઈ | ૨૫૧ | ૨૫૧ |
| **દીપ-નિશીતા** | | |
| શ્રી પરેશભાઈ ચંપકલાલ શાહના સુપુત્ર વડોદરા હાલ : યુ.એસ.એ. તથા શ્રી સમીરભાઈ પોપટલાલ શાહની સુપુત્રી અંકેવાળિયા હાલ : ગોરેગામ | ૨૫૧ | ૨૫૧ |

### કુ. તૃપ્તિ તથા કુ. પ્રીતિ જશવંતલાલ શાહ સ્વધર્મી સહાય યોજના

ઝાલાવાડી સ્થા. જૈન સભાનું સભ્યપદ ધરાવતા અને ઓછી આવકવાળા પરિવારોને આર્થિક સહાય માટેનું અરજીફોર્મ દર વર્ષે ભરવાનું હોય છે. આ ફોર્મમાં સ્થાનિક પ્રતિનિધિ અથવા કાર્યવાહક સમિતિના સભ્યની ભલામણ માટેની સહી કરાવવાની હોય છે. ફોર્મ સાથે છેલ્લું ઈલેક્ટ્રિક બીલ/રેશનકાર્ડ/મેડિક્લેમની ઝેરોક્ષ/મેમ્બરશિપ નંબર અથવા રસીદની ઝેરોક્ષ તા. ૧૫-૦૫-૨૦૨૦ સુધીમાં સ્વધર્મી સહાય યોજના માટેનું ફોર્મ ભરીને ઑફિસમાં જમા કરાવવાનું રહેશે.

**કન્વીનર, સ્વધર્મી સહાય યોજના**
**શ્રુતિબેન મયંકભાઈ શાહ**
**નવીનભાઈ પી. જશવાણી**

# ખુલ્લું ઘર

**નારાયણ દેસાઈ**




મૂળ જર્મનીથી આવેલા પાદરી ફાધર કુન્ત્સે બ્રાઝિલના સાઓ પાઓલા શહેરની એક ઝૂંપડપટ્ટીમાં સ્વેચ્છાએ નિવાસ સ્વીકાર્યા હતો. એક વાર દેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં ભયંકર દુકાળ પડ્યો ને લોકો ગામડાંમાંથી ઉચાળા ભરીને શહેર તરફ આવવા માંડ્યા, ત્યારે શહેરના લોકોએ છાપાંને પત્રો લખીને કહ્યું કે શહેરની અનાજની દુકાનો લૂંટાવાનો ભય ઊભો થયો છે, એટલે દુકાનદારોને બંદૂકના પરવાના આપવા જોઈએ. ભૂખે મરતા લોકોના આ પ્રકારના સ્વાગતની વાત વાંચી ફાધર કુન્ત્સના હૃદયમાં જે પીડા થઈ તે તેમને ઉત્તર-પશ્ચિમમાં લઈ ગઈ. ત્યાંના કસ્બાના મુખ્ય દેવળમાં જઈને તેમણે જાહેર કર્યું કે પોતે ૨૧ દિવસના ઉપવાસ પર ઊતરે છે. શરૂઆતમાં તો લોકોએ એમની હાંસી કરી : ''ઉપવાસ કરવાથી ભૂખમરો ઓછો જ મટવાનો છે ?'' પણ ફાધર કુન્ત્સને તો ખૂંચતી હતી નગરજનોની હૃદયશૂન્યતા. તેમણે ચૂપચાપ ઉપવાસ ચાલુ રાખ્યા. બે દિવસ, ત્રણ દિવસ, ચાર દિવસ. લોકો વિચારવા લાગ્યા : 'આ તો દક્ષિણનો માણસ. એ આપણી ખાતર કષ્ટ વેઠે છે ?' કોઈ કોઈએ આવીને પૂછ્યું, ''અમે શું કરી શકીએ ? અમે તમારી જોડે ઉપવાસ પર બેસીએ ?'' ફાધરે કહ્યું : ''ભૂખે મરતા લોકોની પીડ જેમણે ખરેખર પિછાણી હોય તેઓ એક કામ કરે. પોતપોતાના ઘર બહાર એક પાટિયું મૂકી તેની ઉપર આટલું લખી દે : 'આ ઘર સૌને સારુ ખુલ્લું છે. અમારી પાસે જે કંઈ ખાવાનું હશે તે અમે તમારી સાથે વહેંચીને ખાશું. રોટલામાંથી બટકું બટકું. ને એય નહીં હોય તો સાથે બેસીને ભગવાનની પ્રાર્થના કરીશું. હવે એક પછી એક ઘરની આગળ 'ખુલ્લા ઘર'નાં પાટિયાં મુકાવા લાગ્યાં. ૨૧ દિવસને અંતે તો એ શહેરનાં હજારો ઘરો સામે એવાં પાટિયાં મુકાઈ ગયાં ને બંદૂકના પરવાના માગતું શહેર ભૂખ્યા લોકો સારુ ઘર ખુલ્લાં મૂકતું થઈ ગયું.

✱✱✱


## ગાંધી પરિવારનું ગૌરવ



**ચિ. ભવ્ય રાજુ ગાંધી**

(વઢવાણ નિવાસી હાલ-ઘાટકોપર)

શ્રીમતી ચેતના રાજુ ગાંધી ના સુપુત્ર
ચિ. ભવ્ય C.A. Final માં ઉત્તીર્ણ થયેલ છે.
ભવ્યને આ સિદ્ધી બદલ સર્વે કુટુંબીજન તરફથી
અભિનંદન
અને ઉજ્વલ ભવિષ્ય માટે
શુભકામના...
અને અંતરના આશીર્વાદ સહ

દાદા-દાદી : વસંતબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ ગાંધી
નાના-નાની : હેમલતાબેન અંબાલાલ છોટાલાલ ગાંધી

(Advt.)



**AMIT SHAH**
**(DEVELOPMENT OFFICER)**
**MOB : 9987022850**
**JOIN LIC AS AGENT**
**WITH**
**AMIT SHAH**
**(SENIOR BUSINESS ASSOCIATE)**
**EARN 10 LAKHS & MORE**

- SALARY 7000 P.M. (ADDITIONAL) + COMMISSION
- RENEWAL COMMISSION
- QUALIFICATION : SSC, HSC & ABOVE
- DOCUMENTS : PAN CARD,ADHAR CARD L.C., EDUCATION PROOF & PHOTO

**Office : Br. 935, Opp. Karena Hospital**
**Borivali (W)**
**Kandivali (East)**
**Nalasopara (East)**
**Mob.: 9987022850**

(Advt.)

# સમાચાર સંકલન

## ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજી લંડન દ્વારા પ્રતિભાવંતોને લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવૉર્ડ

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિજ્ઞાન અને અધ્યાત્મને જોડવા સતત પ્રયત્નશીલ ઈન્સ્ટિટયૂટ ઑફ જૈનોલૉજી યુ.કે. અને ભારત દ્વારા ગુજરાત વિશ્વકોશ ભવનમાં અમદાવાદમાં એવૉર્ડ વિતરણ સમારંભ યોજાયો.

ચંદ્રયાન મિશનના પ્રથમ હરોળના વિજ્ઞાની નરેન્દ્ર ભંડારી (અમદાવાદ) અને અનેક ગ્રંથોના રચયિતા, સંપાદક અને દાર્શનિક સાહિત્યના અભ્યાસુ ગુણવંત બરવાળિયા (મુંબઈ)ને તેમના ક્ષેત્રોની વિશિષ્ટ કામગીરી બદલ લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવૉર્ડ એનાયત કરવામાં આવેલ.

પદ્મશ્રી બાલકૃષ્ણ દોશી (વિશ્વના નામાંકિત આર્કિટેક) ગણપતરાય ચૌધરી (ઉદ્યોગપતિ અને જીતોના ચૅરમૅન) પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ (આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સાહિત્યકાર અને વક્તા) શ્રેયશભાઈ શાહ (અમદાવાદના જૈન અગ્રણિ શ્રેષ્ઠીવર્ય) અને ડૉ. વિનોદ કપાસી (મહાવીર ફાઉન્ડેશન ઈંગ્લેન્ડના ચૅરમૅનના હાથે શાલ, પુસ્તક, સન્માનપત્ર અને એવૉર્ડ અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે અનેક જૈન અગ્રણીઓ અને વિદ્વાનોની ઉપસ્થિતિ હતી.

## નવીનીકરણ મંગલ ઉદ્‌ઘાટન સમારોહ

શ્રી શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન સંઘ-કેરીબજાર સંચાલિત શ્રી લવજીભાઈ તુલસીભાઈ શાહ જૈન ભુવન માતુશ્રી વિમળાબેન કાંતિલાલ લવજીભાઈ શાહ - વર્ધમાનનગરનો નવીનીકરણ મંગલ ઉદ્‌ઘાટન સમારોહ તા. ૧૭-૦૧-૨૦૨૦ ને શુક્રવારે સવારે ૧૦.૦૦ કલાકે યોજાયો.

આ પ્રસંગે દાતાશ્રી પરિવારના (નરેશ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી. મુંબઈ) ૪ - સુપુત્રો

(૧) શ્રી ચંદ્રકાંતભાઈ શાહ - અ.સૌ. ચારુલતાબેન
(૨) શ્રી નરેશભાઈ શાહ - અ.સૌ. રંજનબેન
(૩) શ્રી પ્રકાશભાઈ શાહ-અ.સૌ. પ્રતિમાબેન
(૪) શ્રી વિપુલભાઈ શાહ-અ.સૌ.રૂપાબેન

હાજર રહેલ અને દાતાશ્રી પરિવારના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. દાતા પરિવારના સભ્યો આ પ્રસંગે પધારતા શ્રી કેરીબજાર સંઘના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તેમ જ વર્ધમાનનગરના શ્રાવક-શ્રાવિકાઓની હાજરીમાં ઢોલ-શરણાઈના સૂર સાથે કુમારિકાઓએ કંકુ-ચોખાનો ચાંદલો કરીને દાતાશ્રી પરિવારનું વાજતે - ગાજતે સ્વાગત કરેલ.

